હરિઃૐ

# જીવનપ્રેરણા



પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# જીવનપ્રેરણા

## (સાધક મિત્રોને પૂજ્ય શ્રીમોટાના પત્રો)


: સંપાદકો :

શ્રી હેમંતકુમાર નીલકંઠ

શ્રી નંદુભાઈ શાહ



હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, કુરુક્ષેત્ર, રાંદેર,
સુરત-૩૯૫ ૦૦૫. ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૦ | ૧૦૦૦ | ત્રીજી | ૧૯૯૧ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૮૩ | ૧૦૦૦ | ચોથી | ૨૦૦૭ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૪ + ૧૬૨ = ૧૭૬

❑ પડતર કિંમત : **રૂ. ૨૦/-**

❑ વેચાણ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ચોથી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાની વિચારધારા અન્વયે પોતાનો જીવનવિકાસ
કરવા મથનાર સ્વજનોનું વર્તુળ સતત વિકસી રહ્યું છે.
પૂજ્ય શ્રીમોટાનાં સદેહે દર્શન ન પામનાર કે સંપર્કમાં નહિ
આવી શકેલાં એવાં સ્વજનોમાં જેઓશ્રીનો સમાવેશ થાય છે,
અને
સહકારી ક્ષેત્રની બૅંકિંગ કામગીરીમાં પોતાની વહીવટી
કુશળતાથી જેઓ સમાજના ખપમાં આવી રહ્યા છે,
તેમ જ
પોતાની કાર્યશક્તિને ભક્તિભાવની ભિનાશ આપવા માટે
પૂજ્ય શ્રીમોટાનાં દર્શને જેઓ નિયમિત રીતે હરિઃૐ
આશ્રમ, સુરતની મુલાકાતે આવતા રહે છે, એવા
સુરતનિવાસી

**શ્રી ઠાકોરભાઈ મોહનભાઈ પારેખ**

અને તેમનાં ધર્મપત્ની

**શ્રી રતિકાબહેન ઠાકોરભાઈ પારેખને**

પૂજ્ય શ્રીમોટાની **'જીવનપ્રેરણા'**ની આ ચોથી આવૃત્તિનું
પ્રકાશન સમર્પિત કરતાં અમો આનંદની
લાગણી અનુભવીએ છીએ.

તા. ૩૦-૯-૨૦૦૭ — ટ્રસ્ટીમંડળ,
ભાદરવા વદ-૪ — હરિઃૐ આશ્રમ,
સંવત ૨૦૬૩ — સુરત

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પરસેવાની કાળી મજૂરી વિના, તે તે મોસમ વિશેની સમગ્ર અને સળંગ સમજ વિના, ખેતીવિષયના પાકા અનુભવના જ્ઞાન વિના, તથા યોગ્ય પ્રમાણમાં ખંત-કાળજી રાખ્યા વિના, જેમ ખેડૂત ખેતીમાંથી અનાજ ઉત્પન્ન કરી શકતો નથી, તેવી રીતે સાધકનું સાધના વિશે સમજવાનું છે. જે વિષયમાં જીવતા નિષ્ણાત થવું છે, તે વિષયનું ચિંતવન, મનન અને નિદિધ્યાસન પળેપળ થતું રહે તો જ તેમ થઈ શકાય. સાધના એ પણ સાધક પાસેથી તે બાબતનો સતત પુરુષાર્થ માગી લે છે. શ્રીભગવાનની કૃપા તો સર્વત્ર વિલસી રહેલી જ છે. એ વિષયનું આકર્ષણ તો જે રીતે જે **જીવ** મથે છે, તેને થયા જ કરવાનું છે, તે નિશ્ચિત હકીકત છે. પરમ મંગળમય કૃપાનું હોવાપણું તો છે જ, પરંતુ માનવી **જીવો** એને પોતામાં કામ કરતી અનુભવી શકતા નથી. તેમાં મોટી ખાટલે ખોડ તો આપણી પોતાની જ છે. કૃપા તો પ્રત્યક્ષ આપણી પડખે છે. એની પ્રત્યક્ષ સહાય લેવાને જે પળથી મરણિયો નિર્ધાર કરીને આપણે મંડતા થયા, તે પળથી જ કૃપાનો દર્શનઅનુભવ શરૂ થવાનો જ.

પળેપળ જીવનની સાધનાનો ભાવ જીવતો રહ્યા કરે એવી ચેતનાત્મક જાગ્રતિ રખાવવાને કારણે લખાયેલા કાગળોમાંનો આ એક નાનકડો સંગ્રહ છે. કર્મ માત્ર સાધનભાવે થયા કરે તો જ કર્મથી જીવનવિકાસ શક્ય છે, અને એવી રીતે થતાં કર્મ તે જ સાચી રીતે તો **કર્મ** ગણવાને યોગ્ય છે. બાકીનાં કર્મ તો **જીવ**ને **જીવ**દશામાં જ રખાવ્યા કરે છે, તેથી તે **જીવ**ને પોતાના જીવનવિકાસ અંગેની કંઈક અભિરુચિ છે, અને તેવી જાતનું જરાતરા વલણ છે, તેમને આ કાગળો કંઈક પ્રેરણા આપશે એવી અપેક્ષા છે.

માનવીનું જીવન કંઈક ઉચ્ચ આદર્શને કાજે છે અને એને માત્ર 'eat, drink and be merry-ખાઓ, પીવો અને લહેર કરો' એટલામાં જ પરિસમાપ્ત કરી દેવાનું નથી, પરંતુ એનાથી ઉચ્ચતર અર્થમાં જીવનનો હેતુ છે, એવું જે **જીવ**ને લાગે એવો **જીવ** માત્ર સંસારી ઘટમાળમાં જ પરોવાયેલો અને ગૂંચળું વળીને કદી પડી રહેલો હશે નહિ. ઉપર પ્રમાણેનો **જીવ** તો સતત મથનાર જ રહેશે. એવા **જીવ**ને માટે ટકોરવાને અને સંકોરવાને આ કાગળો લખેલા છે, તે વાચકને ખ્યાલમાં આવ્યા વિના રહેવાનું નથી.

મનને કેળવવાનું છે અને મન જીવનવિકાસમાં યોગ્ય રચનાત્મક મદદ કરી શકે એવું એને બનાવવાને આપણે મથવું જ પડશે. મનને નાથ્યા વિના એ નાથી શકાવાનું પણ નથી. મનનું વલણ જીવનવિકાસના માર્ગને અવરોધતું અટકી જાય, ત્યાં લગી સાધકે તે બાબતમાં સતત સાવધાની અને સાવચેતીથી, ખંતકાળજી રાખીને, સતત એકધારા પ્રયત્નમાં મંડ્યા રહેવાનું જ છે. તે વિના એનો ઉકેલ આવી શકે તેમ નથી. આ દીવા જેવી હકીકત સાધકને પૂરેપૂરી ખ્યાલમાં જો ઊગી ગઈ હશે, તો જ તેવો **જીવ** જીવનવિકાસને માર્ગે પ્રયાણ કરતો રહી શકવાનો છે. જે જાગતો હોય તે બોલાવ્યે ઝટ બોલી શકે છે, તેવી જ રીતે જે મથતો હોય તેને જ માર્ગનું દર્શન થઈ શકે છે. ભૂલા પડેલાનું જેને ભાન છે અને જેને સાચો રસ્તો ખોળવાની ઝંખના છે, તે તો રસ્તાની પૂછપરછ કર્યા કરશે જ. માર્ગે જે જે મળે તેને તે રસ્તા વિશેનાં એંધાણ પૂછવાનો જ. અને એમ સાચો માર્ગ મળી પણ આવે છે, એ પણ હકીકત છે. એવા મથામણપ્રદેશની કંઈક સમજણ આ કાગળોમાંથી જીવનમાર્ગના પ્રવાસીને મળશે એવી આશા છે.

હરિજન આશ્રમ, સાબરમતી **-મોટા**

તા. ૯-૨-૧૯૫૦

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

**'જીવનપ્રેરણા'** પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. પ્રથમ આવૃત્તિ ૧૯૫૦માં છપાયેલી. તે ખપી જતાં, જુદાં જુદાં સ્થળોએથી તેની માગ રહેલી. એ માગણીની જાણ અમે આશ્રમના અને પૂજ્ય શ્રીમોટાના અતિ નિકટના સ્વજન શ્રી પી.ટી. પટેલ (કુંજરાવ)ને કરી. અને તેમણે સહર્ષ આ બીજી આવૃત્તિ છપાવી આપવાની તત્પરતા દાખવી. એટલે તેત્રીસ વર્ષ બાદ આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થતી હોવાના કારણે પૂજ્યશ્રીનાં ઘણાં સ્વજનો પાસે આ પુસ્તક હોવાની શક્યતા નથી, એ કારણે પણ આ પુસ્તકનું વેચાણ ઝડપથી થાય તો નવાઈ નહિ.

આ પુસ્તકમાં ૧૯૩૯થી ૧૯૪૮ સુધીના જે પત્રો પૂજ્ય શ્રીમોટાએ લખ્યા, તેમાંના કેટલાકનો સમાવેશ થયો છે. મુખ્યત્વે આ પત્રોમાં સાધનાની થોડીક મંજિલ કાપેલા સાધકને તેની કક્ષા અને જરૂર પ્રમાણે માર્ગદર્શન આપવામાં આવેલું છે. છતાં કોઈ પણ વિકાસવાંચ્છુને ઉપયોગી થઈને રાહબર બની શકે તેમ છે. એ આ પુસ્તકની વિશેષતા છે.

પૂજ્યશ્રીના સાહિત્યના વેચાણમાંથી ઉપાર્જન થતાં નાણાં પણ લોકકલ્યાણનાં કાર્યોમાં જ વપરાય છે. એ વિશે હવે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર રહી નથી.

પ્રિય શ્રી પી. ટી. પટેલ અને તેમના પરિવારે આ પુસ્તક પ્રકાશનનો તમામ ખર્ચ ઉમળકાભેર ઉપાડી લીધો છે. તેમના તેવા

પ્રેમભાવ માટે તો શું લખું ? સને ૧૯૫૮ થી આજ સુધી તેમનો ઉમળકાભર્યો મીઠો સહકાર અનેક પ્રકારે આશ્રમને મળતો રહ્યો છે. એ અમારું સદ્‌ભાગ્ય છે. તેમનો અને તેમના પરિવારનો જેટલો આભાર અમે માનીએ તેટલો ઓછો છે.

આ પુસ્તકના મુખપૃષ્ઠની ડિઝાઇન શ્રી જય પંચોલીએ ઉત્સાહપૂર્વક કરી આપી છે. શ્રી રમેશભાઈ સરૈયા અને ભરતકુમાર સરૈયાએ હંમેશની જેમ નિરપેક્ષ સેવાભાવે સરસ બ્લૉક ઉમંગસહ કરી આપ્યો છે. અને દીપક પ્રિન્ટરીના કિરીટભાઈએ આકર્ષકપણે તેનો ઉઠાવ આપ્યો તથા પ્રણવ પ્રિન્ટર્સના શ્રી પ્રવીણભાઈ ગામીએ તથા તેમના કર્મચારીગણે ઝડપથી છાપી આપ્યું, એ બદલ એ સૌનો હૃદયપૂર્વક અમો આભાર માનીએ છીએ.

**નંદુભાઈ**

ગુરુપૂર્ણિમા, ત્રિચિનાપલ્લી — વ્યવસ્થાપક ટ્રસ્ટી,

તા. ૨૪-૭-૧૯૮૩ — હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના પત્રસાહિત્યનું પુસ્તક **'જીવનપ્રેરણા'**ની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમો હર્ષ અનુભવીએ છીએ. પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાં આધ્યાત્મિક વિજ્ઞાનની ઘણી જ મહત્ત્વની બાબતોનું વિગતે પૃથક્કરણ થયું છે. ભક્તિ અને જ્ઞાનની ભૂમિકાથી અને ભક્તિયુક્ત રીતિથી પ્રભુમય જીવન કેવી રીતે પ્રગટી શકે એના સમન્વયની રીત પૂજ્ય શ્રીમોટાએ રજૂ કરી છે. આ ઉપરાંત, તેઓશ્રીના હૃદયમાં પ્રગટેલ પ્રભુરૂપનું સાંકેતિક પ્રગટન પણ આ પુસ્તકમાં અનેક સ્થળે થયું છે. 'મોટા'નાં બાહ્યરૂપની લાક્ષણિકતાઓ તથા એનું કારણ તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આ અર્થમાં પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ભાવ રાખનારને 'મોટા'નાં અભિનવ દર્શન પણ થશે.

આ પુસ્તકના પ્રકાશન માટે હરિઃૐ આશ્રમને આર્થિક સહાય આપનાર દંપતી શ્રી હરિભાઈ નાથા તથા સૌ. મણિબહેન હરિભાઈ નાથા '(41, BATCH WORTH LANE, NORTH-WOOD, MIDDLESEX LONDON)ના અમે આભારી છીએ. ગં. સ્વ. ગંગાબહેન નાથાનો પણ અમે આભાર માનીએ છીએ. પૂજ્ય શ્રીમોટાના એક સમયના વિદ્યાર્થી તથા હાલ પૂજ્ય શ્રીમોટાના એક પ્રિય સ્વજન શ્રી નીછાભાઈ સોલંકી પૂજ્ય શ્રીમોટાના જીવનસંદેશનો પ્રચાર લંડનમાં ખૂબ ઉમંગ અને

ઉત્સાહથી કરે છે. અને હરિઃૐ આશ્રમને સદાય સહાય કરે છે. આ પુસ્તકના પ્રકાશન માટે પ્રેરનાર શ્રી નીછાભાઈ સોલંકીના અમો ઘણા આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકની પહેલી બે આવૃત્તિમાં કેટલાક પત્રો ઉપર મથાળાં ન હતાં. તેથી, શીર્ષકો મુકાયાં છે. ઉપરાંત, વિષયની સળંગસૂત્રતા જળવાય તે રીતે બેત્રણ પત્રો ક્રમમાં ગોઠવાયા છે. આ કામ ઉપરાંત, પુસ્તકના પ્રકાશનનું સંપૂર્ણ કાર્ય ડૉ. રમેશભાઈ ભટ્ટે પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પ્રત્યેના પ્રેમાદરથી કર્યું છે. એમની ભાવનાની અમે દિલથી કદર કરીએ છીએ.

દેશવિદેશમાં વસતી ગુજરાતી પ્રજા પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ખરીદીને વાંચે એવી વિનંતી છે. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોની આવક લોકકલ્યાણનાં કાર્યોમાં જ વપરાય છે, એ કહેવાની હવે જરૂર નથી.

**-ઝીણાભાઈ પટેલ**

તા. ૫-૫-૧૯૯૧

વ્યવસ્થાપક ટ્રસ્ટી

હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું એક પુસ્તક પોતાના હાથમાં લઈને 'મોટાનો શબ્દ મોક્ષે લઈ જનાર છે.' એ પ્રકારનું વિધાન ગુજરાતના એક સાધુપુરુષે કરેલું, તે સમયે પૂજ્ય શ્રીમોટાના સાહિત્યનું સંપાદન કરનાર સદ્‌ગત શ્રી રમેશભાઈ ભટ્ટની ઉપસ્થિતિ હતી.

જે જે સ્વજનો પૂજ્ય શ્રીમોટાના સાહિત્યનું સેવન કરે છે, તેમને ઉપરોક્ત વિધાનનો ખ્યાલ આવતો જાય છે. સને ૧૯૫૦માં પ્રકાશિત થયેલ **'જીવનપ્રેરણા'**ની આ ચોથી આવૃત્તિ પ્રકાશિત કરી સ્વજનોનાં કરકમળમાં મૂકતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ભાદરવા વદ-૪, સંવત ૨૦૬૩ — **ટ્રસ્ટીમંડળ,**

તા. ૩૦-૯-૨૦૦૭ — હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ત્રિગુણ લીલા | ૧ |
| ૨. | શ્રદ્ધા અને બુદ્ધિ | ૫ |
| ૩. | વિશાળતા | ૭ |
| ૪. | ખંત | ૧૦ |
| ૫. | દુઃખમાંથી જ્ઞાન | ૧૩ |
| ૬. | મુક્તનું કાર્ય | ૧૫ |
| ૭. | માનઆદર | ૨૪ |
| ૮. | વિજ્ઞાનશાસ્ત્ર | ૨૭ |
| ૯. | અનુભવનો મર્મ | ૨૯ |
| ૧૦. | સંસારનો હેતુ | ૩૧ |
| ૧૧. | આત્મનિવેદન | ૩૫ |
| ૧૨. | સદ્ભાવના | ૩૮ |
| ૧૩. | માનવજીવન | ૪૧ |
| ૧૪. | મા | ૪૬ |
| ૧૫. | સંતાત્મા | ૪૮ |
| ૧૬. | જાત્રા | ૫૧ |
| ૧૭. | વર્તનકળા | ૫૨ |
| ૧૮. | મન અને સંસાર | ૫૯ |
| ૧૯. | ‘મોટા’ની યાચના | ૬૬ |
| ૨૦. | ગુરુની યાદ | ૬૬ |
| ૨૧. | યજ્ઞ | ૭૦ |
| ૨૨. | સગાંસંબંધી | ૭૬ |
| ૨૩. | માનવદેહનું મહત્ત્વ | ૭૮ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૪. | સ્વધર્મ-આચરણ | ૮૧ |
| ૨૫. | પ્રાર્થનાભાવ | ૮૪ |
| ૨૬. | 'મોટા'નો અનુભવ | ૮૭ |
| ૨૭. | ગુરુની ધારણા | ૮૮ |
| ૨૮. | શ્રદ્ધા | ૯૧ |
| ૨૯. | સર્વમાં પ્રભુભાવ | ૯૩ |
| ૩૦. | 'મુક્તિ' | ૯૫ |
| ૩૧. | ગુરુની પૂજા | ૧૦૧ |
| ૩૨. | પ્રેમભાવ | ૧૦૨ |
| ૩૩. | ધ્યાન | ૧૦૪ |
| ૩૪. | ઉપયોગ | ૧૦૫ |
| ૩૫. | સંસારમાં સાધના | ૧૦૮ |
| ૩૬. | આધ્યાત્મિક ક્ષેત્ર | ૧૨૦ |
| ૩૭. | 'મોટા'નું સ્વરૂપ | ૧૨૭ |
| ૩૮. | 'જીવ' સ્વભાવ | ૧૩૮ |
| ૩૯. | સંક્રાંતિકાળ | ૧૪૭ |
| ૪૦. | સાવધાન | ૧૫૦ |

❑

# જીવનપ્રેરણા

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

## ત્રિગુણ લીલા ૧૯૩૯

પ્રભુમય જીવનની સમજણ અને તે અંગેની ભાવના, એ બંનેનું જ્યાં સુધી જીવનના તેવા અનુભવોમાં પાકું પરિણામ થાય નહિ, ત્યાં સુધી જીવનની ક્રાંતિનું એક ચક્ર પૂરું થતું નથી અને બીજું ડગલું ભરવાની દિશા તથા જગા વિશે આપણને જીવતો ખ્યાલ જાગતો નથી.

આપણને જેમાં ને તેમાં જેવી ને તેવી સ્થિતિમાં જડપણે જકડાવી રાખનાર તમસ છે. એક ને એક પ્રકારની લાગતી કોઈ ચોક્કસ મર્યાદાની ઘટમાળમાં તે આપણને રખાવ્યા કરે છે. ગતિ કરતું દેખાય, પણ હોય ઠેરનું ઠેર. કોઈ એક પ્રકારનું પરિમિતપણું, સ્થિતિસ્થાપકપણું અને નિષ્ક્રિયપણું એ તમોગુણનાં લક્ષણો છે. ઘણું કરતાં હોઈએ એવું લાગ્યા કરે, પણ જેનું કશું ધડ-માથું જ ન હોય અને પરિણામે નિષ્ક્રિયતા જ સાંપડે તેમાં ગતિ હોવા છતાં, તેવી ગતિમાં આંધળાપણું છે.

એટલે આપણે જો વિશેષ અર્થમાં ગતિ કરવી હોય, પ્રગતિ કરવી હોય, તો આપણા રજસ ગુણને આપણે ધકેલવો જ પડશે. બહારથી નિષ્ક્રિય જ દેખાતો કોઈ પણ પદાર્થ આપણી નજર સામે લો. અરે ! એક પથ્થરનો ટુકડો લો. તેની અંદર પણ કંઈક ક્રિયાઓ થયા જ કરતી હોય છે. જેનો એ ટુકડો બનેલો છે, તે અણુઓમાં સતત સ્થળનો ફેરબદલો, કંપન કે ચલન થયા જ કરે છે, પરંતુ બહારથી જોતાં તેવી ગતિનું કશું સ્પષ્ટ ચિહ્ન આપણને લાગતું કે દેખાતું નથી. છતાં આ યુગમાં

વિજ્ઞાને પુરવાર કર્યું છે કે પદાર્થમાત્રમાં આવી આંતરિક ક્રિયા અથવા ગતિ કે કંપન કે ચલન થયાં જ કરે છે. પળમાત્ર પણ તેવી જાતનું કર્મ અટકતું જ નથી, સતત ચાલ્યા જ કરે છે. વસ્તુમાત્રનો એવો ક્રિયાધર્મ અથવા તો જે ક્રિયામાં સતત ગતિશીલતા રહેલી જ છે, એટલે કે વસ્તુ માત્રનો એવો સહજ બની ગયેલો સ્વભાવ અને ધર્મ તે રજોગુણ. વધારે સાચી રીતે કહીએ તો તે વસ્તુ કે પદાર્થનું ખુદ હોવાપણું જે આપણે જાણીએ છીએ કે જોઈએ છીએ કે સમજી શકીએ છીએ, તેવું તે વસ્તુનું હોવાપણું જાતે જ તે વસ્તુના ઉપર કહ્યા તેવા ગતિશીલ ધર્મને (એટલે કે તે વસ્તુમાં સ્વાભાવિકપણે રહેલા રજોગુણને) આધારે છે. વસ્તુમાત્રનો એવો પ્રગતિશીલ-ભર્યો ક્રિયાધર્મ સતત વિકાસ પામ્યે જતો હોય છે, અને એમ કરતાં કરતાં એની ગતિશીલતા એટલી બધી વધતાં સમૂળી વસ્તુ પોતે હાલી ચાલી શકે એવી બની શકે છે. આ ઉપરથી સમજાય છે કે દરેકમાં, જડચેતન બધાંમાં એવો જે સહજ સ્વભાવગત ગતિશીલતાભર્યો ક્રિયાધર્મ રહેલો છે, તેને રજોગુણનું સ્વરૂપ કહી શકાય.

આમ, પ્રકૃતિમાં જ્યાં ને ત્યાં જે ફેરફાર થયા કરે છે, તે ફેરફાર થવાના કારણમાં પદાર્થનો ગતિશીલતાભર્યો સ્વભાવ મુખ્ય ભાગ ભજવતો હોય છે, પણ જો પ્રત્યેક વસ્તુમાં તમસ અને રજસ એ બે જ ગુણો હોત, એટલે કે પરિમિતિપણું, સ્થિતિસ્થાપકતા અને નિષ્ક્રિયપણું તથા ગતિશીલતા એટલામાં જ વસ્તુનો સ્વભાવ સમાપ્ત થતો હોત, તો વસ્તુ માત્રમાં જે પ્રકાર ભેદ છે તે ન હોત. તો જડ અને ચેતન અથવા તો પશુ

અને માનવી એવા ભેદો ન પડત. આવા દેખાતા ફેરફારનો જો ઊંડો વિચાર કરીએ તો માલૂમ પડે કે તે તે પદાર્થની સ્થિતિસ્થાપકતા (એટલે કે કોઈ એક ચોક્કસ પ્રકારની મર્યાદામાં જ હોવાપણું) અને તે સાથે સાથે જ તેની ઉપર કહેલી રીતની ગતિશીલતા ઉપરાંત, એક બીજો ધર્મ કે સ્વભાવ પદાર્થમાત્રમાં છે. સ્થિતિસ્થાપકતા અને ગતિશીલતાના ગુણધર્મોના પરિણામને લીધે જે ગોઠવણી થયા કરે છે, તે પણ પદાર્થનો ગુણ જ છે અને તેને પદાર્થનો સત્ત્વગુણ ગણાય. તેમાંથી નવા જ પ્રકારની વ્યવસ્થા કે પરિસ્થિતિ અથવા (આગળ જતાં) એવા અનુભવોની પરંપરાની યોગ્ય જ્ઞાનયુક્ત વ્યવસ્થા ઉદ્‌ભવતી હોય છે. આ વિશે જો વધારે વિચાર કરીએ તો પ્રત્યેક ચીજ પોત પોતાની સ્થિતિમાંથી સહજમેળે નીકળવાને સતત પ્રયત્ન આદર્યા જ કરતી હોય છે, તે પણ પ્રકૃતિના સહજ સ્વભાવનું એક લક્ષણ જ થઈ પડેલું છે.

આમ, જો આપણે આપણા જીવનના ધ્યેયને પરિણામ અપાવવાને કાજે જ્ઞાનપૂર્વક જીવતો ખ્યાલ રાખીને રજસના ગતિશીલતાભર્યા ક્રિયાધર્મને આપણાથી થતા જતા પ્રત્યેક કર્મમાં-વ્યવહાર, વર્તન, સંબંધ, વૃત્તિ, લાગણી આદિ દરેકમાં-એને ધ્યેયાકાર વૃત્તિમાં સ્થિર કરવાને જાગૃતિમાન રહ્યા કરતા હોઈએ તો ઘણો ફેર પડ્યા કરે. જીવનસાધનાનો આ એક મહાનમાં મહાન સૂક્ષ્મ પ્રકાર છે. આ પ્રકારની સાધના, પ્રત્યેક થતા જતા કર્મમાં જ્ઞાનપૂર્વકનો જીવતો ખ્યાલ રાખીને જવલ્લે જ કોઈ સાધક કરતો હશે.

આપણી પરિમિતતામાં જ્યારે જ્યારે જ્ઞાનપૂર્વકના

જીવનધ્યેયાકારની વૃત્તિ ગતિશીલતાભર્યા ક્રિયાધર્મમાં જીવતી-જાગતી બન્યા કરે, ત્યારે આપણને આધ્યાત્મિક અનુભવો થવાના જ અને એ અનુભવોમાં જ્ઞાનપૂર્વકની યોગ્ય પ્રકારની ચેતનાયુક્ત વ્યવસ્થિતિ જાગવાની જ. જ્યારે જીવ એવા અનુભવની દશામાં પ્રવેશે છે, ત્યારે જ આપણામાં ફરક પડતો જાય છે. એનું તાદૃશ્ય ભાન ત્યારે આપણને જાગી જતું હોય છે. જ્ઞાનપૂર્વકની ચેતનાની દશાની વ્યવસ્થિતિ તે સત્ત્વનું લક્ષણ છે. તેમાં સમતા છે, એકની એક સ્થિતિ છે, પરંતુ ચેતન છે-જડતા નથી.

પ્રત્યેક કર્મ આ ત્રણ ગુણને અંગે જ થાય છે. કર્મ એકનું એક હોય પણ તે તમસની ભૂમિકા ઉપરનું હોય તો તેનું પરિણામ જુદું હોય અને સત્ત્વની ભૂમિકા ઉપરનું હોય તો તેનું પરિણામ જુદું આવે. આ ત્રણેય ગુણના જુદી જુદી રીતના સંમિશ્રણથી જુદી જુદી ભૂમિકાવાળી જુદી જુદી દશાઓ જન્મે છે અને તે દશામાં થતાં જતાં કર્મનો પ્રકાર પણ જુદો જુદો જ બન્યા કરે છે. જ્યારે જ્ઞાનપૂર્વકની ચેતનાભરી જાગૃતિ સતત પ્રગટ્યા કરે છે, ત્યારે જે સમતાયુક્ત પ્રસન્ન મુદ્રાભર્યું મસ્ત 'ડોલન' પ્રગટે છે, તે સાત્ત્વિક ભાવનાનો પ્રકાર છે.

અને અંતે તો જીવની શિવપણામાં ગતિ થતાં તમસ 'સત્'માં-રજસ 'ચિત્'માં અને સત્ત્વ 'આનંદ'માં પરિવર્તન પામે છે.

હરિ:ૐ

## શ્રદ્ધા અને બુદ્ધિ ૧૯૪૧

શ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે વિરોધ દેખાયા કરે છે, કેમ કે સાધારણ રીતે આપણે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ફેર જોતા નથી. પ્રખ્યાત ગણાતા કેટલાકે અને સંત કહ્યો, તેથી-ફક્ત તેથી જ-ઘણા માણસો તેને પૂજવા મંડી જાય તેનું નામ અંધશ્રદ્ધા. તેથી જ તેમાંના ઘણા, વર્ષોના સમાગમ છતાં, કોરા જ રહે છે. સાચી શ્રદ્ધાની પારાશીશી પોતાનો જ આંતરવિકાસ, પોતાને જ થતા, વધતા જતા, લાભ અનુભવવાથી જે જામતી જાય એ શ્રદ્ધા. પૂજ્ય ગાંધીજી ઉપરની 'ગામડિયા'ની શ્રદ્ધા અંધ નથી, સાચી છે, કેમ કે તેઓ પ્રજામાં અને પોતાનામાં પ્રાણ પ્રગટાવવાને પ્રેરે છે, એવા એના અનુભવો છે.

સાચી શ્રદ્ધામાં બુદ્ધિનો ઉપયોગ છે જ અને તે શ્રદ્ધાને વધારવા માટે આત્માનો વિષય મનબુદ્ધિથી પર છે. માટે, ત્યાં બુદ્ધિ ન વપરાય, શ્રદ્ધા જ રખાય, એવી સામાન્ય માન્યતા છે, પણ એ તો મારા નમ્ર મતે અંધશ્રદ્ધા છે. ભૌતિકશાસ્ત્રની માફક આત્મસાક્ષાત્કાર પણ પ્રયોગસાધ્ય છે જો ખરી જિજ્ઞાસા, ખંત, આંતરનિરીક્ષણ, મળેલા સત્યને જીવનમાં ઉતારવા માટે ફના થઈ જવાની શક્તિ વગેરે ઉપકરણો હોય તો. એટલે એમાં પણ અનુભવસિદ્ધ શ્રદ્ધાની જ જરૂર છે, અંધશ્રદ્ધાની નહિ.

પણ ત્યારે બુદ્ધિ અને શ્રદ્ધામાં ફેર શો ? ચૈતન્યશક્તિના

આહ્‌વાનના કે કોઈ સંતની સહાયના લાભ અનુભવાય છતાં તેને કેવળ બુદ્ધિથી તો 'અકસ્માતની પરંપરા' ગણી કાઢી શકાય. यत्रः धूम्रस्तत्र वह्निः એવા સોએ સો ટકા નિશ્ચિતતાનાં અનુમાનો ઉપર જ વિશ્વાસ, એટલે કેવળ બુદ્ધિથી દોરાવું, પણ આવા સહાયકારી ઘણા અનુભવો થયા પછી તેથી ઊંધા એટલે દેખીતું દુઃખ અને નુકસાન આપનારા અનુભવો થાય, ત્યારે પણ આગલા અનુભવો સ્મરીને પોતાના પંથને વળગી રહેવું તથા શ્રદ્ધા ઊઠી જાય એ દિશાએ નહિ પણ એવા અનુભવોનું ઊંડું રહસ્ય શોધવા તથા તેનાં કારણો આપણી પોતાની કચાશમાં જ શોધવા બુદ્ધિને વાળવી તેનું નામ શ્રદ્ધા. ત્યારે બુદ્ધિ ઊંધું સમજાવવા મથે છે, પણ તેને મચક ન આપવી તેનું નામ શ્રદ્ધા. ગાંધીજીને અનેક વાર ચૈતન્યશક્તિએ મદદ કરી છે, તે અનુભવને આધારે જ તેમની શ્રદ્ધા આટલી અડગ છે અને તે નિરાશ નથી થતા.

કોઈ માનવી ખરું જોતાં કદી કેવળ બુદ્ધિથી દોરાતો નથી. પોતાનાં મંતવ્યો અને વર્તનને તે પોતાની બુદ્ધિ અનુસાર નહિ, પણ પોતાના આંતરસત્ત્વ (Inner Being) પ્રમાણે બહારના અનુભવો ઝીલીને ઘડે છે. આંતરસત્ત્વ એટલે મન, બુદ્ધિ, લાગણી, વાતાવરણ, પૂર્વકર્મો, અંગત સંજોગોની છાપ વગેરે. બુદ્ધિ તો તેને કેવળ યોગ્ય, ન્યાયયુક્ત ઠેરવે છે. બુદ્ધિ જાતે જ આ બધાંને રંગતી અને તેમનાથી રંગાતી હોવાથી અર્ધશુદ્ધ છે. તેથી, બુદ્ધિ ઉપર જ મદાર રાખનારા સત્યથી એટલા જ વેગળા રહે છે, જેટલા મંદબુદ્ધિ અંધશ્રદ્ધાળુઓ. વળી, એવાઓ

સદાય સંશયગ્રસ્ત અને તેથી પ્રાણહીન રહેવાનો પૂરો સંભવ છે. તેથી, સાચી શ્રદ્ધાને મદદ કરે એવા માણસને ઘડવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, એ એની મર્યાદા છે. એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં બુદ્ધિની ઘણી જરૂર છે, તેના વિના ચાલે જ નહિ, પણ બુદ્ધિનો સદુપયોગ કરવા માટે તેને અનુભવના પાયા ઉપર ઘડાયેલી શ્રદ્ધા અને મનોબળના ઘોડાની લગામ બાંધવાની જરૂર છે, નહિ કે ઘાણીના બળદના પાટા. આમ થવાથી બુદ્ધિ યોગ્ય માર્ગમાં સર્ચલાઈટની ગરજ સારશે અને તેથી માનવીનો વિકાસ થશે.

---

હરિઃૐ

## વિશાળતા

**કરાંચી, ૧૯૩૯**

આપણે બધી વસ્તુઓને અમુક દૃષ્ટિથી જોઈએ છીએ. પ્રત્યેકને પોતાની અંતિમ સ્વતંત્ર દૃષ્ટિ હોય છે. દરેક પોતાના અનુભવમાં આવતી સર્વ સ્થિતિમાં સુખ પ્રાપ્ત કરવા મથે છે. એનો અર્થ એ છે કે સારું અને નરસું ઓળખવાની દૃષ્ટિ આપણી પાસે પડેલી છે. જો આપણા વિકાસની જ દૃષ્ટિ આપણે કેળવવી હોય, તો તો પછી સારું જોવાની જ દૃષ્ટિ કેળવવાની રહી. નરસું જણાતાં, તેને ખ્યાલમાં ન આણતાં, એને આપણી વિચારસૃષ્ટિમાં પ્રવેશ જ ન કરવા દેવો એ જ આપણે માટે શ્રેયસ્કર છે. આ દૃષ્ટિ જેટલી વિશાળ બને તેટલી જીવનની સંવાદિતા વધે છે અને પારમાર્થિકતા અને તે જ પ્રમાણમાં સમભાવવૃત્તિ કેળવાય છે.

કોઈ પણ પ્રકારના મત કે વિચાર પ્રત્યે સહિષ્ણુતા કેળવવાથી જ આપણી દૃષ્ટિમાં વિશાળતા આવે છે. આપણાથી તદ્દન વિરુદ્ધ વિચાર કે આચારવાળાઓ પ્રત્યે પણ સહિષ્ણુ રહીએ કે રહેવાનો સતત પ્રેમપૂર્વક પ્રયત્ન કર્યા જ કરતા હોઈએ તો આપણી તટસ્થતા વધે છે. આમ થતાં થતાં કોઈ પણ પરિસ્થિતિમાં આ રીતે તટસ્થતા જાળવી રાખવાનું બળ મળે છે, ત્યારે જીવન ખૂબ વિશાળ બને છે. એમાંથી જે રસનિષ્પત્તિ થાય છે, એને લીધે જીવનમાં આનંદ, ઊર્મિ, ભાવ, ચેતના, વેગ વગેરે આપોઆપ આપણને મળ્યાં જ કરતાં રહે છે, સ્ફુર્યાં જ કરે છે અને હંમેશાં આપણને એક પ્રકારનો અલમસ્તપણાનો નશો રહ્યા કરે છે.

જગતમાં બધું આપણા ધાર્યા પ્રમાણે થાય એવો આગ્રહ શા સારુ હોવો જોઈએ ? અજાણતાં (સંસ્કારમાં એવી વૃત્તિ મળેલી હોવાને લીધે) આપણામાં સંકુચિતતાની વૃત્તિ રહેલી હોય છે, પણ જો આપણે આપણું સતત પૃથક્કરણ કરતા રહેતા હોઈએ તો આપણને ખબર પડ્યા વિના ન રહે કે ક્યાંક આપણે ખોટકાઈએ છીએ. આપણે વિચારેલું કે આપણું જ માનેલું બધાં માટે ઉપકારક છે, એવી માન્યતાના મૂળમાં સંકુચિતતાનું ઝેર રહેલું છે. આપણો ધર્મ આપણી જાતને ઓળખી લઈને 'શોધીને'-તેને સપ્રમાણતાથી અનુસરવાનો છે. તેમ કરી શકીશું ત્યારે જીવ, જગત અને ઈશ્વર વિશેની પાર વિનાની ભુલભુલામણીમાંથી આપણે ઊગરી જઈશું. સ્વધર્મના યથાર્થ પાલનમાંથી સાચી વિશાળતા જન્મે છે.

બે કિનારાને સ્પર્શીને નદીનું નીર અખંડ વહ્યા કરે છે, આવા સ્પર્શ છતાં કિનારો જે તટસ્થતા જાળવે છે, તેવી વૃત્તિ આપણે પણ સંસારના વહેણને સ્પર્શવા છતાં અને તેમાં વહેવા છતાં રાખવી જોઈએ. સંસારનું વહેણ અવિરતપણે વહ્યું રહ્યું છે, વહેતું રહેવાનું છે, એને આપણી લેશ પણ પરવા નથી, તો પછી આપણે આપણી જ પરવા રાખવી એમાં ડહાપણ અને ચતુરાઈ છે. આનો અર્થ એમ નથી કે આમાં જેને આપણે સ્વાર્થી કહીએ છીએ, આપમતલબી કહીએ છીએ, તેવા થવાની સલાહ આ છે. જે 'સ્વ'ને બરાબર ઊંડાણમાંથી સમજી શકે છે, તે જ 'સ્વ' અને 'પર'નો ભેદ અને 'સ્વ' અને 'પર'માંનો અભેદ સમજીને અનુભવી શકે છે. તેથી, તેનું એકેએક કાર્ય-વિચાર-વલણ વગેરે બધું જ જેમ 'સ્વ-અર્થ'ને અંગે હોય છે, તેમ 'પર-અર્થ' અથવા તો વધારે સાચું તો પરમ અર્થ માટે હોય છે. એટલે આપણો માર્ગ સમજી, નક્કી કરી જો અપણે સંસારની બધી સ્થિતિ અને પરિસ્થિતિને સહી લઈએ અને તે પ્રત્યે યોગ્ય તટસ્થતાભર્યું કુશળ વર્તન રાખીએ તો બધાંને-સર્વને–આપણામાં સમાવી લઈ શકીએ.

જે સર્વગ્રાહી અને સહિષ્ણુ છે, તે તો બધાંને વિનયપૂર્વક સમજવાનો પ્રયત્ન કરે છે અને પરિણામે એનું હૃદય અને બુદ્ધિ વિશાળ બને છે.

વિશાળ દૃષ્ટિ વિનાની સાધુતા નિરર્થક છે. એ 'સાધુતા' જ નથી. વિવેકબુદ્ધિ અને માનવતા ઉપરની ઊંડી શ્રદ્ધાનાં ફળરૂપે જ માનવીમાં વિશાળતાની ભાવના પ્રગટે છે અને તે

સાધુહૃદય થાય છે. સત્યને હંમેશાં દૃષ્ટિ સન્મુખ રાખીને વિવેકપૂર્ણ વિશાળતા જેટલી કેળવી શકાય તેટલું જીવન વધારે પ્રેમવાળું બને છે. એવું જીવન જીવવામાં કંઈ ઓર મજા આવે છે. એ રસનો સ્વાદ તો કોઈક વીરલા જ જાણે છે.

---

## ખંત

**કરાંચી,**

હરિઃ ૐ

૧૯૩૯

**જેને ખંત નથી જરાય દિલમાં, ઉદ્યોગશાળી ન જે,**
**ના ઉત્સાહ કંઈ કશો હૃદયમાં, ના ચીવટાઈ કશે,**
**એને રંગ ચઢે નહિ, દિલ નશો ના જામશે એહને,**
**માથે કામ લીધેલ તે નવ થશે એવાનું પૂરું કદી.**

જેને ખંત નથી એટલે કે અમુક લક્ષ્ય સિદ્ધ કરવા માટે તેની પાછળ ને પાછળ મંડ્યા રહેવાની ટેવ નથી, તેવાને કશાની પણ પ્રાપ્તિ થવી દુર્લભ છે. એવાને સિદ્ધિ મળે એવી આશા આકાશકુસુમવત્ છે એમ કહેવામાં પણ ભાગ્યે જ અતિશયોક્તિ ગણાય. ખંત ન હોય તેનો અર્થ જ એ કે એનામાં ઉત્સાહ નહિ હોય, ઉમંગ નહિ હોય. આળસુની જેમ, એદીની માફક, એ પોતાનું જીવન જેમ તેમ કરીને વિતાવ્યે જતો હશે.

જે જુસ્સો, જે અડગ સાહસ અને અથાગ પરિશ્રમ કરવાની નિશ્ચયાત્મક વૃત્તિ પોતાનો સંકલ્પ પાર પાડવા માટે માનવીમાં હોવી જ જોઈએ, તે વૃત્તિ અને તેના આનુષંગિક

ગુણો જેનામાં ખંત નથી તેનામાં કદી વિકસી શકવાના નથી. માણસે અમુક કામ પાર પાડવાનું ભલેને મનમાં વિચાર્યું હોય અને તેની યોગ્યતા તથા અનિવાર્યતા ભલેને એને બુદ્ધિથી સમજાઈ હોય તોપણ એ હેતુને સતત ખ્યાલમાં રાખીને એના ધ્યેયની પ્રાપ્તિ માટે મરી મીટવાની તમન્ના તો એની ખંતની ભાવનામાંથી જ જન્મશે. ખંતથી જે ચીવટાઈ, એટલે કે કાળજી અને ધારેલું કામ કોઈ પણ વિઘ્ન છતાં ન છોડી દેવાની અડગતા આવે છે, તેથી આપણને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ હૂંફ રહે છે અને આપણા સાધ્યથી આપણે વિખૂટા-અળગા-પડી જતા નથી. **લાખો નિરાશાની રાખમાંથી પણ ખંત અમર આશાનાં સોનેરી કિરણ પ્રગટાવે છે.** ખંતના ગુણની વૃત્તિ એની પરાકાષ્ઠાએ જો આપણે કેળવી શકીએ તો ગમે તેવું ભારે કર્તવ્ય ભલેને હોય, પણ તે સિદ્ધ થયા વિના રહેશે જ નહિ. આપણને ત્યારે એટલું બળ મળ્યું હશે કે આપણા વિચારમાં પણ મક્કમતા આવી જશે. સગડગ નહિ રહે અને વિચાર કાર્યમાં આકાર લેતો થઈ શકશે. ખંતીલા માનવી માટે શું અશક્ય છે ? વિશ્વામિત્ર ઋષિએ પોતે પોતાના સંકલ્પબળથી એક જુદી જ સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી એમ કહેવાય છે. ખંતીલો માણસ એક વાર જે નિશ્ચય કરશે તેને પાર પાડ્યા સિવાય તેને જંપ નહિ વળે, ચેન નહિ પડે અને એ ઠરી ઠામ બેસી રહેશે નહિ. ખંતથી આપણામાં ઉત્સાહ, ઉલ્લાસ, જોમ, હિંમત, સાહસની વૃત્તિ વગેરે અનેક ગુણોનો વિકાસ થાય છે. ખંતીલાપણાથી-કશાક એક જ પાછળ મંડ્યા રહેવાની વૃત્તિથી-આપણને તે વસ્તુ પ્રાપ્ત કરી લેવા માટેની

દૃષ્ટિ પ્રત્યેક ડગલે મળતી જાય છે. એમાં આવતી કે પડતી ગૂંચોને ઉકેલવાની સમજ પણ સાથે સાથે ખંતમાંથી આવે છે. ખંતીલો મનુષ્ય સંજોગો અને વસ્તુસ્થિતિ કે પરિસ્થિતિથી પર વસે છે. એની પાંખો ગગનવિહારી બને છે. એની આશાની દુનિયામાં એ મહાલતો રહે છે. એ અને એનું કામ, એમાં જ સર્વસ્વ સમાયેલું એને લાગે છે. બીજાં બધાંનું અસ્તિત્વ એ ભૂલી જાય છે. બીજાં બધાં તરફથી દૃષ્ટિને એણે પોતાના જ કાર્યમાં પરોવી દીધી હોય છે. એથી, એની કાર્યવેધકતા અનેકગણી વધી જાય છે. એની કલ્પનાદૃષ્ટિ પછી માત્ર કલ્પના જ નથી રહેતી, પણ વહેવારમાં રહીને દિવ્ય ભૂમિકાને એ પોતાનામાં ઉદ્‌ભવાવે છે, અને એમાંથી એ કોઈ દૈવી બળ પ્રાપ્ત કરે છે, અને પાછું એ બળને સાધન તરીકે ઉપયોગ કરીને એ આગળ વધ્યો જ જાય છે.

ખંતનો મુગટ વિશ્વાસ છે, એનું હૃદય શ્રદ્ધા છે. એના હાથપગ ચીવટાઈ છે અને એના પ્રાણ એ એની તમન્ના છે. ખંત વિના તમન્ના ટકતી નથી, એમાં જોશ નથી આવતું. એકલી તમન્નાવૃત્તિ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપી નહિ શકે. આદર્શને જીવનમાં વણી નહિ શકે કે ઉતારી નહિ શકે. ખંતની પાંખ સતત ચિંતવન છે. ખંતનો આત્મા ધીરજ છે. ખંતવાળો માણસ એક જ પગથિયું સર કરવાનો વિચાર રાખે છે અને તે શક્તિનો ઉપયોગ તે બીજું પગથિયું-જે ત્યારે દૃષ્ટિ સમક્ષ આવી પડેલું હોય છે-તે મેળવવામાં કરે છે. ખંત વિનાનો પુરુષાર્થ એ પુરુષાર્થ જ નથી. એમાં પ્રાણ જ ન હોઈ શકે. ખંતથી સર્વ કંઈ શક્ય છે.

હરિઃૐ

## દુઃખમાંથી જ્ઞાન

**કરાંચી,** ૧૯૩૯

કોઈ પણ બાબત ઉપર અતિશય વિચાર થાય અને તેમાંનું કંઈ પણ આચરણમાં ઊતરે તેવું ન હોય, તો તે આખી વિચારસરણી જ ઘાતક છે. વિચારને પરિણામે જ આપણું આચારબળ વધે એ રીતે વિચાર કરવાની ટેવ પાડવામાં જ આપણી માણસાઈ રહેલી છે. વિચારોમાં એવું પ્રાબલ્ય હોય છે કે તે જીવનમાં આચારમાં ઘણો ફેરફાર કરી મૂકે છે. વિચારોમાં રહેલી આવી શક્તિનું એક કારણ તેમાં ભળેલી ભાવનાની શક્તિ છે. ભાવનાનું પ્રાબલ્ય એટલું ભારે છે કે જે સંસ્કારોથી ભાવના પોષાય અને જે સંસ્કારોને ભાવના પોષે તેનાથી માનવીનું આખું જીવન ઘડાતું જાય છે. એટલે સુખદુઃખને ઝીલવામાં પણ સંસ્કાર મોટો ભાગ ભજવે છે. (સંસ્કારને લીધે ઘડાયેલી) અસાત્ત્વિક વૃત્તિઓથી પોષાયેલું જીવન દુઃખના માનસિક ઝંઝાવાત સમયે કેટલીક વાર પોતાનો નાશ કરવા સુધી પણ તૈયાર થઈ જાય છે. આ પ્રકારના વર્તનથી દુઃખ સહન કરવાની શક્તિ તો ક્ષીણ થાય છે જ, પણ તે ઉપરાંત, જીવનમાં અસંતોષ, ઉદાસીનતા, અસમતા વગેરે આત્મઘાતક તત્ત્વો પ્રવેશ કરે છે અને પરિણામે જીવન જીવવા જેવું નથી રહેતું.

લાગણીના આઘાતથી આપણો ઉત્સાહ અને જીવન જીવવાનો રસ મોળો ન પડી જાય એ ખાસ સંભાળવાનું છે. દુઃખમાં આપણે આપણી દશાને એટલી અસહ્ય બની ગયેલી

માની લઈએ છે કે પછી આપણે આપણો આત્મવિશ્વાસ ગુમાવી બેસીએ છીએ અને જીવન વિષાદમય બનવા દઈએ છીએ.

પણ દુઃખની લાગણી નિવારવાનો માર્ગ નોખો છે. ઇંદ્રિયો પોતાના વિષયોને સ્પર્શે છે, ત્યારે તેમાંથી સુખદુઃખનાં પ્રતિબિંબ ઊઠ્યાં વિના રહેતાં જ નથી. આ સમજણને આપણે અંતરમાં ઊંડે ઉતારવાની જરૂર છે. આપણે આ વાતને માત્ર બુદ્ધિથી સમજીએ છીએ એટલું પૂરતું નથી. એને જો આપણે ભાવથી, લાગણીથી સમજી લઈએ તો પછી એમાં રસ નહિ લઈએ એટલું જ નહિ, પરંતુ સાક્ષીભાવ રાખી શકીશું. આમ થતાં થતાં પછીથી કોઈ પણ જાતની લાગણીઓના હુમલા સમયે ટકી રહેવાની શક્તિ આપણને લાગશે.

કોઈ પણ વાતને અંતરના ખૂબ ઊંડાણમાં સ્થિર કરી મૂકવાનો એક સચોટ માર્ગ તે ભાવનાનું સતત રટણ છે. આપણી દૃષ્ટિમાં, વાણીમાં, શ્વાસોશ્વાસમાં, પ્રત્યેક વિચારમાં, પ્રત્યેક કાર્યમાં (પછી તે ગમે તેવાં હોય) એ ભાવનાનું લાગણીપૂર્વક ઉત્કટપણાથી ભાવ સાથે સ્મરણ કર્યાં જ કરો, પણ આમ થયા પહેલાં આપણે સંપૂર્ણ નમ્ર બનવું જોઈએ. આ કરવાથી આવી વૃત્તિ આવશે. એમ થતાં આનંદની સ્થિતિ પ્રાપ્ત થશે.

વળી, આપણા સ્મરણમાં અમુક પરિણામ થશે એવી ભાવના ન હોવી કે ન રહેવી જોઈએ. માત્ર જે કરતા હોઈએ તેમાં, સર્વ કંઈમાં અને સર્વ કંઈ દ્વારા ઉપર જણાવેલી ભાવનાના સ્મરણમાં રત રહેવામાં કરાય તો એમાંથી જ જે

રસ મળે તે જીવનવિકાસના માર્ગે આપણાં પગલાં પાડ્યાં કરે. આપણે આવું કરીએ છીએ એવી અહંતા પણ એમાં ન રહેલી હોય એટલી નમ્રતાપૂર્વક અને ભાવનાપૂર્વક એ સ્મરણ થવું જોઈએ.

આવી સાધનામાં બે પગથિયાં છે-શ્રદ્ધા અને નિષ્ઠા. એ ભાવો કંઈ કેળવ્યા કેળવાતા નથી. એ તો સ્વયમેવ રહેલા છે અને પ્રત્યેકમાં છે, પણ એનું યોગ્ય પરિશીલન થતાં એના અંકુરો ફૂટેલા દેખાયા કરશે. એ તો સ્વયંપ્રકાશિત છે. જીવનમાં સાત્ત્વિક સંઘર્ષણ ઊભું થાય છે, ત્યારે હૃદયમંથન થાય છે, એવા મંથનમાંથી નવનીત લઈ લેવાનો ક્રમ જાણવો અનિવાર્ય છે અને એ મથનારને આપોઆપ સૂઝે છે જ. એની રીત બતાવ્યે કે સમજાવ્યે સમજી શકાય એમ નથી. એ તો આપોઆપ ઊગે જ છે.

---

## મુક્તનું કાર્ય

**સાયલા,**
૧૯૪૬

હરિઃૐ

(ગઝલ)

**સ્મરણ મનમાં ઊઠે જ્યારે સ્વજનકેરું મને ઊંડું,**
**સ્વજનના સૌ વળાંકોનું નીરખવું ત્યાં બને કેવું !**

**સ્વજનનું તેવું નીરખાતાં હૃદયમાં દાહ લાગે છે,**
**ન જંપી બેસી રે'વાયે સ્વજનને ઠોક દેવાયે.**

**મળેલાં કર્મમાં પૂરું લગાડે ચિત્ત જે જે ના,**
**શકે જઈ કર્મની પાર કદી કો રીતથી તે ના.**

**સ્વજનની લહે હૃદયમાં જે મને લાગેલ છે ભારે,**
**સ્વજનમાં મન પરોવાથી બકાવી તે મને મારે.**

**દયા કરજો, દયા કરજો મળેલું કાર્ય દીપવજો,**
**બચાવી, લાજ રાખીને, સ્વજનને હું ભરોસે છું.**

આજે સવારે તમારો તાર મળ્યો. 'Felicitations May He bless us.' ભગવાનને ચરણકમળે સર્વ કંઈ આપણું જે જે હોય તે ખુલ્લે ખુલ્લા દિલે સરળતાથી મૂકતાં જવામાં જે હૃદયથી મુક્ત થતું જતું પોતાને અનુભવે છે, એવા જીવને તો એવું એવું કરવામાં સર્વ પ્રકારનો આનંદ જ રહ્યા કરે છે અને એમ કરવામાં પોતાના જીવનનો વિકાસ થતો રહે છે, એવાં એને એમાંથી ભાન અને જ્ઞાન પણ જાગે છે. જેમ કર્મના સંસ્કાર ચિત્તમાં પડેલા રહ્યા કરે છે અને સતત પડ્યા કરતા હોય છે, અને તે ક્યારે ઊગી નીકળશે તે, કોઈ પણ ચોક્કસપણે કહી શકતું નથી, તેમ એવી ભગવદ્‌શક્તિ કે ચેતનશક્તિવાળા આત્માની અસર આપણા અંતઃકરણમાં પડે છે, અને ત્યાંથી મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહંકાર દ્વારા જ્યારે વ્યક્ત થવા માંડે ત્યારે જ તે સ્થૂળમાં પ્રસરવા માંડે છે. એટલે પહેલાં તો તેવી અસર સૂક્ષ્મમાં થાય છે, અને તે પછીથી જ સ્થૂળમાં જાય છે, જેમ બાળક તદ્દન નાનું હોય છે, ત્યારે તે ભાષાના કે વાક્ય કે શબ્દના જુદા જુદા અર્થ નથી સમજતું, પણ પહેલાં એનો ભાવ પકડતું થઈ જતું હોય છે, તેમ સંત લોકોને કોઈ અગમ્ય

ગૂઢ નિમિત્તથી જુદી ભાષાવાળાના પરિચયમાં આવવાનું બનતાં તેનો સ્થૂળ અર્થ ન સમજે, કિંતુ સૂક્ષ્મ અર્થ ભાવરૂપે સમજી જાય. તેમ આવા ભગવાનના ભાવવાળા આત્માની અસર તો સૂક્ષ્મમાં પડ્યા વિના રહેતી નથી, પરંતુ એને વ્યક્ત થવા દેવાની સ્વતંત્રતા આપણા ઉપર અવલંબી રહે છે. કોઈ પણ વૃત્તિ મનમાં ઊઠે છે, તો તે એનો ભાગ ભજવ્યા વિના રહી શકતી જ નથી, તે તો જાણીતી જ વાત છે અને બુદ્ધિથી પણ કબૂલ કર્યા વિના ચાલે તેમ નથી, તેવી જ રીતે તેવા તેવા જીવાત્મા વિશેના અંતરમાં પડેલા સંસ્કાર તેનો ભાગ ભજવ્યા વિના રહેવાના નથી, આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ તોપણ. એટલે તો આપણામાં સંતસમાગમનો મહિમા અપાર ગાયેલો છે, અને તે હકીકતે બુદ્ધિથી સમજી શકાય તેવો છે, કારણ કે એવા લોકના જીવનનો સંપર્ક અને એમને મળેલો ભાવ અથવા આપણો તેમના વિશેનો જેવા જેવા પ્રકારનો હૃદયથી સદ્‌ભાવ પ્રગટ્યો હશે તે, એના જે સંસ્કાર પડ્યા હશે તે, આજ નહિ તો કાલ જાગ્યા વિના રહેવાના જ નથી, એવું એનું વિજ્ઞાનશાસ્ત્ર છે, પરંતુ એનો સમગ્ર આધાર આપણા પોતાના જીવતા થયા ઉપર સવિશેષપણે રહ્યા કરે છે.

સાધકે કોઈ પણ પ્રકારની મડાગાંઠ વાળીને બેસવું ન જોઈએ, તો જ તે વિકાસાત્મા થઈ શકે. જ્ઞાનભક્તિપૂર્વક સ્વભાવને સમજી સમજીને પ્રત્યેક આવરણ વગેરેથી મુક્ત બન્યા જવાય, એમ પ્રત્યેક થતાં જતાં કર્મમાં આપણે પ્રવર્તવું જોઈએ. એનું જ નામ આંતરિક સાધના છે, અને તેવું થવાવા કે વર્તવા માટે એકલું શુષ્ક, ખાલી બુદ્ધિનું બળ કામ નહિ આવી શકે. એકલું વિચારનું બળ પણ તે માટે પૂરેપૂરું

ઉપયોગનું નથી. સમજણની જાગેલી ભાવના, કર્મના આદિ, મધ્ય અને અંતમાં જીવતી બને, એ કાજે અંતરમાંની ચેતના-શક્તિની સતત ધગધગતી પ્રચંડ જાગૃતિ વિના તેવું થવું કદી પણ શક્ય નથી. એ માટે તેવા પ્રકારનું મનોબળ પ્રગટાવવું પડશે. પ્રત્યેક કરણ-આધારની સાત્ત્વિક શુદ્ધિ કરી કરીને દૃઢ નિશ્ચયાત્મક શક્તિ આપણે પ્રગટાવવાની છે. સર્વ પ્રકારની અને સર્વ ભાવની જીવનના એકે એક પ્રવર્તતા ક્ષેત્રની પૂરેપૂરી આંતરબાહ્ય શુદ્ધિ થયા વિના ખરેખરી અને પૂરી સાધના થઈ જવી કદાપિ શક્ય નથી. સાધનામાં પ્રાણ પ્રગટાવવા માટે, જીવતો ભાવ જગાડવા માટે, એવી શુદ્ધિની અનિવાર્યતા છે. એને કાજેનું બળ કે શક્તિ કંઈ બહારથી આવતાં નથી. તે તો આપણામાં જ રહેલાં છે.

જેમાં મનને રસ છે, જે મનને ગમે છે, તેવું કામ કરવાને તે પોતે સર્વ કાંઈ મૂકતો* જતો હોય છે. એટલે કે તેવાં તેવાં કામને કાજે પોતે બીજું બધું જતું કરીને એકાગ્રપણે તેમાં જ પરોવાઈ રહેવાનું કર્યાં કરે છે, એ તો અનુભવની વાત છે. આમ, બધો આધાર મનને રસ પડાવવા વિશે રહેલો છે, અને તે માટે એ જ વિષયનું અધ્યયન, ચિંતવન, પરિશીલન રહ્યા કરે અને તે ઊંડું, હૃદયમાં ઊતર્યાં કરે, તે માટે તે તે પળે તેમાં હૃદયની સળંગ અને સમગ્ર ભાવના કેંદ્રિત, એકાગ્ર, એકાંગી કેળવાયા જતી પ્રવર્ત્યા કરે, અને તે પણ જ્ઞાનભક્તિ-પૂર્વક, તો જ તે સૂક્ષ્મમાં ઊતર્યા કરવાનું છે.

---

* છોડતો

બાકી, 'સંત લોક' જેને આપણે ગણીએ છીએ તે તો સૂકાં લાકડાં જેવા છે. એને રસમય, ભીના, આપણા વિશે રખાવવા તે કામ આપણું છે. તે જેટલું જીવતું રાખીશું તેટલું તેઓ આપણા વિશે પરોવાયેલા રહી શકવાના છે, અને એવોયે પાછો કશો નિયમ ઉપરથી તો તેઓ પાળતા જણાતા હોતા નથી. તેઓ પાળતા પણ હોય છે અને નથી પણ પાળતા હોતા. એમનો કાયદો બધો અંતરનો હોય છે. એને નિયમ હોય છે અને નથી પણ હોતા. તેથી, ત્યાં માત્ર નર્યું માનવીના અજ્ઞાન જેવું સ્વચ્છંદ પ્રવર્તે છે, એમ માનવાની ભૂલમાં પડવાનું નથી. એમને તો જે તે દીવા જેવું બધું સ્પષ્ટ હોય છે. તેથી, એમને સ્થળ, કાળ, મર્યાદાની સમજણ રહે છે અને પ્રત્યેકનાં ઉદય, સ્થિતિ અને લયના ભાવની પણ સમજણ સહજપણે-નિમિત્ત થવાતાં-પ્રગટ્યાં કરે છે, જેમ આરસીમાં કંઈક સામે આવતાં તેમાં દેખા દે છે તેમ, એટલે તેઓ જાણે હાલતા ચાલતા ન હોય તેમ વર્તે છે. તેમના પેટનું પાણી પણ ન હાલતું હોય અને હાલતું હોય તો એટલા વેગવાળું હોય કે તેમની લાગણી-ભાવના (તે વેળાની) કોઈ પણ માનવીની લાગણી-ભાવનાની સાથે સરખાવી શકાય તેવી હોતી નથી. એ કશામાંયે કશાથી ચલિત થતો નથી અને ચલિત થાય છે તો તેની સહજ ગતિમાં. એટલે એની સ્વયંભૂ ગતિમાં ચલિત થતો હોય છે. એને બધા માનવી પોત પોતાની રીતે ત્યારે જે સમજવાનું કરે, તેમાં તેવી સરખામણીને સ્થાન જ નથી. બંનેની વર્તમાન એટલે કે ચાલવાની ભૂમિકામાં આસમાન જમીનનું

અંતર હોય છે. સોનું અને સોનાની ભસ્મ-બંનેનું તત્ત્વ તો એક જ છે, પણ બંનેના ગુણ જુદા જુદા હોઈ શકવા પૂરતો સંભવ છે. બાળકની એક ભૂમિકા હોય છે, મોટા માણસની તેનાથી જુદી હોય છે. બંનેનું વિચારવાનું પણ જુદી જુદી રીતે બને છે. મોટા માણસની વિચારવાની ભૂમિકા પણ તેમની જેવી જેવી અને જેવા જેવા પ્રકારની ગુણવાળી બુદ્ધિ, સંસ્કાર, વાતાવરણ, ભાવના રહ્યાં કરેલાં કે કેળવાયેલાં હશે, તેમ તેમ તેવી તેવી તેમને તેમની વિચારસરણીમાં ફરક પડવાનો જ છે. જેવું કામ કે વિચાર એક માણસ કરે તેવું કામ કે વિચાર તેટલું જ અને તેવી જ રીતે બીજું નહિ કરી શકે.

ભાવ એ વિચારનું અવ્યક્ત મૂળ અને વિચાર એ ભાવનું વ્યક્ત રૂપ છે. એટલે ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું છે, પણ ‘ભાવ’ એ શું એની તો હજુ ગતાગમ માનવીને જ્યાં સુધી પડેલી નથી, ત્યાં લગી એનું બાહ્યસ્વરૂપ, ભાષા, વિચાર, વર્તન, કર્મ, તેમાં વિચારભાવ, જ્ઞાનભક્તિપૂર્વક સાધનાથી પ્રેરવવો રહ્યો. એવા પ્રત્યેક સ્થૂળમાં ભાવ પ્રેરવવાનો જીવતો અભ્યાસ કેળવવાનું બન્યા જતાં અંતસ્થ ભાવ છતો થવાનો જ, અને એ છતો થતાં બાહ્યમાં એટલે કે વ્યક્તમાં-સ્થૂળમાં-પરિણામ પામતો જવાનો, એટલે તેનો જ્યાં જ્યાં જીવતો સ્પર્શ થવાનો, ત્યાં ત્યાં તેમનું તેમનું રૂપાંતર પણ થતું જવાનું. આમ, કર્મને મહત્ત્વ આપવા છતાં તેનાથીયે સવિશેષ મહત્ત્વ માનવીએ કર્મના આદિ, મધ્ય અને અંતમાં સતત એકધારો ગંગાના પ્રવાહના જેવો હૃદયનો ભાવ પ્રેરવવાનો અભ્યાસ જીવતાં કર્મો કરવામાં જ સળંગ, સમગ્ર લક્ષથી રાખ્યા

કરવાનો છે. પ્રત્યેક કર્મમાં જેનો એવો ભાવ જ્ઞાનભક્તિપૂર્વક રહ્યા કરતો હશે, એને ક્યાંયે છેતરાવાપણું નથી. એવાનો રક્ષક એનો ભાવ જ બન્યા કરે છે. એના હૃદયમાં જાગેલી સદ્‌ભાવના અભેદ રૂપે જ પ્રવર્ત્યા કરશે, અને એને અંતરથી યોગ્ય કર્મની ભૂમિકામાં જ પ્રાણવાળો રખાવશે. જેનામાં એવી સદ્‌ભાવના પ્રવેશતી હોય છે, જેના વિશે એ કેંદ્રિત, એકાગ્ર અને એકાંગી બને છે, તેને એ પોતાનું જ સાધન બનાવી લે છે. અને તે બંને જાગતાં-એકભાવે તાદાત્મ્ય સાધી શકે છે. એટલે આપણા હૃદયની તેવી સદ્‌ભાવના તેને પણ તેવી રીતે જ પ્રવર્તાવશે.

આમ, જે માનવી પોતાની ભાવના કેળવવાના એકમાત્ર કર્તવ્યમાં જ નિર્ભય અને નિર્ભર, મસ્તપણે રહ્યા કરે છે, તેનું તેના હૃદયની જીવતી થયેલી ભાવનાથી અતિરિક્તપણે કશું પણ અકલ્યાણ કરવાને કોઈ પણ શક્તિમાન થઈ શકતું નથી, પરંતુ માનવી પોતાની એવી સદ્‌ભાવના સાથે પોતાનામાં પડી રહેલા કે બની ગયેલા આકારવાળા વિચારો, માન્યતા, સમજણ, ટેવ, આગ્રહ આદિ તેમાં (સદ્‌ભાવનામાં) ભેળવ્યાં કરીને જે તે બધું તે આધારમાપથી સમજવાનું કે વર્તવાનું કર્યા કરે છે, ત્યાં તે પોતે ભૂલથાપ ખાય છે. તેથી, તેવો માનવી પોતે પૂરો કેળવાઈ શકતો નથી અને તે યોગ્ય કળી શકતો પણ નથી. તો પછી એનું શુદ્ધ સ્વરૂપ એને હાથ તો ક્યાંથી લાધી શકે ? જેમ કેટલીક વાર દવા એકની એક હોય પણ અનુપાન જુદાં જુદાં હોય તો જુદી જુદી અસર નીપજ્યાં કરે છે. તેમ સદ્‌ભાવના સાથે જે જે બધું પોતામાંનું ભળ્યાં કરે છે,

તેથી કરીને પેલી સદ્ભાવનાની અસર કે મહત્ત્વ મોળાં પડતાં જાય છે. માટે જ માનવીએ સતત જીવતું ભાન રાખીને સર્વ પ્રકારથી મુક્ત બન્યા કરવાનું એટલે કે હૃદયનો સદ્ભાવ જ કેળવ્યા કરવાનો છે. જેમ કોઈ વૈજ્ઞાનિકને અમુક જાતનો પ્રયોગ કે શોધ કરવાની હોય તો તે તેમાં જ મશગૂલ રહ્યા કરે છે અને બીજા કશામાં પ્રવર્તવા છતાં અંતસ્થપણે તો તેનું ચિત્ત પેલા પ્રયોગના વિચારમાં જ રમ્યા કરે છે, તેમ જીવનમાં મહત્ત્વ અને રસ પેલી જે શોધ કરવાની છે, તેમાં જ તે સહજ મેળે-એના ધોરણે-પ્રવર્તાયાં કરવામાં રહેતાં હોય છે, અને બીજું બધું તો ગૌણપણે થયા જતું હોય છે, તેવી રીતે જ સાધકના જીવન પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ થઈ જવાં ઘટે છે.

વૈજ્ઞાનિક અને આમાં એક ફરક છે. વૈજ્ઞાનિક તો એની આગળ પાછળનું જતું પણ કરી શકે. એ મળેલાં બધાંને છોડી પણ શકે, કિંતુ સાધક તેમ કરી શકતો નથી. તે બધું તો એનું જીવન ભાવનાનિષ્ઠ થવાને કારણે મળેલું છે, એની ભૂમિકારૂપે તેનો તેણે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર અને ઉપયોગ કર્યા કરવાનો છે. તે તે બધાં જાણે પોતાની જ જાત હોય તેમ સર્વ કંઈ ભગવાનના ભાવની નિષ્ઠા કેળવવા માટે જ મળેલું છે, તે વિના તે તે બધાંનો રજમાત્ર જેટલો પણ અર્થ નથી.

જેમ સંસારમાં જે બધું છે તે જ્યાં સુધી આપણે જીવતા છીએ ત્યાં લગી તો તે બધું છે, તેવું સમજવામાં વાર લાગતી નથી, તેમ જ જે બધું છે તે ભગવાનના ભાવ નિમિત્તે જ છે, એમ સમજ્યા તો તે બધું સમજાય છે, પરંતુ એવું વર્તતાં

ભાવયોગયુક્ત વર્તાતું નથી, કારણ કે તેવું તેવું વર્તતી પળે તેવી તેવી જ્ઞાનભાવયુક્ત ચેતના જાગૃતિની સ્મૃતિ રાખી, જાળવી કે જીવતી તે કરી શકતો હોતો નથી. જો તેવું તે કરતો બની જાય તો અઘરું નથી. તો તે કેમ નથી થતું એમ પ્રશ્ન ઉદ્‌ભવે. એક તો તેવો રસ નથી જાગ્યો, બીજું તેની તમન્ના તે બાબતમાં પ્રગટી નથી. કિંતુ તેથી માનવીએ લાચારી ભોગવવાની જરૂર નથી. શ્રીભગવાનની સ્મરણભાવના અને ધારણા સાથે પ્રત્યેક થતા જતા કર્મમાં જો જીવ તેવાં તેવાં સાધનોથી સતત એકધારું હૃદયથી મચી રહેવાનું કરશે અને પોતાને મળતી જતી સર્વ પ્રવૃત્તિ અને પરિસ્થિતિમાં એકમાત્ર હૃદયસ્થ ભાવને કેળવ્યા કરવાની, તેમ જ તે જીવતા આદર્શને ચેતના સ્વરૂપે મૂર્તિમંત કર્યા કરવાની ધારણા તે સેવતો જશે તો તે જીવાત્મા તેવો થવાનો જ તે નિર્વિવાદ વાત છે. એવી સદ્‌ભાવના કેળવતાં કેળવતાં સર્વ કંઈ ગુમાવવું પડે છે. એવા ગુમાવવામાં એનો એક એક કરીને ભાર હળવો થાય એમ તે હકીકતપણે અનુભવતો હોય છે. એવા ગુમાવવા પાછળ તો જીવનનું સાચું રળતર રહેલું છે. વેપારધંધામાં તો કંઈક ગુમાવતાં જરાતરા પણ માનવીને ભાર લાગ્યા વિના રહેતો નથી, કિંતુ આમાં તેવું થતું નથી, એ એની ખૂબી છે. સાધનાના માર્ગમાં જીવનું જે તે કંઈ બીજી તરફનું ગુમાવવાપણું બનતાં જો અકળામણ, ભાર કે એવું લાગે તો તે જીવની યોગ્ય તૈયારી થયેલી નથી એમ જાણવું. જે જીવ ગુમાવવાની જ્ઞાનભક્તિયુક્ત તૈયારીઓ સેવે છે, તેવો જીવ જ કશુંક મેળવી શકે છે અને ખરી રીતે તેને કશું જ ગુમાવવાનું હોતું નથી. માનવીને તેવી ખાલી

ખાલી બીક રહ્યા કરે છે. તે તો તેવામાં મેળવવાની ક્રિયામાંથી જ પસાર થતો જતો હોય છે. કિંતુ માનવીનું મન ગુમાવવાના લક્ષ ઉપર રહ્યા કરે છે. જે પળે સર્વ પ્રવૃત્તિમાં એકમાત્ર મેળવવાની ધૂન જેને લાગ્યા કરતી રહેશે, તે વેળા એને ગુમાયા જવાય છે એવું ભાન પણ રહેવાનું નથી. એક વૈજ્ઞાનિક પોતાની શોધને માટે કરોડો રૂપિયા ગુમાવતો હોય છે, એટલું જ નહિ પણ પોતાનું જીવન સર્વસ્વ હોમી દેતાં છતાં તે કદીક પૂરી એને શોધી શકતો પણ નથી, છતાં અંતકાળ સુધી એને અડગપણે, એકધારું, નિશ્ચિતપણે, કશીયે સગડગ વિના, હાલમડોલમ થયા વિના, એના પોતાના પ્રયોગના વિચારના ચિંતવનમાં જ વળગી રહેવાનું કર્યા કરે છે, એમાં જ એના જીવનની ફતેહ રહેલી છે. આપણે ભલે આંધળા હોઈશું, પણ ભગવાનના ભાવની આંગળી પકડી રાખીને, તેને છોડ્યા વિના, એકધારું ચાલ્યા કરવાનું રાખીશું, તો નિશ્ચિત ધામે પહોંચવાના જ છીએ, તે નક્કી માનજો.

---

## માનઆદર

**કુંભકોણમ્**

હરિઃૐ તા. ૬-૧-૧૯૪૭, સાંજે

એક બાબત લખું તો મને માફ કરશોજી. મને ‘પૂજ્ય’નું સંબોધન શાને ? ભાઈ નંદલાલ, હેમંતભાઈ કે વજુભાઈ આદિ તેવું સંબોધન કરતા હોય તો તે તો જીવન-વિકાસની ભાવના તેમનામાં દૃઢાવવા કાજે અથવા તો આ જીવ પરત્વેની તેવી જાતની ભાવના કેળવવાનો તેમનો હૃદયથી ખ્યાલ હોય અથવા

તો આ જીવનો તેમને તેવો કાં તો પ્રત્યક્ષ અનુભવ થયો હોય માટે. આપણા દેશમાં અને સમાજમાં આધ્યાત્મિક માર્ગના પ્રવાસીને બહુ માન આદર દેવાની સંસ્કારગત પરંપરાયુક્ત એક પ્રણાલિકા ચાલી આવેલી છે. એવી પ્રણાલિકામાં જ્યારે જીવતુંજાગતું જ્ઞાનપૂર્વકનું ચેતન નથી હોતું, ત્યારે તેવી માનઆદર દેવાની સ્થૂળ, જડ પ્રણાલિકા-દેનાર અને લેનાર બંનેને-ગેરલાભ પહોંચાડનાર નીવડે છે. તેથી, ઘણો અનર્થ થવા પામ્યો છે. પૂરેપૂરી જ્ઞાનદશામાં જે જીવ ભળી કે ગળી ગયો ના હોય એવા જીવાત્માને અણછાજતું માનઆદર મળતાં એનો ઉપયોગ વધારેમાં તૃણપણામાં હૃદયથી બનવાને જો તે કરી ન શકતો હોય તો એવાં મળેલાં માનઆદરથી મિથ્યા અને ભ્રમાત્મક દશામાં એને પડી જવાનો પૂરેપૂરો સંભવ રહ્યા કરે છે. પોતે જે નથી હોતો એનું આરોપણ એના ઉપર થયા કરતું હોવાથી એના મનમાં તે એક પ્રકારનો મિથ્યા સંતોષ અને સ્થિતિસ્થાપકતા પેદા કરી દે છે અને આમ એના જીવનનો વિકાસ અટકી પડે છે. આવું મારું માનવું છે.

તમારો સદ્‌ભાવ ન પિછાની શકું એવું અને એટલું મૂર્ખપણું અને અજ્ઞાનપણું તો નથી, પરંતુ તેવું ગણાવાનું થાય તો તે પણ પ્રેમપૂર્વક સ્વીકારીને જે યોગ્ય હોય તે જ કહેવું ઉચિત છે અને તે પણ જ્યારે મને પોતાને તેવું લાગતું હોય ત્યારે. સારું સારું તો સૌ કોઈને ગમે છે, એટલે કોઈક વાર કડવું સંભળાવવાનો પ્રસંગ જણાય તો તે પણ પ્રેમભાવે સાંભળવાનું કરશો અને સંભળાવવાનું પણ કરશો, એનું જ નામ સાચું સ્વજન.

**કુંભકોણમ્**

હરિઃૐ તા. ૧૩-૧-૧૯૪૭

તમે ‘પૂજ્ય’ સંબોધન સમજણપૂર્વક જ્ઞાનભક્તિભાવે કરેલું છે, એમ માનું છું. પ્રત્યેક જીવે પોત પોતાની કક્ષાથી ચઢિયાતી કક્ષાના બીજા જીવો પરત્વે હૃદયથી માનઆદર જે રાખવાનાં છે તે કંઈ તેમને માટે નથી, પરંતુ પોતાનામાં જીવનવિકાસની તેવી ભાવનાનો ઉદય થવાને કાજે ઉપરની ભાવના સેવવાની છે. બાકી તો અતિ માનઆદર કોઈ પણ જીવને મદમાં છકાવી દેવાને પૂરતાં છે. પ્રભુકૃપાથી એ દૃષ્ટિ જીવતી રહી શકવાથી મને તો તેવું તેવું જે મળ્યા કરતું હોય છે, તેમાંથી એને સાધન ગણીને તે તે જીવમાં પ્રવેશવાનું પ્રભુકૃપાનિમિત્ત મળતું જાય છે, એમ જીવનઅનુભવથી જાણવાનું બન્યા કરેલું છે.

તમારી પ્રેમભાવનાનો પરિચય જ્યારથી થયો છે ત્યારથી અતિથિસેવા કેવા ભાવે કરવી એ હકીકત જે તે સ્થળે કહેતો રહ્યો છું. જગતમાં પૈસો તો ઘણા પાસે હોય છે, એની દુર્ગંધ વિશેષપણે છે, પણ એની ફોરમ તો ઘણા ભાગ્યશાળીનામાં પ્રગટેલી અનુભવાય છે.લાભ લેવાની વૃત્તિની ઝંખના થતાં એ તો જ્યાં ત્યાંથી મળી જ રહે છે. તમારે ત્યાં રહેવાથી જરૂર આનંદ પડશે, પણ તમારે વાતો કાઢવી અને કઢાવવી પડશે, તે વિના આપમેળે બોલવાનું થતું નથી, તે જાણશો.

હરિઃૐ

હરિજન આશ્રમ, સાબરમતી,
તા. ૫-૫-૧૯૪૭

તમારાં બધાંનો હૃદયનો સદ્ભાવ એ જ મારું તો જીવનનું ભાથું છે.

---

## વિજ્ઞાનશાસ્ત્ર

કરાંચી,
હરિઃૐ તા. ૧૬-૩-૧૯૪૭

હમણાં મને એક વડીલ સ્વજને 'Seven Months with Mahatma Gandhi' નામનું પુસ્તક વાંચવા આપ્યું. તેમાં પાના ૪૭માં નીચે પ્રમાણે લખાણ છે :-

'My teacher impressed upon me that the impurities of man's character were removed by nothing so easily as by devoted personal service to a purified soul.'

'ભક્તિપૂર્વકની કરેલી એક વિશુદ્ધાત્માની અંગત-વ્યક્તિગત-સેવા માનવીસ્વભાવની અશુદ્ધિઓ જેટલી સહેલાઈથી દૂર કરે છે તેટલી સહેલાઈથી બીજા કોઈ પણ ઉપાયે તે દૂર થતી નથી, એમ મારા ગુરુએ મારા મનમાં ઠસાવ્યું.'

એ ચોપડી કોઈ શ્રી કૃષ્ણદાસ કરીને મહાત્માજીના એક કાળે મંત્રી હતા તેમણે લખી છે. એવા જીવતા સંતપુરુષ વિશે આપણી ખાતરી હૃદયથી શ્રદ્ધાપૂર્વક થઈ જતાં એનામાં જો આપણો જ્ઞાનપૂર્વકનો પ્રેમભાવયુક્ત આદર હૃદયમાં જન્મી જાય, તોપણ આપણું કામ થયા જ કરે. માત્ર એકલી જડ અંધશ્રદ્ધા કામ ન આવે. સમજણપૂર્વકની જ્ઞાનયુક્ત શ્રદ્ધા

જીવનના અંધારપટમાં અનેરી અને અનોખી રોશની પ્રગટાવે છે. ઊગેલી શ્રદ્ધાની તાકાત અને હિંમત - એની કુરબાની કરવાની અતાગ શક્તિ - એ બધું કોઈ ગજબ હકીકતના પ્રદેશની વાત છે. આવાં શ્રદ્ધાવિશ્વાસનાં પણ માપલક્ષણો છે. જીવનને ઊર્ધ્વગામી અથવા સંસ્કારયુક્ત જીવન જીવવામાં જો એવાઓથી જીવનધ્યેયના વિકાસમાં પ્રેરણાનુગામી ન બની શકાતું હોય, અને જીવનની ઘરેડ એવી ને એવી જ રહેતી હોય, તો આપણે વિચારવું રહ્યું જ.

જીવનમાં સંગ્રામ સર્વ સ્થળે અને સર્વ ભૂમિકા ઉપર રહેલો જ છે. જે જીવ એવા સંગ્રામનો જ્ઞાનપૂર્વક સહર્ષ સ્વીકાર કરે છે, તેવો જીવ જ જીવનનો યોગ્ય વિકાસ કરી શકે છે.

જીવનમાં જે જે મળેલાં છે તેમના પરત્વેનો યોગ્ય ધર્મ પરસ્પરનો હોય જ અને જીવનના અમુક કાળે ન પણ હોય. ક્યારે હોય અને ક્યારે ન હોય, એવો એનો જ્ઞાનપૂર્વકનો સૂક્ષ્મ વિવેક એ બહુ જટિલ અને મુશ્કેલ કોયડો છે. જીવનના ધર્મથી અતિરિક્તપણે* કશી જ સાધના ન હોઈ શકે. જે પોતે ઊઠી શકે છે કે ઊઠે છે તે જ સમાજને ઊઠવામાં મદદ કરી શકતો હોય છે. જે જાગે છે તે જ જગાડી શકે છે, જે ચાલે છે તે જ ચલાવી શકે છે. એવું આ જીવતુંજાગતું વિજ્ઞાનશાસ્ત્ર છે. એના જેવું બીજું સાચું જ્ઞાન જગતમાં કશું પણ નથી.

તમે ભાગ્યશાળી જીવ છો. કોઈનાં ખાલી વખાણ કરતો નથી. વખાણ કરવાની ખોટી ટેવ નથી. ઊલટો હું તો કડવો

* અલગપણું

ગણાઉં છું. તમે પોતે જ જો વિચારી જોશો તો જણાશે કે તમે કોઈ એક પ્રકારના વિરલ જીવ છો. છેક આર્થિક નીચલા થરમાંથી તમે ઉપર આવી શક્યા છો. એમાં બંને પ્રારબ્ધ અને પુરુષાર્થ બંને રહેલાં છે, અને માનો કે પ્રારબ્ધ હોય તોપણ તે એટલે પ્રારબ્ધ પણ કરેલા પુરુષાર્થનો સંચય જ છેને ! એટલું જો તમારી બાબતમાં તમને સાચું લાગતું હોય તો તેટલી કંઈક વિશિષ્ટતા ખરી. એનું જો તમને સાચું હૃદયથી ભાન જાગી જાય, તો જીવનનો સત્ય માર્ગ જાણવામાં બાકીનું જીવન વ્યતીત કરવાની તમે જીવંત પ્રેરણા મેળવી શકો.

---

## અનુભવનો મર્મ

**કરાંચી,**

હરિઃૐ તા. ૧૭-૩-૧૯૪૭

આ તમારો કાગળ મળતાં પહેલાં જેમને ત્યાંથી લખું છું તેઓ વાત કરતા હતા કે **'જો ભગવાનનો જ સંપૂર્ણપણે બધી રીતનો જ થઈ જઉં, તો તો તે મારી કેટકેટલી સંભાળ લે !** હજુ તો મેં એનો ખરા હૃદયથી પૂરેપૂરો ભાગ ભજવ્યો જ નથી, ઉપર ઉપરથી તેમ થવા જરાતરા પ્રયત્નમાં છું, ત્યાં તે મારું નાવ કેવી કેવી રીતે ચલાવ્યા કરે છે તે મને દેખાય છે. તો જો એનો જ હું આખો બની જઉં તો પછી શી કમીના રહે ?'

તમને પણ એવો રમ્ય અનુભવ થયો તે પણ પ્રેરણાપ્રદ છે. વહાલો પ્રભુ આપણને એના તરફ આકર્ષવાને આવી આવી કરામત કરતો પણ હોય છે. જોકે સાચી રીતે જોવા જતાં તો **એ**ને કશું કરવાપણું હોતું નથી. આવા રૅશનિંગના કઠણ

કાળમાં કશી પણ રોકટોક વિના અને કશું ગેરકાયદેસર કર્યા વિના આટલી બધી બાળાઓને જમાડવાનું બની શક્યું અને બાળાઓને નિર્દોષ આનંદ અપાવવામાં નિમિત્તરૂપ થયા, તે પણ આનંદ અને ગૌરવનો વિષય છે. કૃપા કરીને ભગવાનના નામનું સ્મરણ સતત એકધારાવત્ જીવતું ચાલુ રહ્યા કરે તેમ મનહૃદયથી કર્યા કરશોજી. એ કરી જોવા જેવું છે. પ્રયોગ કરી જોયા વિના કશું સાચું જ્ઞાન મળી શકતું નથી. જોકે આવા પ્રયોગનું પ્રત્યક્ષ પરિણામ જલદી જણાતું નથી, કિંતુ પરિણામ તો જેમ દરેકનું હોય છે જ અને આવે છે, તેવી રીતે એનું પણ આવવાનું જ.

---

**કરાંચી,**

હરિઃૐ તા. ૩૦-૩-૧૯૪૭

જત, ગઈ કાલે મારે લખવું હતું, પણ અહીં પ્રભુકૃપાથી ફાળો (ગુજરાત હરિજન સેવક સંઘ માટે) ઉઘરાવવાનું બને છે. તેથી લખી શક્યો નથી, તો દરગુજર કરશોજી.

શુક્રવારે રાતે, એ તમારા પ્રેમસ્મરણની ભાવનાની પળે, તમારી મૂર્તિ કેમેય કરી હૃદય-પ્રત્યક્ષ ખડી થઈ જ ન શકે. જેવી પ્રભુની મરજી એમ ગણી વાત પડતી મૂકી. કશું પણ દબાણથી ના જન્માવવું, પણ પછીથી જે ઝાંખી ઝાંખી તમારી મૂર્તિનાં દર્શન થયાં, એથી આનંદ તો થયો ખરો, પણ એમાં જેટલું સુસંવાદપણું અને નિર્મળ સ્વચ્છ આકાશના જેટલી આહ્લાદકતા હોય તે તે વેળા તમારામાં મને ન લાગ્યાં.

સદાય પ્રસન્નચિત્ત રહ્યા કરવામાં જ આનંદ છે. જે કોઈ પ્રસન્નચિત્ત રહે છે, તેને કશું કોઈ આવરણ ઘેરી શકતું નથી.

(અનુષ્ટુપ)

પ્રસન્નચિત્તાનું સર્વ સુતરું સુતરું વહે,
પ્રસન્નચિત્તને ગ્લાનિ કેમે ના આવરી શકે.

તમે તો આ શુક્રવારે તે વેળા કશો ખ્યાલ પણ રાખ્યો ન હતો એવું લાગ્યું. દરેક શુક્રવારે જણાય તે લખીશ જ એવો કશો નિયમ નથી. આ તો પહેલી જ વારનું હતું. તેથી લખવાનું મન થયું અને તે પણ ટૂંકાણમાં જ.

---

## સંસારનો હેતુ

કરાંચી,

હરિઃૐ તા. ૨૦-૩-૧૯૪૭

તમને બે કાગળો લખ્યા તો ખરા, પણ તે લખતી વખતે તમારી ચેતનાસ્મૃતિને હૃદયથી પ્રત્યક્ષ કરતાં તે તે સમયે મને જે લાગતું હતું, તે જોતાં મનની પ્રસન્નચિત્તતા ત્યાં લાગતી ન હતી તથા મન પણ કંઈક વ્યગ્ર લાગેલું. ઉપાધિનું વાતાવરણ વળગેલું લાગતું હતું. ક્યાંક અજંપો હતો. કેમ કરીને હૃદયથી હૃદયમાં આશ્વાસન પ્રેરાવી શકાય એમ પૂછવાનું થયા કરતું હતું, પરંતુ આપણો પરિચય એટલો નજીક થયો નથી અને તમે તેટલું અંતર મારી સાથે રાખો છો, તેથી હૃદયમાં દર્દ અને દુઃખ બંને થાય છે.

ક્લેશ, સંતાપ, મુશ્કેલી, મુઝારો, અમૂંઝણો, ગૂંચો, પરિતાપો વગેરે એ બધું જીવનમાં જે જે મળે છે, તેથી તેથી

કરીને તટસ્થ થવાની કળા શીખવાની રીત, તેવા તેવા પ્રકારના સંસારમાંથી મળ્યા કરે છે. સંસાર એ તો જીવનની પ્રત્યક્ષ પાઠશાળા છે. તેથી, તેમાં ડહોળાવા કરવાનું ના હોય. સર્વ આપણાં પોતાનાં જ અંગો છે. તે અંગમાત્ર આપણી પોતાની જાતની વિસ્તૃતતા જ છે. એ અંગ પરત્વેનો અન્યથા ભાવ થવો એટલે આપણા પોતાના ઉપર અન્યથા ભાવ થવા બરાબર છે.

સંસારની વિટમણાઓ અનેક હોય છે. એટલું જ નહિ પરંતુ અનેક પ્રકારની પણ હોય છે. તે માનવીના મનને તેમાં ડુબાડી રખાવી માનવીના મનને તેમાં પરોવી રાખે છે, પરંતુ આ સંસાર તેટલા કાજે મળેલો નથી. સંસાર તો આપણી વિસ્તૃતતા થવા અને તેમ થઈને એમાંથી જીવનનો સાર અનુભવવા કૃપાથી મળેલો છે. આપણે આપણી જાતને કદી અવગણી શકતા જ નથી. માનવીને પોતાની જાત જેટલી વહાલી હોય છે, તેટલું બીજું કોઈ વહાલું હોતું નથી, અને માનવીને મળેલાં અને તેણે જન્માવેલ સંસાર પણ તે પોતે જ છે. તેથી, મળેલાં કે જન્માવેલ સંસાર પરત્વે માનવીના મનને ઊંચા થવાનો અધિકાર નથી. જો થાય તો તે પોતાના પરત્વે જ થતો હોવો ઘટે. સંસાર એ તો માનવીના મનને સુમેળ પેદા કરવા, અનેકમાં પ્રસરાયેલો હોવા છતાં એકરૂપે જીવવા, વર્તવા અને રહેવા-બોધપાઠરૂપે મળેલો છે. સંસારમાં જુદી જુદી વ્યક્તિ હોવા છતાં, બધાં જ એકબીજાં સાથે પ્રેમભાવે અથવા એવા આત્મિક સ્વરૂપના સંબંધે ભાવથી પરસ્પર સંકળાયેલાં છીએ કે જેનાથી આપણે કદી પણ છૂટી શકતા નથી. એટલે સંસાર તો જીવને

પોતાનું જીવપણું ઓગાળવા અને શિવપણાનાં દર્શન કરાવવા કૃપાથી મળેલો છે.

સંસારમાં એકનું જ જ્યાં ત્યાં મહત્ત્વ અને પ્રાધાન્ય હોય છે. તેમ છતાં બીજાં (units) એકમો કે વ્યક્તિઓને નિરનિરાળું સ્થાન પણ હોય છે જ. તેમ છતાં વાસ્તવિકપણે તેઓ એક સાથે જોડાયેલાં જ રહેતાં હોય છે. કોઈ એકબીજાથી નોખું હોઈ શકતું નથી. દિલનો મહેરામણ ઊછળ્યા વિના કશું કહેવાનું હોતું પણ નથી. વચલા એક કાગળમાં આ કાગળના સારને એકાદ સૂત્રની સૂક્ષ્મતામાં મૂકેલો હતો, પણ આજે તમારું પ્રેમસ્મરણ થતાં વધારે આકાર થવા દીધો છે. સંસાર સુમેળભાવના પ્રગટાવવા કાજે-જીવને એકભાવે કરાવવા અને બધાંનામાં પોતાને જ અનુભવવા મળેલો છે. તો તે તેવો પ્રેમભાવ અને અંતરની અંતસ્થ ભાવના સર્વમાં જીવતી રહ્યા કરવા કાજે કૃપા કરશોજી. એ જ તમને લળી લળીને પ્રાર્થના છે.

---

**કરાંચી,**

હરિઃ ૐ તા. ૩૧-૩-૧૯૪૭

શ્રીભગવાનની ભક્તિનો અંતરથી અંતરમાં ખરો રસ જ્યારે જાગે છે, ત્યારે જીવાત્મા તેમાં એકરસે અને એકભાવે તરબોળ બની જાય છે, તે ખરેખર એવા જીવાત્માના જીવનના અનુભવનો વિષય છે. કિંતુ જીવનની તેવી અવસ્થા આધ્યાત્મિક જીવનવિકાસની છેવટની દશા નથી હોતી. તેવી દશામાં જીવને રહેવાનો ઘણો આનંદ હોય છે અને તેમાં ઘણા એવા જીવો

પોતાની કૃતકૃત્યતા અનુભવતા જાણ્યા છે અને જોયા છે અને તેવી દશાને તે પોતે છેવટની સ્થિતિ સમજે છે, પરંતુ મારા જેવા ક્ષુલ્લકના મતે તે યોગ્ય નથી. અંતસ્થપણે ધ્યાનસ્થ રહેવાયા જવાય અને બહારથી પ્રવૃત્તિમાં પણ રહ્યા જવાય તેમ છતાં, અંતરની ભાવના-ધારણા એકધારી વહ્યા જ જાય અને ક્યાંયે ખટકો ન અનુભવાય, અને પ્રવૃત્તિ પણ એ માત્ર ક્ષુલ્લક પ્રવૃત્તિ નથી, પરંતુ આંતરચેતનાની સાંકળ થવા માટેનો કૃપાપ્રસંગ છે. એવું જ્ઞાનભાન પણ રહ્યા કરે. તેનાથી પણ આગળની કક્ષાઓ હોય છે.

સંસાર મળેલો છે તે શક્તિનો વિકાસ કરવા અને શક્તિના જ્ઞાનના અનુભવ કાજે. જીવનમાં સંગ્રામ ક્યાં નથી ? સંગ્રામ ના હોત તો કશા કંઈનો પણ વિકાસ શક્ય નથી. માનવી ઇચ્છે કે ના ઇચ્છે તોપણ પળેપળ યુદ્ધ તો આપવું જ પડે છે. બલકે માનવીને બળેબળે એમાં પણ પડવું જ પડે છે. જે એવા સંગ્રામથી કંટાળે છે, ત્રાસે છે અને એવા યુદ્ધની જે અવગણના કરે છે, એને ઉવેખે છે, એવા જીવના ત્રાસનો તો પાર રહેતો હોતો નથી. સંગ્રામનો હેતુ જીવને શક્તિની પિછાણ થવાનો તથા તેથી કરી શક્તિનો ઉદ્‌ગમ થવાનો અને જ્ઞાનનો અનુભવ થવા કાજેનો છે. સંગ્રામ એ તો પ્રકૃતિના સ્વભાવનું એક સહજ લક્ષણ છે.

સંસારમાં જે જે કંઈ બને છે, તેની ભૂમિકા તો આપણામાં જ રહેલી છે. બીજાંનામાંની તે નથી. બીજાં તો માત્ર ખાલી નિમિત્તરૂપે છે. તેથી, બીજાંથી એવું કંઈ થતાં મનને ક્લેશ,

સંતાપ કે દુઃખ થવા ન દેતાં, એના નિમિત્તકારણને સમજીને તેમાં મનને કદી પણ ડહોળાવા ના દેવું. તો જ મનનું જીવતું સામર્થ્ય વધે અને તો જ તટસ્થતા તેમ જ વસ્તુસ્થિતિથી અલગ થઈ શકવાની કળા આપણને પ્રાપ્ત થતી હોય છે. સંગ્રામના પ્રસંગો ઊપજ્યા વિના માનવીનું મન તેમાં કેવું રહે છે, તે તે બધું કઈ રીતે માનવી જાણી શકવાનો હતો ? માનવીએ પોતાના મનને અને પોતાની પ્રકૃતિને પહેલાં તો સમજી લેવાં પડશે.

સંસારમાં આપમેળે મળી રહેતાં સકળ કર્મમાં માનવીએ પોતાના મનને રાગાદિથી વિમુક્ત કરવાનું શીખવું જોઈશે. તેવું થયા વિના તે મન એની મેળે કશાથી અલગ થવાનું શીખેલું હોતું નથી. સંસારમાં જે જે કંઈ એવું ઉપાધિરૂપ આવે છે, તે દેખીતી રીતે ઉપાધિ લાગે છે, પરંતુ તેવી ઉપાધિ તો માનવીના મનને નવું નવું કંઈક શીખવવા, બોધ દેવા, અનુભવ કરાવવા મળેલી હોય છે. તેથી, જીવનમાં મળતી એવી ઉપાધિને જે જીવ પોતાના ગુરુરૂપે સમજે છે, તેવા જીવો જ એવી ઉપાધિના હેતુને કળી જઈને તેમાંથી ચેતના-પ્રાણ-શક્તિ મેળવવા ભાગ્યશાળી થઈ શકે છે.

---

## આત્મનિવેદન

**કરાંચી,**

હરિઃૐ તા. ૩૧-૩-૧૯૪૭

દિલની વાત કોઈક દિલના સ્વજન આગળ કહેવાથી કે લખવાથી દિલ હળવું બને છે. તે ઉપરાંત, તેવી રીતે દિલને બધી રીતે મોકળું કરીને આત્મનિવેદનનો જીવતો અભ્યાસ

કેળવ્યા કરવાથી પરસ્પરના હૃદયનો સંબંધ જીવતો થતો હોય છે. એવો પરસ્પરનો હૃદયભાવ-સંબંધ જીવતો થતાં જે કંઈ થઈ શકવું શક્ય બને છે, તે જીવના એકલાના ગમે તેટલા પુરુષાર્થથી પણ થવું શક્ય નથી, એવો મારો અંગત અનુભવ છે. ભાઈ સાહેબ ! મારામાં કંઈ જાણી લેવાની કશી જ શક્તિ નથી. એ બધી જ કરામત એકમાત્ર શ્રીભગવાનની કૃપાશક્તિની છે. હું તો પામરમાંયે અતિપામર છું.

---

**કરાંચી,**

હરિઃૐ તા. ૩-૪-૧૯૪૭

સંસાર એ તો માનવજીવનવિકાસની જ્ઞાનપ્રાપ્તિ માટે મળેલો છે. સંસારથી માનવી જ્યારે જકડાઈ જઈને એનાથી પોતે બંધાઈ જાય છે, ત્યારે એનાથી એને અતિરિક્તપણે કશું જ સૂઝી શકતું નથી. જે કંઈ જાણવું હોય, એનું સમગ્ર દર્શન લેવું હોય, તો એનાથી અલગ થયા વિના કે ઊંચે ગયા વિના આપણે એને જાણી શકતા હોતા નથી. તેવી રીતે સંસારમાંથી અલગ કઈ રીતે થવાવાનું ? એમ મનને લાગે. સંસારને મૂકી દેવાથી કાંઈ સંસારથી અલગ થઈ શકાતું નથી. સંસારનો હેતુ તો જીવનના ફલિતાર્થે છે. સંસારથી અલગ થયે સંસારી મન એના વિચાર કરતું અટકી જઈ શકતું નથી. એટલે સંસારને સમજવા અને એનાથી મળતી-ઊપજતી વૃત્તિઓમાં સમતોલપણું જળવાયા કરાય અને તટસ્થતા કેળવવાની તેવી તેવી વેળા જાગૃતિપૂર્વકની ચેતના જો સ્ફુરી શકે તો જાણવું કે આપણા જીવનનું કામ

પાક્યું જ. સંસારનો તો આપણા ઉપર પરમ ઉપકાર છે. સંસારને અવગણી કેમ શકાય ? સંસાર તો ભગવાનનો જ વ્યક્ત ભાવ છે. એટલે તેમાં (સંસારમાં) મનના દૃષ્ટિકોણને બદલવાનું આપણે શક્ય બનાવવાનું છે. સારું અને નરસું, નીતિ અને અનીતિ, સત્ય અને અસત્ય, એવાં બધાં અનેક પ્રકારનાં દ્વંદ્વો અનાદિનાં છે અને અનંત સુધી રહેવાનાં છે. હા, કોઈ કોઈ જુદા જુદા કાળે એમનું ઓછાવત્તાપણું રહે છે તે વાત જુદી, તેથી, હૃદયથી, મનથી એમને મહત્ત્વ આપવાનું ના કરી મનહૃદયને ભગવાનની ધારણામાં જ કેળવ્યા કરવાનું હૃદયથી જાગૃતિપૂર્વક જો બન્યા કરે, તો સંસારનો પ્રત્યેક પ્રસંગ જીવને જ્ઞાન પ્રેરાવવા કાજે સર્જાયેલો છે, એવું જીવતુંજાગતું ભાન થાય.

---

**કરાંચી,**

હરિઃૐ તા. ૪-૪-૧૯૪૭

As Prof. Lasky used to say, 'The way of truth is the way of sweat and toil. There are no short cuts to either freedom or to prosperity.'

પ્રાધ્યાપક લાસ્કી પણ કહ્યા કરતા હતા કે **'સત્યનો પંથ એટલે કઠણ મહેનત અને પરસેવાનો પંથ.'** સ્વતંત્રતા કે સમૃદ્ધિ-બેમાંથી કશા માટે ટૂંકા (એટલે સહેલા) રસ્તા નથી.

શ્રદ્ધા હોય છે અને વધતી જાય છે, એનાં પણ લક્ષણો છે. પ્રથમ લક્ષણ તો એ કે જે કંઈ પણ કશામાં આપણે પ્રવેશ કર્યો તેથી બીજી રીતનું વિચારતાં મન અટકવા માંડશે. મનનું દ્વિધાપણું ઓછું થતું જશે, તો જ તેવો પ્રદેશ તે શ્રદ્ધાથી થયેલો

સમજાય. શ્રદ્ધાના વિષયમાં જ મન રક્ત થવાનું કર્યા કરશે. શ્રદ્ધાના જન્મથી જીવનમાં નવી આશા અને પ્રેરણા જન્મીને એ શ્રદ્ધા જીવને નવા જીવનના અનુભવદર્શનનાં પગરણ કરાવવા માંડે છે. શ્રદ્ધાયુક્ત માનવીના મનમાંથી દ્વંદ્વનું દ્વંદ્વપણું મોકળું થતું જતું અનુભવાય છે. શ્રદ્ધાયુક્ત માનવીના મનમાં નિરાશાને કે હારને ક્યાંયે સ્થાન રહેતું નથી. શ્રદ્ધા જેમ જેમ વધતી જતાં, શ્રદ્ધાના ક્ષેત્રના વિષયને લગતા માનવીના મનના તેમાં તેમાં માની લીધેલાં આગ્રહો, સમજણો, માન્યતાઓ, ધારણાઓ, ટેવો, નીતિ-અનીતિના ખ્યાલો, સત્ય-અસત્યના ખ્યાલો વગેરે એવાં બધાંમાં એક પ્રકારની નવી દૃષ્ટિ પોતાનામાં ઊગતી જતી હોય એવું તે અનુભવે છે. જૂનું જીવન એને ફેરવાતું જતું લાગ્યા કરે છે. હજી પણ આની આવી યાદી લંબાવી શકાય.

આજે તો તમારો પુણ્ય સ્મરણદિન છે.

---

## સદ્ભાવના

**સાયલા,**

હરિઃ ૐ તા. ૩૦-૪-૧૯૪૭

તમારા હૃદયમાં રહેલી સદ્ભાવના જ આ જીવના લખાણમાંથી તમને સારું સારું લગાડાવ્યા કરે છે. બાકી તો કશું નથી. જો કંઈ પ્રતાપ કે પ્રભાવ હોય તો તે સદ્ભાવનાનો જ છે. માનવી ગમે તેટલું સારું હોય, પણ જો આપણા હૃદયમાં એના પરત્વેનો રાગ કે સારો ભાવ ન જાગેલો હોય, તો એનું ગમે તેટલુંયે સારું આપણને સ્પર્શી શકતું હોતું નથી. એના

સારાપણાની છાપ ઉઠાવવામાં આપણા મનની તેના પરત્વેની તેવી ભાવના મહત્ત્વે કરીને મદદરૂપે નીવડે છે અથવા કહોને કે એને લીધે જ તેના વિશેની તેવી છાપ આપણા દિલમાં ઊગતી હોય છે. જો આ હકીકત માનસશાસ્ત્રના આધારે સાચી ઠરતી હોય તો મારા જેવા ભાંગેલાતૂટેલા માનવીનું તમને જે જે કંઈ યોગ્ય લાગ્યા કરતું હોય, તો તે તમારા હૃદયમાં જાગૃત થયેલી સદ્ભાવનાનું જ એકમાત્ર પરિણામ છે.

હૃદયમાં જાગતી રહેલી એવી સદ્ભાવનાનો જ્યારે વિસ્તાર થવા માંડે છે, ત્યારે જ મનહૃદયમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાવા માંડે છે. સદ્ભાવના એકમાં હોય અને બીજામાં તેવી સદ્ભાવના જગાડવામાં કે જન્માવવામાં આપણે પોતે તેવી જાગેલી સદ્ભાવનાનો ઉપયોગ જ્ઞાનભક્તિભાવે નહિ કરતા રહીએ તો જાગેલી સદ્ભાવનાની શક્તિ તો પોતે પોતાની મેળે કશું કરવા કરાવવાની નથી. તે તો જેટલું દોરશો કે દોરવશો તેટલું જ ચાલવાની છે, તે નક્કી માનશોજી. જાગેલી સદ્ભાવના જો જીવનનાં સર્વ ક્ષેત્રોમાં પોતાનો વિસ્તાર કરી શકતી ન અનુભવી શકાય તો જાણવું કે વચ્ચે ક્યાંક વિક્ષેપ છે. એ વિક્ષેપ શેનો છે, તે દરેક જિજ્ઞાસુએ આત્મનિરીક્ષણ કરી કરી, પોતાનાં કરણોનું પૃથક્કરણ કરી કરી, ખોળી કાઢવું જોઈશે જ. અને એવા વિક્ષેપને દૂર કરાતાં સદ્ભાવનાનો વિસ્તાર અને પ્રસાર થયા કરવાનો જ.

આજે આપણામાં શું કે બહેનોના હૃદયમાં શું, સદ્ભાવના અથવા ભક્તિની ભાવના તો છે જ, પણ તેનો જ્ઞાનભક્તિ-પૂર્વકનો જીવતો વિસ્તાર સર્વ ક્ષેત્રમાં થયેલો નથી. તેથી, તે

કુંઠિત બનેલી છે. હૃદયની જાગેલી સદ્‌ભાવના બીજાનું જેમ સારું જોવા કે એનામાં પ્રેમભાવ રખાવવા આપણને પ્રેરે છે, તેમ તેવી ભાવનાનો વિસ્તાર થતાં થતાં બધાંનામાં તે તેવી જ રીતે આપણને-મનને પ્રવર્તાવશે, તે પછી ક્યાંયે મનને વિસંવાદ લાગશે નહિ. ક્લેશ, સંતાપ, દુઃખ આદિનો મનને તે પછી ભાસ થવાનો નથી. અરે ! ભાસ ભલે કદાચ થતો હોય (જોકે આગળ જતાં તો ભાસ પણ થતો નથી) તોય તેવો અનુભવ તો નહિ જ થાય. અને તેવો ભાસ થાય છે એ પણ કશુંક નવું સમજાવવા કે પ્રેરાવવા તેમ બનતું હોય છે. જે જીવ એ પ્રમાણે પ્રત્યેક પરિસ્થિતિમાંથી જ્ઞાનભક્તિપૂર્વક શીખવાનું કર્યા કરે છે, એના હૃદયની સદ્‌ભાવના એમની એમ ગૂંચળું વળીને પડી રહી શકવાની નથી, તે પણ નક્કર હકીકત છે. ક્યાંયે સંતોષ વાળીને બેસી રહેવાનું નથી. વહેવારકર્મમાં તો સંતોષયુક્ત અને શાંતિવાળી ધીરજની જરૂર પૂરેપૂરી છે, પરંતુ જીવનની સમજણ ઉગાડવામાં તો સંતોષને સ્થાન નથી. જ્યારે તેને કાજે (જીવનની સમજણ ઉગાડવાને કાજે) હૃદયમાં ખરેખરા જ્વાળામુખીના લાવારસની જેમ ધગધગતો અસંતોષ પ્રગટી ઊઠે છે, ત્યારે જ સાચી મથામણ અંતરમાં જાગતી હોય છે. અને તેવો જાગેલો ઉત્કટ અસંતોષ માનવીને જે મહેનત કરાવે છે, જે તપશ્ચર્યા કરાવે છે, જે સાધના કરાવે છે, તેવું કશું જ કોઈ કરાવી શકતું હોતું નથી. તેથી, મનનો એવો અસંતોષ લગાડ્યા કરવાનું, એકમાત્ર ધ્યાન લગાડ્યા કરવાનું બને, એ જ તમારામાંના ચેતનને પ્રાર્થના છે.

---

## માનવજીવન

સાયલા,

હરિઃ ૐ તા. ૧૬-૪-૧૯૪૭

જીવન કશાથી અળગું નથી. તે તો જે જે મળે છે, મળેલું છે અને મળ્યા કરશે, તે તે સાથે એકભાવે ભળેલું જ છે. એનાથી કોઈ નોખું થઈ શકતું જ નથી. મીઠામાંથી ખારાપણું જેમ દૂર કરી શકાતું નથી, અને કશામાંથી ધારો કે તેમ થાય તો તે મીઠું નથી રહી શકતું, તેમ જીવન પણ કશાથી અલગપણે નોખું રહી શકતું નથી. જે એને બેળેબેળે નોખું કરવા જાય છે, તે જીવનની યોગ્ય અભિવ્યક્તિ કરી શકતા નથી. જીવન બધાંથી નોખું હોત તો બધાંમાં, બધાંથી અને બધાં વડે જે જીવન સર્જાતું લાગે છે, તેવી પરિસ્થિતિ અને તેવી વસ્તુસ્થિતિ ના હોત. જે જે કંઈ છે, તે તે તેના યથાસ્થાને યથાયોગ્યપણે છે અને તે તે જે બધું મળેલું છે, મળે છે અને મળ્યા કરશે, તે તે બધું જ્ઞાનની અનુભૂતિ કાજે સાધન તરીકે મળેલું હોય છે. માનવીને જે જે મળેલું છે કે મળે છે કે મળ્યા કરતું હોય છે, એનો જો તે જ્ઞાનપૂર્વક ચેતનાયુક્ત જાગૃતિ રાખીને સાધન તરીકે જ ઉપયોગ કરે, તો જે જે બધું મળેલું છે તેમાં એને કોઈ ઑર પ્રકારનો જીવનની કૃતકૃત્યતાનો આનંદ-રસ પડે. જ્ઞાનપૂર્વક જ્ઞાનની એકમાત્ર અનુભૂતિને કાજે જ હૃદયમાં હૃદયથી જીવતોજાગતો ચેતનાપૂર્વકનો ખ્યાલ અને તેનું પૂરેપૂરું ભાન રાખીને જે તે સર્વનો સાધન તરીકે જ ઉપયોગ કર્યા કરવાનું બનતું હોય, તો જે તે સકળમાં છૂપું રહેલું ચેતન અને તેનાથી થતી રહેલી સર્વ કર્મપરંપરા એ બધાંનો તાદૃશ્ય અનુભવ જીવને ત્યારે કોઈ નવા જ પ્રકારનો થાય છે.

માનવીના મનનો વ્યવહાર જે તે સાથે થતો હોય છે, એમાં એમાં મૂળગત હેતુ તો જ્ઞાન મેળવવાનો જ હોય છે. પછી તે જ્ઞાન કઈ ભૂમિકાનું હોય છે, તે એક જુદી વાત છે, પણ મન તથા કરણો, તે જ્યાં જ્યાં સ્પર્શે છે, ત્યાં ત્યાં જ્ઞાનના અનુભવ અર્થે જ તેવો તેવો એનો સ્પર્શ થતો હોય છે. તેથી, મન અને એનાં કરણો, ઇંદ્રિયો આદિ તેમનાં તેમનાં સ્થાને યોગ્ય છે. જ્ઞાન પામવા કાજેનાં તે તે મહત્ત્વનાં અને જરૂરનાં યોગ્ય સાધનો છે. એમના વિના ચલાવી શકાય તેમ નથી. તેથી જ તે તે, તે હેતુના ફલિતાર્થ કાજે મળેલાં છે. કિંતુ માનવી એને એકમાત્ર તેવા જ્ઞાનભાન સાથે સાધન તરીકે ઉપયોગ કર્યા કરવાનું રાખતો હોતો નથી. બાળકને જેમ લડાવ્યા કર્યું હોય તો તે સ્વચ્છંદી બની જાય છે અને એ કહ્યું ગણકારતું નથી, તેવી રીતે આપણાં મન, ઇંદ્રિયો આદિ કરણોનું છે.

જે જે મળેલું છે, મળે છે કે મળ્યા કરશે, તે તે બધું યથાર્થ છે અને એની ભૂમિકા આપણા પોતાનામાં જ છે. કાંઈ કશું પણ બહારથી આવી શકતું નથી, આવવાની શક્યતા જ નથી. જેને જેને આપણે પોતાનું માનીએ છીએ, જે જે સંસારવહેવાર કે પ્રવૃત્તિની દુનિયા આપણને આપણી લાગ્યા કરે છે, તે તે બધાંનાં મૂળ આપણામાં જ રહેલાં છે. જે જે કંઈ છે કે થતું રહે છે, તે તે બધું જ આપણી પોતાની જ અભિવ્યક્તિ છે. એટલે તેમાં કોણ કોનો દોષ જોઈ શકે ? હોય તો પોતાનો જ છે. બીજાંને ત્યાં કશું લાગતું વળગતું નથી. તેથી જ માનવી જે જે મળેલું છે એનો એકમાત્ર જ્ઞાનની અનુભૂતિ કાજે સાધન તરીકે ઉપયોગ

કરવાનું જીવતું ભાન રાખે, તો માનવીમાં માનવીપણાનું સાચું ભાન પ્રગટતાં વાર લાગે નહિ.

માનવીમાં પ્રભુપણું રહેલું જ છે, પરંતુ એ પ્રભુપણાની શક્તિનો પટ મન, ઇંદ્રિયો, કરણો આદિના પડેલા સ્વભાવના પ્રવાહમાં વહ્યા કરે છે. આપણે કમાયાં, આપણે પ્રત્યેક કર્મ કરીએ છીએ, આપણે સંસાર ઉપજાવ્યો, તે તે બધું આપણાં મન, ઇંદ્રિયો, કરણો દ્વારા માનવીમાં રહેલા પ્રભુપણાના ચેતનને તે તે રીતે આપણે વ્યક્ત કર્યું છે. એનું એ જ પ્રભુપણાનું ચેતન કોઈ માનવી વળી બીજી રીતે પણ વ્યક્ત કરી શકતો હોય છે. પોતાનામાંનું ચેતન માનવી જેવા પ્રકારના મનથી વ્યક્ત કરે છે, એવા પ્રકારમાં જ તે ભરાઈ પડે છે. બલકે તેવો આકાર જ તે લેતું હોય છે. તેથી તો તે તેમાં ને તેમાં ભરાઈ પડેલો રહ્યા કરે છે. માનવીના મનથી અતિરિક્તપણે પણ જીવતા ચેતનને ઉદ્‌ભવવાને એનામાં ચેતના જાગી શકતી હોય છે. બાકી તો જ્યાં ત્યાં બધે જ ચેતન જ વ્યક્ત થયા કરતું અનુભૂતિમાં આવે છે. મનુષ્યમાત્ર એને પોતાના અહમ્ વડે કરીને પોતાનું સર્જન માને છે. જે જે સર્જન થતું લગે છે, તે તે બધાંનું અસ્તિત્વ આપણામાં મૂળ બીજરૂપે હતું. તેથી, તે તે બધું તે તે રીતે સર્જન થતું અનુભવમાં (તે તે કક્ષાના વિષયમાં) આવતું જતું હોય છે.

જે જે કક્ષાની વૃત્તિ થાય છે, તે તે વૃત્તિ તે તે કક્ષાના વિષયમાં આપણને ગતિ કરાવતી આપણે અનુભવી શકીએ છીએ. જેમ કે ભૂખની વૃત્તિ થઈ તો ખાવામાં મનને તે પરોવ્યા વિના રહેશે નહિ. નાહવાની વૃત્તિ થતાં મનને તથા શરીરને

તે વિષયમાં તે પ્રવૃત્તિ કરાવશે જ. જે જે વૃત્તિ થશે તે તે વૃત્તિ તેના તેના તે તે કોટિના વિષયમાં પ્રવેશ કરાવે તો જ તે અમુક કોટિની વૃત્તિ છે એમ જાણી શકાય છે. વૃત્તિ ફલિતાર્થ થયા વિનાની રહી શકવી સુલભ નથી. વૃત્તિનું એવું સહજ માપલક્ષણ છે. વૃત્તિ થઈ કે તે તે બાબતમાં મનને પ્રેરાવે છે, પછી તે ફળે કે ના ફળે તે વળી જુદી વાત છે, પણ વૃત્તિ થતાં મનને તે તેમાં પ્રેરાવ્યા વિના રહી શકતી નથી. અને આમ વૃત્તિ એટલે જ ગતિ. તે કદી સ્થિતિસ્થાપક રહી શકતી નથી. તેવી જ રીતે આ જમાનામાં પોતાને જાણવાની ખરેખરી ઉત્કટ વૃત્તિ (જિજ્ઞાસા) હૃદયથી જાગી હોય તો તેવો માનવ કદી કાળ બેસી રહી શકશે ખરો ? જો માનવીની તેવા વિષયના જ્ઞાનમાં તેની ગતિ થતી તે ન અનુભવી શકતો હોય, તો તેને તેવા વિષયની જિજ્ઞાસાની સાચી પૂરી વૃત્તિ હજી ઉદ્ભવી નથી, એમ તેણે માનવું એ એને કાજે યથાર્થ છે, કારણ કે માનવીએ કશી કોઈ કક્ષામાં-ભ્રમણામાં કે ભ્રમણાથી તો ના જ પડી રહેવું. પોતે અસલ સ્વરૂપમાં કેવા છીએ તે તો જાણી શકવું દુર્લભ વાત છે, પણ પોતે મનાદિની કક્ષામાં કેવા છીએ એ તો તેણે જાણવું જ જોઈએ. જે જે કક્ષામાં હોઈએ તે તે કક્ષામાં પોતે પોતાને તેના યથાર્થ સ્વરૂપે જાણવાને અને તે રીતે જ સમજવાને સદાય જાગૃતિવાળા રહેવું ઘટે, તો જ ત્યાંથી એનો ઊઠી શકવાનો સંભવ રહે છે. માનવી પોતાની જે કક્ષા હોય તે કક્ષાની સ્થિતિમાં પોતે કેવો અને કેટલો છે, તેનું પૂરેપૂરું અને દીવા જેવું સ્પષ્ટ આકલન કરી શકે અને એ પ્રમાણે તે કક્ષામાં સર્વ કંઈ થતું હોય તેમાં કેટકેટલું યોગ્ય

અને અયોગ્ય છે, એનો જ્ઞાનપૂર્વકનો તટસ્થતાયુક્ત ખ્યાલ તે તે કર્મ થતી પળે જે માનવી જન્માવી શકતો હોય, એવો જીવ આજ કે કાલ મુક્ત થયા વિના રહી શકવાનો નથી. માત્ર, તે તે પળે જાણવું તે એકલું જ પૂરેપૂરું ઊઠવામાં મદદ કરનારું નથી નીવડતું. એમાંથી ઊઠવાનો પણ એણે પ્રેમપૂર્વક સહજ પ્રયત્ન કરવો જ પડશે. એવો પ્રયત્ન થતો રહેતો લાગે ત્યારે જ સમજવું કે આપણામાં તેવી વૃત્તિ જાગી છે. એવો પ્રયત્ન થયા વિના વૃત્તિ જાગી છે એમ કહેવું તે મિથ્યા છે. વૃત્તિ જગાડવાનો અને જગાડવામાં પણ પ્રયત્ન હોય છે. એવો તે કક્ષાનો એકધારો પ્રયત્ન જીવતો અને સળંગ સમગ્રપણે થતો રહે, તો વૃત્તિ પૂરેપૂરી સભાન અવસ્થાવાળી થઈ જાય.

વૃત્તિનું પૂરું જાગ્યા વિના પ્રયત્ન તો ના થઈ શકે એમ ઉપર જણાવ્યું છે, તો પછી પ્રશ્ન ઊઠે કે પ્રયત્ન થાય કેવી રીતે ? વૃત્તિ તો જાગી નથી અથવા વૃત્તિ જાગે તો જ સ્વરૂપનું ભાન થવામાં પ્રગતિ થઈ શકે. તો શું એમનું એમ પડી જ રહેવું ? ના, તેમ નથી. જે જીવને પોતાને મળેલું મનુષ્યત્વ અને એનો દિવ્ય હેતુ અને એનાં રહસ્ય અને મહત્ત્વ હૃદયમાં જાગ્યાં છે. એ જીવને વૃત્તિ જાગ્યા વિના રહી શકતી નથી. એટલે આપણે બધાંએ જે કરવાનું તે તો મળેલું મનુષ્યત્વ અને એનો ઉદ્દેશ એ બધાં અંગે મનહૃદયથી ખૂબ ખૂબ ચિંતવન કર્યા કરવાનું છે, કે જે આપણને સંવેદન જન્માવે, તો જ આપણે આપણું પોતાના વિશે વિચારવાને શક્તિમાન થઈ શકીએ. એટલા કાજે ચિંતવન ઘણું ઘણું જરૂરનું છે, તો જ એમાંથી પ્રાણ પ્રગટવાના હશે તો

પ્રગટી શકવાના છે. બાકી, વૃત્તિ થઈ હશે તો કંઈ છૂપી પડી રહેવાની નથી. એ તો એનું કાર્ય કરાવવામાં ચેતનાયુક્ત રહેવાની છે, તે નક્કી માનશોજી. માનવી પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. બીજાં બધાં તો ખાલી આળપંપાળ છે. જેનામાં ધગધગતી ઉત્કટ જ્વાળામુખી સમી જિજ્ઞાસા પ્રગટે છે, એ જ એના જીવનનો ગુરુ બની જાય છે અને એને એક પછી એક જીવનનાં રહસ્ય ઉકેલાવે છે અને અનેક ગૂઢ રહસ્યમય આંતરિક જીવનપ્રદેશમાં એને પ્રવેશ કરાવીને પોતાને પોતાની શક્તિનાં અનુભવ દર્શન કરાવે છે. સંસારમાં આવા જીવાત્મા વિરલ હોય છે. તેથી જ આપણામાં એવા જીવાત્માનો સત્સંગ કર્યા કરવાનો મહિમા ગાયેલો છે, એવાના હૃદયંગમ સ્પર્શથી, પ્રેમપૂર્વકના પરિચયથી અને ભક્તિપૂર્વકની સોબતથી આપણામાં યથાકાળે તેવી વૃત્તિ જાગવાના સંસ્કાર તો પડશે જ પડશે. એવું ભાન કે જ્ઞાન એવા જીવાત્માના પ્રત્યક્ષ પરિચયમાં આવતાં અને તેનું તેનું તેવું તેવું કામ આપણાથી બનતું રહેતી વેળા આપણે મનમાં તેવું જ્ઞાન જીવતું રાખી શકીએ તો જીવને ઊઠવામાં ઘણું મદદકર્તા થઈ પડે તેવું છે.

---

**મા** **વ્યાસ,**

હરિઃૐ તા. ૨૬-૧-૧૯૪૭

જીવ વિકાસની દૃષ્ટિએ જોતાં બહેનોના જીવને પુરુષ જીવ કરતાં ઊંચી કક્ષાનો હું માનું છું. તમે જ અમને જન્માવો છો, અને તમે જેવાં બનશો કે હશો તેવાં જ અમે થવાનાં છીએ. તમે ઉત્તમ બનશો તો અમારે તેવું બન્યા વિના ચાલી શકવાનું

નથી. સ્ત્રીજીવનમાંની ભાવના પ્રસર્યાં જ કરતી હોય છે. માથી થયેલાં અમે પાછાં મામાં વળીએ છીએ. તેથી, મા જો જાગેલી હોય, મા જો જ્ઞાનભક્તિવાળી હોય, તો અમે તરી ચૂક્યાં જ સમજવું. અમને તે તરાવવાની જ. તેથી, તમે એવાં જ્ઞાન-ભક્તિવાળાં બનો એવી મારી તમને લળી લળીને પ્રાર્થના છે. જ્ઞાનભક્તિ એટલે માત્ર નામ લીધા કરવું તે નથી. (ભજન કર્યાં કરવું કે ભજનમાં મસ્ત થઈ જવું તે પણ બસ નથી) પણ તે સાથે સાથે મળેલા પ્રસંગમાં જીવનની ભાવના પ્રમાણે કર્મકૌશલ્ય સાથે વર્તવાની સમજ અને મળેલાંમાં એકભાવ પ્રવર્તાવવા સારુ મળેલાંમાં સદ્‌ભાવ ઉગાડવો. પોતે જાતે પ્રસન્નતાની ઉત્કટ માત્રામાં જીવ્યા કરી મળેલાંમાં પ્રસન્નતા જન્માવવી. મળેલાંમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ સતત રાખ્યા કરાવવું. મળેલાંમાં પોત પોતાનું ભાન જગાડવું. મળેલાંમાં જીવનની મહત્તા સમજાવવી. મળેલાંમાં જીવનની ગંભીરતા અને રહસ્ય પેદા કરવાં. મળેલાંમાં સુલેહસંપભાવના, એકબીજાં કાજે બલિદાનની ભાવના અને એકબીજાં કાજે મોટું ઉદાર વિશાળ મન ધરાવવાની જીવતી ભાવના જગાડવી, એ બધું કામ માનું છે. એવાં અમારાં મા તમે સદાય બનતાં રહેજો. અમને જગાડતાં રહેજો. અને જો ચાબકો મારવાની જરૂર હોય ત્યાં તેવો ધર્મ બજાવવામાં આંચકો ન ખાશો, એવી તમને પ્રાર્થના છે. અને જો તેમ કરતાં ચૂકશો કે ખચકાશો તો તમે તમારો ધર્મ ચૂક્યાં ગણશોજી.

---

## સંતાત્મા

કુંભકોણમ્

હરિઃૐ તા. ૫-૮-૧૯૪૭

હું પણ મારા મિત્રોને બીજા એવા સંતાત્માઓ પાસે જવાને જરૂર સૂચવું છું. અમદાવાદમાં પૂજ્યશ્રી ૧૦૮ આનંદમયીમૈયા પધારેલાં ત્યારે ભાઈ નંદુને મેં ખાસ કરીને મોકલેલો. તેમ જ પોંડિચેરીના આશ્રમે પણ તથા એવે બીજે ઠેકાણે જવાને પણ તેમને સલાહ આપેલી. આધ્યાત્મિક માર્ગમાં જેને જીવનવિકાસ કરવો છે, તેણે તો જ્યાં જ્યાં સદ્ગુણ કે એવી દૈવ સંપત્તિનાં અનુભવદર્શન થાય, ત્યાં ત્યાં કદરભક્તિભાવે અને જ્ઞાનપૂર્વક પોતાનું માથું નમાવવાનું રહે છે જ. કોઈના ગુણની કે એવી દૈવી સંપત્તિની જો આપણાથી કદર ન થઈ શકી, તો જાણવું કે હજી આપણે જીવનવિકાસ માટેની લાયક ભૂમિકા મેળવી શકેલાં નથી. તમે અમુક સંતની સેવા કરો એ મારે મન તો આનંદનો જ વિષય છે. તથા, તે ઉપરાંત પણ જે જે કોઈ ઉચ્ચાત્માને પ્રભુકૃપાથી સંજોગોવશાત્ આપમેળે મળવાનું થાય તેની સેવાચાકરી કરવાનું રાખો, તેમાં કશું ખોટું નથી.

સંતપુરુષોને જાણવાનું પૂરેપૂરું તો બની શકતું જ નથી. તેથી, જુદી જુદી પ્રકૃતિવાળા જીવથી તેમનાં મૂલ્યાંકનો જુદાં જુદાં અનેક થવાનાં. એટલે એ બાબતમાં બીજા લોકો જે કંઈ કહે તેથી આપણે અલગ પડતાં હોઈએ તો તે કંઈ વિમાસણનો વિષય નથી. તમે અમુક સાથે જોડાઓ અગર અમુક સાથે ન જોડાઓ, એવો પણ પ્રશ્ન રહેતો જ નથી. પ્રભુકૃપાથી મારે કંઈ કોઈને મૂંડવાના નથી. હું તો એટલું જ ઇચ્છું છું કે મનુષ્યજીવન એ

અતિદુર્લભ છે. માટે, આપણા એ જીવનનો જેટલો જ્ઞાનભક્તિ-પૂર્વકનો ઉપયોગ થાય તેટલું ઉત્તમ. અને પ્રભુકૃપાથી જીવનની સાચી સમજણ જે જે જીવ સંબંધમાં આવે તેનામાં પ્રગટે, એવી હૃદયમાં તાલાવેલી જાગેલી છે.

મારાં સ્વજનોનું અજ્ઞાન મારાથી સહ્યું જતું નથી. કઈ રીતે મળેલાં સ્વજનોને ખાતરી કરાવી અપાય કે આ જીવના જીવનમાં પ્રભુની કૃપા છે, તેવી ખાતરી કરાવી આપીએ અને ધારો કે એવા અનુભવ થયા હોય છતાં પણ જીવને જીવનની સાચી લગની લાગતી નથી, એવું અનુભવ્યું છે. એટલે માત્ર સંતોને જાણ્યાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું દળદર ફીટી શકતું નથી. જ્યાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું 'ઉન્નયન' થતું ન અનુભવી શકીએ, ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ. ગુરુ કે સંતની કૃપામદદ ત્યારે જ મળે છે કે જ્યારે આપણામાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જીવતાં થયેલાં રહે છે, ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે. પ્રભુકૃપાથી મારામાં શી લાયકાત છે, તે જણાવ્યેથી કે એની ખાતરી થવાથી કશું વળી શકવાનું નથી. જ્યાં સુધી આપણા દિલમાં જીવનની મહત્તા વિશે, જીવનના રહસ્યના ઉકેલ વિશે અને જીવનની પવિત્રતા માટે હૃદયની પૂરેપૂરી સાચી ભાવના ઉદ્‌ભવી નથી, ત્યાં સુધી કશું પણ ઊગી શકતું નથી. હા, જરૂર, સંત અને પવિત્ર સાધુ-પુરુષોનો સમાગમ આપણને મદદકર્તા છે, પરંતુ તેવા તેવા કાળે એમના પરત્વે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહંમ્ અને હૃદય કેવી જાતની જીવતી ભાવનાવાળાં રહેલાં હોય છે, તેના

ઉપર તેમની સોબતના લાભનું પરિણામ રહે છે. એમની પાસેથી શીખવાની કળા જીવને જ્યાં સુધી આવડી નથી, ત્યાં સુધી જીવ કશું પામી શકતો નથી.

પ્રત્યેક સંતાત્માની જીવનસરણી નોખી નોખી રહ્યા કરે છે. પ્રત્યેકની એકબીજા સાથે સરખામણી કરવી એ જરાકે યોગ્ય નથી. આપણે ત્યાં અસલના જમાનાથી સાત નદીઓ પવિત્ર મનાય છે. એનું કારણ એ સાતે નદીઓની સંસ્કૃતિ જુદી જુદી હતી. અને તે આપણા જીવનમાં સંસ્કારરૂપે હજી પણ રહેલી છે. પ્રત્યેક નદીની સંસ્કૃતિ એકબીજાથી જુદી જ હતી. ભગવાનની ચૈતન્યશક્તિ સર્વમાં વ્યાપેલી છે. અમુક ભાઈએ જે તમને લખ્યું છે, તેઓ સાચે જ તેમ માનતા હશે. મારા જીવન વિશેની ઘણીએ હકીકતો અને વાતો તેમણે જાણી જોઈને તમને કરી નથી. એનું કારણ તો એ કે તમને કોઈ પણ એક પક્ષ તરફ વધારે દોરવાઈ જવાનું બને, તેમ તે ઈચ્છતા ન હતા. જીવનના આધ્યાત્મિક માર્ગને અનુસરવું એ અતિદોહ્યલું છે. માણસો ધારે છે તેટલું તે સહેલું નથી હોતું. તમે પચીસ વર્ષ વેપારધંધામાં જેટલાં ધ્યાન અને શ્રમ આપ્યાં છે અને જેટલો રસ લીધો છે, તેટલો જ રસ અને તેટલી જ મહેનત જો આમાં લેવાનું રાખશો, તો તો જરૂર બેડો પાર થવા વારો આવે, કારણ કે આ માર્ગમાં આપણે અનેક પ્રકારનાં અનેક સ્વજનોને હણવાનાં આવે છે. એ સ્વજનો કયાં કયાં તેની વાત તો વળી કોઈક વખત. એમને હણવાની તાકાત અને આપણી તેવી જ્ઞાનભક્તિપૂર્વકની તૈયારી જો ન હોય તો આપણે કદી પણ આગળ વધી શકીશું નહિ, તે વાત નક્કી.

જેમની વૃત્તિ ભગવાન તરફ થોડી ઘણી પણ વળેલી છે, તેમને મળવાથી જરૂર આનંદ જ થાય. એવાં જેટલાંને સહજપણે મળવાનું થાય તે તો આનંદ.

---

**જાત્રા** **વ્યાસ,**

હરિઃૐ તા. ૨૬-૫-૧૯૪૭

તમે બધાં જાત્રાએ નીકળ્યાં છો, તે જાણ્યું છે. આ યુગમાં થતી જાત્રાથી જીવનની સમજ કદી ઊગી શકતી જાણી નથી, કારણ કે જીવનમાં હૃદયની એવી જાત્રાની ભાવના-ધારણા ઊગ્યા વિના જીવનના તેવાં તેવાં કર્મમાં તેવી તેવી ધારણા જન્મી શકતી નથી. વળી, જીવનનું ઘડતર થવાનાં જે સાધનોની જરૂરિયાત હોય છે એનો આજે અભાવ છે. જીવનને સહેલગાહે ભોગવવા લઈ જતા હોઈએ એવો જ ખ્યાલ લોક જાત્રામાં રાખે છે. માત્ર લોક ફરવા જતા હોય છે, એવું મને તો લાગે છે. બાકી, જો સાચી રીતે જાત્રાની ભાવના સતત મનમાં રહ્યા કરતી હોય તો જીવનની સમજણમાં અને જીવનના વર્તનમાં ફરક પડ્યા વિના રહે જ કેમ ? હૃદયમાંની જાગેલી ભાવના એમ ને એમ પડી રહી શકતી નથી. એ તો ગતિ કરે અને કરાવે.

પહેલાંના જમાનામાં લોક યાત્રા કરતા, તેમાં ઘણી જ મુશ્કેલીઓ, વિઘ્નો અને ઘણું ઘણું સહન કરવાનું આવતું. મુશ્કેલી જેટલું જીવનને ઘડે છે, તેટલું કોઈ ઘડી શકતું નથી. વળી, તે જમાનામાં થતી યાત્રાથી સાહસ, હિંમત, ધીરજ, બહાદુરી વગેરે ગુણો કેળવવાના પણ ઘણા ઘણા પ્રસંગો મળતા. સમૂહમાં સાથે રહેવાપણું બનતું હોવાથી પરસ્પરમાં

સહાનુભૂતિ, સહનશીલતા અને ત્યાગની ભાવના કેળવાતી. આજે તો એક જ કુટુંબની વ્યક્તિઓ પરસ્પર સુમેળ ભાવથી, હૃદયના ઉલ્લાસથી અને પરસ્પરની સહાનુભૂતિની પ્રેરણાથી કામ કરવાની ભાવના ધરાવતી હોતી નથી, એવો આપણો સમાજ છિન્નભિન્ન થઈ ગયેલો છે. એવી વેળાએ તમે બધાંને લઈને જાત્રા કરવા નીકળ્યા છો તે સારી વાત છે, પણ જાત્રાની ભાવના બધાંના જીવનમાં ઊગે એટલું કરાવવાનો પણ તમારો ધર્મ છે.

માત્ર, કુટુંબનું ભરણપોષણ કુટુંબનો વડીલ કરે, તેટલું બસ નથી. એ તો થયા જશે. એનાથી હવે વિશેષ કર્તવ્ય તમારે માથે છે. જે જે કોઈ મળેલાં છે, તેમનાં જીવનમાં ભાવનાની સમજણ ઊગે, સૌ કોઈ પોત પોતાનું જીવનકર્તવ્ય સમજે અને બજાવે, સૌ કોઈ પોત પોતાની ધર્મભાવના પિછાને, એવું હૃદયથી પોતે જીવીને બીજાંને પ્રેમભાવે તેમ વર્તાવવાનું રહે છે. એમાંથી ભાગી શકાય નહિ. 'ભોગ એમના' એવી વૃત્તિ એ તો કાયરતાની વૃત્તિ છે. માથે આવેલો ધર્મ કડવા થઈને પણ બજાવવાનો રહે છે જ. ધર્મનું પાલન-વર્તન આકરું અને અઘરું છે. તેમાંથી ચસી શકાતું નથી. પ્રભુ આપણને સર્વને એવી સૂક્ષ્મ સૂઝ અંતરમાં પ્રેર્યા કરો એ જ પ્રાર્થના.

---

## વર્તનકળા

**અમદાવાદ,**

હરિઃૐ તા. ૧૦-૯-૧૯૪૭

જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જીવનમાં અનેક પ્રકારની ગડમથલો, મંથનો, મથામણો, વિટમણા અને યુદ્ધો આવ્યાં જ

કરવાનાં છે, અને એ બધું જે આવ્યાં કરે છે, એની ભૂમિકા આપણા પોતાનામાં જ રહેલી હોવાથી તે તે બધું આપણને તે તે રૂપે સ્પર્શતું હોય છે. એટલે આપણે કાળજીપૂર્વક બને તેટલી તટસ્થતા અને સહાનુભૂતિ રાખીને પ્રત્યેક ગૂંચનો, ભાવનાના વિકાસની દૃષ્ટિએ તેનો ઉકેલ કર્યા કરવાનો રહે છે. એટલે આમ નિશ્ચિંતતાની અને નિરાંતની ભૂમિકા જીવતી રહી શકે, તેવી રીતે જે જીવ મળતા પ્રસંગોમાં હૃદયથી સાવધ બનીને કર્મકુશળતા દાખવે છે, અને તે તે પળે શ્રીભગવાનની ભાવનાની ધારણા જો હૃદયથી સેવતો રહે છે, તો જીવનના તેવા તેવા વર્તનમાંથી સર્વ કોઈનું શ્રેય જ નીપજી શકે છે.

જે જે સંબંધીઓ, માતા, પિતા, પુત્ર,પરિવાર આદિ મળેલાં છે, તે તે આપણાં પોતાનાં જ કર્મપરિચયને પરિણામે મળેલાં છે. જે જે સંબંધ સંસારવહેવારમાં પ્રત્યેક જીવને જે જે રીતનો મળેલો હોય ત્યાં, તે તે રીતે જ તેને રહેવાનું હોય છે. અને તે રીતે જ રહેવું, વર્તવું, ભોગવવું યોગ્ય છે. તેનાથી અતિરિક્તપણે બીજા કોઈ જીવમાં બીજા પ્રકારની વૃત્તિ જાગે, તો તે પૂર્વજન્મના પેલા બીજા કોઈ જીવ સાથેના આપણાં તેવાં કોઈ કર્મના પરિણામનો ઉદય છે, એમ સમજવું અને ધારવું, પણ ત્યાં જો પ્રત્યેક જીવ જીવભાવે વર્તે તો પેલા બીજા જીવ સાથે વધારે નવા બંધનમાં તે રીતે જકડાતો જાય. એટલે સંસારવહેવારમાં જે જે રીતના મળેલા સંબંધો છે, એટલા જ ક્ષેત્રની મર્યાદામાં પ્રત્યેક જીવે તે તે રીતે જ વર્તવાનું હોય છે. અને પ્રત્યેક જીવનાં વહેવારવર્તનની મર્યાદા તે રીતે જ અંકાયેલી હોય છે. એટલે તે કારણથી જે જે સંસારવહેવારમાં જેવી જાતનો

સંબંધ મળેલો છે, ત્યાં ત્યાં માત્ર તે સાંસારિક અને વ્યાવહારિક વૃત્તિથી ત્યાં વર્તવાનું થતાં, તે તે જીવ સાથેનો આપણો સંબંધ વધારે અજ્ઞાનમાં આપણને ઘસડતો જવાનો છે અને જીવનના ભાવનાના વિકાસના આદર્શથી જીવ એટલા પ્રમાણમાં વેગળો થતો જવાનો છે. તે કારણથી કરીને જે જીવનું લક્ષબિંદુ જીવનના ઉન્નતગામી વલણ પરત્વે છે, તે જીવની મળેલા સંબંધોની સાથે જીવદશાની વૃત્તિ જેટલી મોળી પડે, તેટલું તેને માટે યોગ્ય અને કલ્યાણકારક છે.

ઉપરની બાબત બહુ સમજવા જેવી છે અને ધ્યાનમાં રાખવા જેવી છે. મળેલાં અને સંબંધમાં આવેલા જીવો સાથેની જીવસ્વભાવની દશા-વૃત્તિ મોળી પડે તે જરૂરનું હોવા છતાં, તેમની તેમની સાથેનું આપણું ધર્મ્યકર્તવ્ય અને તેમના તેમના જીવન સાથેની આપણા હૃદયની પ્રેમભાવના મોળી ના પડે-બલકે વધારે સચેતન બને, તે પણ એક નોંધવા જેવી હકીકત છે. મળેલા સંબંધોવાળા જીવોનું અને આપણે પણ જો કર્મપ્રારબ્ધ ઘટાડવું હોય, તો તે તે જીવાત્માની સાથેના વહેવાર વર્તનમાં આપણી જીવની દ્વંદ્વભૂમિકા જેમ જેમ અને જે જે રીતે પલટાતી જાય, એવું જ્ઞાનભક્તિપૂર્વકનું વલણ જો આપણે તેમની તેમની સાથેના પ્રત્યેક વહેવારવર્તનમાં જાગૃતિપૂર્વક કેળવતા રહી શકીએ, તો આપણે કર્મ કરતાં હોવા છતાં કર્મની જંજાળમાંથી મુક્તિ પામવાની દશા જરૂર પામી શકીએ. જે જે કંઈ મળેલું છે, તેનાથી કદી પણ ભાગી શકાય નહિ. મળેલા સંજોગો અને મળેલી પરિસ્થિતિ-એ આપણા જીવનવિકાસના હેતુ કાજે જ છે, એવું આપણે સતત હૃદયમાં સમજી સમજીને વધારે

ને વધારે દઢાવવાનું કર્યા કરીએ તો જ આપણે ચિત્તની તુલાને સમતોલ રાખવાને શક્તિમાન થઈ શકીશું.

જીવનના ધ્યેયઆદર્શની ભાવના અને તેની ધારણા પ્રત્યેક થતાં જતાં કર્મમાં તે તે પળે જ જેટલી જેટલી જીવતી રાખ્યા કરવાને આપણાથી મથવાનું બની શકશે, તેટલા પ્રમાણમાં આપણે જીવનના ધ્યેયઆદર્શને મૂર્તિમંત કરી શકવાના છીએ, તે જાણશોજી. જીવનમાં જેમ વહેવારનો માર્ગ અનેક ગૂંચ, મુશ્કેલીઓ અને અનેક બીજી મથામણોથી ભરપૂર રહેલો હોય છે, તેમ આધ્યાત્મિક માર્ગમાં પણ તેવું જ છે. સંસારવહેવારમાં ગૂંચ, મુશ્કેલીઓ આદિ પ્રશ્નો બહુ ભારે મૂંઝવી શકતા નથી, કારણ કે ત્યાં આપણને રાગ, મોહ, લોભ, લાભ આદિ દ્વંદ્વાદિ વૃત્તિઓ રહેલી હોય છે. અને તેમાં સતત પ્રવેશેલા રહેવાને કોઈક એક પ્રકારનું impelling force-ધકેલ્યા કરતું જોશ-હોયા કરે છે. તેવી જ રીતે આધ્યાત્મિક માર્ગમાં અનેક પ્રકારની સૂક્ષ્મ મુશ્કેલીઓ અને કસોટીઓ તો આવવાની જ. કસોટી અને મંથન વિના જીવનનું સાચું હીર જાણી, પારખી કે પરખી શકાતું નથી. એટલે કસોટી અને મંથન તે જીવનવિકાસને કાજે ઘણાં ઘણાં મહત્ત્વનાં અંગો છે. જીવનના ઊર્ધ્વગામી પથિકને કાજે પ્રત્યેક ડગલું એ એની સમજણને કાજે કસોટી અને મંથન રૂપ હોય છે. એ પ્રત્યેક ડગલામાં કેવી ભાવનાથી, કેવી સમજણથી, કેવી ધારણાથી વર્તે છે, એના ઉપર જ તેના જીવનવિકાસનો ખરો આધાર રહેતો હોય છે. એટલે પ્રત્યેક થતાં જતાં કર્મમાં જીવનવિકાસની ભાવના અને ધારણા મનહૃદયથી આપણે ઊર્ધ્વગામી રાખ્યા કરવાનું કેળવવું જ પડશે.

પ્રત્યેકના જીવનમાં અને સારાયે વિશ્વના જીવનમાં, વ્યક્તિગતપણે શું કે સમગ્રપણે શું, અંતર્ગતપણે સુમેળ જ પ્રવર્ત્યાં કરતો હોય છે. વિસંવાદ દેખાય છે ખરો, પરંતુ સુમેળ કે સંવાદ-એ જ-સારાયે સંસારનો પાયો છે. સંવાદ કે સુમેળ વિના આ વિશ્વ એક પળ વાર પણ ના ટકી શકે. સંવાદ અને સુમેળ એટલા બધા તો સચરાચરપણે અને સહજપણે વ્યાપેલા છે કે તેનું આપણને સ્પષ્ટપણે ભાન પણ જાગતું હોતું નથી. જેમ આપણા જીવનમાં, જો વિચારીએ તો, સળંગ અને સમગ્રપણે સુખાકારી જ વધારેમાં વધારે રહેતી હોય છે. દુઃખ, દર્દ એનો કાળ સુખાકારીના પ્રમાણમાં ઘણો નજીવો હોય છે, પરંતુ દુઃખ, દર્દ કે મુશ્કેલી એનું ભાન જીવને સવિશેષપણે થાય છે અને સુખાકારીનું ભાન તો જીવને થતું નથી. તેવી જ રીતે સંવાદ-વિસંવાદનું પણ સમજવું. આ રીતની સમજણથી જો વિચારીએ તો પ્રત્યેક જીવને તેના જીવનમાં જ્યાં જ્યાં વિસંવાદ, મુશ્કેલી, ગૂંચ, નડતર, યુદ્ધ કે મંથન વગેરે મળ્યાં કરે, ત્યારે ત્યારે તે જીવે એના ઉપર પોતાનું મન વિશેષ ભાર ના મૂકે એની કાળજી એણે રાખવી જ પડશે. જો તે જીવ સાવધાની રાખીને તેમ નહિ વર્તે, તો તેવો જીવ ગૂંચવાડાના વમળમાં વધારે ગૂંચવાતો જશે.

ઉચ્ચ જીવનના પથિકને માટે આમ આવું હકીકતપણે વર્તવાનું યોગ્ય અને કલ્યાણકારક હોવા છતાં, જીવનમાં મળતાં પ્રત્યેક કર્તવ્યમાં અને એના નીપજતા જતા પરિણામ વિશે પોતાને નિરપેક્ષપણે જીવતો ખ્યાલ રાખવાનો હોવા છતાં, પોતાનાથી જે જે કર્મ બનતાં જાય કે બન્યાં જાય, તે તે અને તેના પરિણામને

પણ પોતાને એકલાને જ ભોગવવાના છે. તે ભોગવતી વેળાએ જે જીવ પોતાના મનની જેવી સ્થિતિ રાખ્યા કરે છે, તેના ઉપર અને તેના ઉપરથી જીવનમાં પોતાની કક્ષાની સમજણ કેવી જીવતી થાય છે, તે તેને સમજાયા જશે. આ બધું મેં તમને સમજણ પ્રગટાવવાની દૃષ્ટિએ લખેલું છે. કોઈ પ્રસંગ કે બીજા કોઈ જીવનું લક્ષમાં રાખ્યા વગર, આપણે આ માર્ગમાં કેવી જાતની સમજણ રાખવાની છે, તે સ્પષ્ટણે તરતી બને, તે ઉદ્દેશ ખ્યાલમાં રાખીને જે તે લખેલું છે.

ભાવનાનું ઉદ્દીપન કંઈ એમ ને એમ થતું નથી. ભાવના તો પ્રત્યેક જીવમાં હોય છે જ. જો તે ના હોય તો આપણો સંસાર-વ્યવહાર ટકી જ ના શકે. આપણું ક્ષેત્ર સંસાર છે, પરંતુ સંસારમાં સંસારની ભાવના રાખવાની નથી. જે જીવ સંસારમાંથી મુક્ત થવા ઇચ્છે તે કંઈ સંસારમાંથી મુક્ત થતો હોતો નથી, કારણ કે તેને વળી કોઈ બીજા પ્રકારનો સંસાર મળતો હોય છે. એમ જીવનના ઊર્ધ્વગામી પથિકને પણ તેની તેવી જીવનકક્ષામાં ચઢતી ચઢતી ભાવનાના સંસાર મળતા રહેવાના છે. અને એમ ઉત્તરોત્તર વધતાં, પછી જે સંસાર મળ્યા કરે છે એ તો જીવનની તત્ત્વ-ભાવનાના રૂપે મળતો હોય છે. પછી એવા સંસારમાં જીવની દ્વંદ્વભૂમિકા રહેતી હોતી નથી. એવા સંસારનો લહાવો, આનંદ, મીઠાશ, રસમાધુર્ય અને એની ઉદાત્તતા તથા એની સમગ્રતા અને સળંગતા અનેકલક્ષી હોવા છતાં એનું મધ્યબિંદુ તો પોતામાં જ સમાયેલું તે અનુભવે છે, પરંતુ એ તો બહુ ઊંચી આધ્યાત્મિક કક્ષાની હકીકત છે. અને એવું આપણે થવું છે એવો દૃઢ નિર્ધાર કરીને પ્રભુની કૃપાથી

આપણે પગલાં ભરવા માંડીએ એટલી જ મારી તો તમને પ્રાર્થના છે. એમાંથી હઠાવવાને આપણું મન, સ્વભાવ તથા પ્રકૃતિ આપણને અનેક ગડમથલો કરાવશે જ. પાછળ (પીછેહઠ) પડાવવાનું પણ તે જરૂર કરશે, પરંતુ જે જીવ ખંતપૂર્વક, ઉત્સાહથી પોતાના જીવનધ્યેયની પાછળ મંડ્યા જ કરશે અને ધ્યેય પરત્વેની તમન્નાને ગતિ અને પ્રાણ આપ્યાં કરશે, તેવાને પણ કર્મસંજોગે પાછા પડવાનું કદાપિ બને તોપણ તેવા પાછા પડવાપણામાંથી તે જીવ સચેતપણે વહેલો જાગી જવાનો છે, અને આગળ કૂદવાને માટે વધારે ચેતનાથી ઉદ્યત થવનો છે, તે નક્કી જાણશોજી. ઉપર કહ્યા તેવા પ્રકારના જીવનું પાછું પડવું એ તો એને આગળ ધપવાને કાજે impetus-પ્રેરણાત્મક ધક્કો મેળવવા કાજેનું એક પ્રભુકૃપા નિમિત્તકારણ છે, એવું એને અનુભવમાં આવ્યા વિના રહેશે નહિ. અથડાવાનું અને કુટાવાનું તો સંસારવ્યવહારમાં પણ હોય છે, પણ એવા અથડાવા કુટાવામાં તો પરિણામ અંધકાર અને અજ્ઞાનનું છે, અને જીવને તેમાં ને તેમાં પાછા પડવાપણાનું છે, જ્યારે આધ્યાત્મિક માર્ગમાં અથડામણ-કુટામણ એ તો જીવને બોધપ્રદ, ચેતાવનારી અને પ્રેરણાત્મક બને છે અને વધારે ઉચ્ચતર કક્ષાની યોગ્ય સમજણને પ્રગટાવે છે અને જીવનને આગળ ધક્કેલનારાં પણ તે બને છે. આપણી સમજમાં એ જો યોગ્ય રીતે ઊતરી જાય, તો તેવો સમજેલો જીવ જીવનમાં મળતી પ્રત્યેક અથડામણ-કુટામણમાં જીવનવિકાસની જીવતી ભાવના રાખ્યા વિના રહી શકવાનો નથી. એટલે જીવનમાં સાંપડતી એવી અથડામણ-કુટામણની સ્થિતિમાં ઉપર કહ્યું તે પ્રમાણે જો આપણે વર્તી શકીએ તો જીવનનો ઉદ્ધાર નિશ્ચિત છે, એમ સમજવું.

આપણી પરસ્પરની ભાવના રોજના વહેવારનાં કર્મમાં પણ જ્ઞાનયોગભક્તિભાવે જેટલી હૃદયથી જીવતી રહ્યા કરશે, એટલાં વેગ અને પ્રેરણા મળતાં આપણે અનુભવી શકીશું. આપણી સાથેના તાદાત્મ્યભાવની ધારણા જેટલી જીવતી રહ્યા કરે, એટલે પ્રત્યક્ષ કર્મ થતી વેળાએ આપણે ભેળા હોઈએ કે સાથે હોઈએ એવા વિચારભાવની સંકલના જળવાયા જાય, તો એનું પરિણામ કોઈ જુદું જ જરૂર આવે. એટલે તે પણ સાથે સાથે આપણે કર્યા કરવાનું રહે છે. પ્રત્યેક કંઈના અંતરમાં ચેતના જ રહેલી છે, એ તો બુદ્ધિથી પણ સમજાય એવું છે. તે કારણથી પણ આપણા પ્રત્યેક થતાં કર્મમાં જે ચેતનાની ભાવનાનો જ મહત્ત્વે કરીને ખ્યાલ દઢાવ્યા કરે છે, અને એવું એવું જેમ જેમ અનુભવથી જેના જીવનમાં ઊગતું જાય, તે તો સંસારસમુદ્રને તરી જવાનો છે, એ નક્કી.

મનથી અને દિલથી ખૂબ પ્રસન્નચિત્તતા અને સરળતા રાખ્યા કરશો, તો જ ભાવનાનો પ્રવાહ વહેતો થશે.

---

## મન અને સંસાર

**સાયલા,**

હરિઃૐ　　　તા. ૧૩-૯-૧૯૪૭

પહેલાં તો આપણે મનને જ કેળવવાનું છે. જેવું મન તેવી સૃષ્ટિ. જીવનમાં મળતા પ્રત્યેક પ્રસંગમાં, સંબંધમાં, વહેવારમાં, કર્મમાં આપણું મન જ્યાં સુધી શાંતિ, ધીરજ, તટસ્થતા, પ્રસન્નચિત્તતા, યોગ્ય જ્ઞાનપૂર્વકનો વિવેક, સમતા વગેરે બધું જ્ઞાનભક્તિપૂર્વક રાખી ન શકે, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનમાં

આપણો પ્રવેશ પણ ન થઈ શકે. એટલે મનને એના મનગમતા વિષયમાં મહાલવાનું અટકાવવા આપણે એને જીવનધ્યેયના વિષયનું કોઈ બીજું કામ સાથેસાથે આપવું જ જોઈશે. અને તે છે પ્રેમભક્તિપૂર્વકનું પ્રભુનું નામસ્મરણ તથા જીવનમાં મળતા પ્રસંગોમાં જીવંત ખ્યાલ અને ભાન રાખીને આપણું મન તેના પડેલા સ્વાદ પ્રમાણે ન વર્તી જાય, તેનાં ચીવટ-કાળજી આપણે રાખવાનાં છે. મન શિવ-સંકલ્પ-રૂપ બની ગયા વિના જગતના વિચારો જે આવશે, તે જગતસ્વરૂપના જ રહેવાના, માટે તેમાંથી મનને સંકેલવાને-સંકોરવાને, એવું જીવતુંજાગતું આંતરિક બળ પ્રાપ્ત કરવાને માટે સાધના કરવાની જરૂર રહે છે. સાધનાથી મન ઉપરનો કાબૂ જામતો જાય છે. પ્રત્યેક થતાં જતાં કર્મોમાં જો આપણે આપણા મનની ગતિને યોગ્યતા અથવા અયોગ્યતાનો ખ્યાલ રાખીને ભાવનાના વિકાસ કાજે જ્ઞાનભક્તિભાવે સમજણપૂર્વક વહેવરાવવાનું કર્યાં કરીએ તો મન જેટલી પ્રત્યક્ષ સહાય આપણને આપે છે, તેટલું કોઈ આપણને આપી શકતું નથી. ઘરમાં પ્રવેશ કરવાને જેમ ઊમરો એ પ્રથમ પ્રવેશરૂપે છે અને બહાર અને અંદર એ બંનેને સંકળાવનારો છે, અને તેને ઓળંગ્યા વિના આપણે ઘરમાં જઈ શકતા નથી, તેવી રીતે મનરૂપી ઊમરાને ઓળંગ્યા વિના જીવનના ચેતનાના ઘરમાં આપણે દાખલ થઈ શકતા નથી. માટે, આપણે મનને ઓળંગવું જ પડશે. એટલે કે મનની પડેલી રીતરસમો, સમજણો, કલ્પનાઓ, ટેવો, આગ્રહો, માન્યતાઓ, મતો, ધારણાઓ, અટકળો વગેરે બધાંથી વિચારવાનું અટકવું જ પડશે.

વળી, મન એ આપણા વિચારનું સાધન છે અને તેથી કરીને મનને આપણે જો આપણો સાચો જીવનનો મદદગાર બનાવવો હોય તો તેને-એટલે કે મનને-આધ્યાત્મિક જીવનમાં રસ લેતું કરાવવું પડશે. એની મેળે મન તેવું થઈ જતું નથી. તેથી કરીને મનને વારંવાર જીવનના વિષયમાં ખેંચી લાવવાને કાજે એને ગળે દોરી બાંધવાની જરૂર રહે છે. જેમ ખીલે બાંધેલું વાછરડું ગમે તેટલું છૂટું ચર્યા કરે તોપણ તે ખીલાથી અળગું હોઈ શકતું નથી, તેમ મનને આપણે ઊર્ધ્વ જીવનનું સતત એકધારું ચિંતવન કરાવવાનું રહે છે. આપણને સંસારમાં જકડી રાખનાર મન જ હોય છે. મન જેવું પકડી રાખનાર બ્રહ્માંડમાંયે બીજું કોઈ નથી. એણે આપણને બાંધ્યા ન હોવા છતાં આપણે એના બંધાયેલા રહીએ છીએ એવી એની ખૂબી છે. સર્વ કોઈ જે જે કાંઈ કરે છે તે આનંદ માટે કરતું હોય છે. સર્વ કોઈની પ્રવૃત્તિનો હેતુ તો સુખ માટેનો હોય છે, પરંતુ તેમ હોવા છતાં જીવની થતી રહેતી પ્રવૃત્તિમાંથી તેને જોઈએ તેવાં અને જોઈએ તેટલાં સુખ-આનંદ મળતાં હોતાં નથી, એ તો સર્વ કોઈના અનુભવમાં આવેલું છે. અને જેવું જેવું મન તેવો તેવો આનંદનો પણ પ્રકાર રહે છે.

વળી, જેવું જેવું મન, જેવી મનની ભૂમિકા અને જેવી જેવી વેળા મનનું વાતાવરણ, તેવી તેવી રીતે સુખદુઃખનો પણ તેવો જ પ્રકાર રહે છે. પ્રત્યેક માનવી દુઃખ ભલે વેઠતો હોય પણ તે કોઈ ને કોઈ પ્રકારની આનંદની આશા સેવીને જ વેઠતો હોય છે. જો કોઈના જીવનમાં આનંદ જ ન હોય, તો જીવન ટકી પણ ન શકે. આમ, સકળ પ્રવૃત્તિમાં જ્યાં સુધી જગતનું દષ્ટિબિંદુ છે, ત્યાં સુધી તેમાં રાગદ્વેષ, સુખદુઃખ, કંટાળો, ત્રાસ, સંતાપ,

મુશ્કેલી, ગૂંચો, અથડામણ, મૂંઝામણ વગેરે બધું થયાં જ કરવાનું. આ બધાંનો અંત એની મેળે આવી શકવાનો નથી. આપણું અંત લાવવાનું જ્યાં દિલ થયું અને તેમાં જો હૃદયથી કૃતનિશ્ચયી થઈ શક્યા, તો જ અંત આવી શકશે. સારોયે સંસાર આપણાથી છે, આપણામાં રહેલો છે અને જે બહાર છે, તે પણ આપણાથી જુદો નથી. આવી જીવતીજાગતી સમજણ જો હૃદયથી ઠસી જાય કે ઊગી જાય, તો સંસારમાં મળેલાં સંબંધો, સ્વજનો-એ બીજાં કોઈ નથી, પરંતુ આપણા પોતામાંથી જ આપણાં પોતાનાં કર્મના સંબંધોનાં પ્રત્યક્ષ પ્રત્યેક સ્વરૂપો જ છે. આવું જીવતું જ્ઞાન જો તેમાં તેમાં હૃદયથી પ્રવર્તે, તો અને તે આપણને ખરેખરું, યોગ્ય અને હૃદયથી સાચું લાગતું હોય, તો આપણું મન આપણને એકભાવે સુમેળની ભાવનાએ-સર્વમાં પ્રવર્તાવશે. એવું થતાં બીજાં આપણને જે મળેલાં હોય, તે આપણી સાથે યોગ્ય ન વર્તી શકે, તો એમાંથી ઊપજેલાં દુઃખ, ક્લેશ, સંતાપ, ત્રાસ આદિ વૃત્તિઓ આપણા મનમાંથી ઓછી થતી જતી આપણે અનુભવી શકીશું. એકાત્મભાવ આપણે જો મળેલાંમાં અને મળેલાંથી હૃદયમાં હૃદયથી જો નહિ ઉપજાવી શક્યાં હોઈએ, તો આધ્યાત્મિક એકતાનો ખરો અનુભવ માનવી કદી પણ કરી શકવાનો નથી.

જગત એ આપણી નજરે જુદું જુદું લાગે છે, કારણ કે આપણે જ જુદા જુદા થયેલા અને જુદા જુદા રહેલા છીએ. કિંતુ સાચેસાચી રીતે તો તે જ્ઞાન અને ભાવની કક્ષામાં સળંગપણે એક જ છે. તેવી જ રીતે અને તેમ છતાં આપણો સંસાર તે જુદો જુદો લાગતો હોવા છતાં તે એક જ છે, કારણ કે તે આપણો પોતાનો જ વિસ્તાર છે અને આપણા પોતામાંથી ઊપજેલો છે. અને જેવો

તે સંસાર છે, તેવો તેના તેવા સ્વરૂપમાં આપણે જ તેને તેમ રાખેલો છે. એટલે ત્યાંથી ઊર્ધ્વમાર્ગના પ્રત્યેક જિજ્ઞાસુએ સંસારમાંથી સંસારની વૃત્તિ હઠાવ્યા વિના તેનો સંસાર કદાપિ મીટી શકવાનો નથી, તે વાત નક્કી જાણશોજી. સંસારને આપણે પોતે જ ઉપજાવ્યો છે, તે સંસારને આપણે પોતે જ પોષ્યો છે અને નિભાવ્યો છે. એટલે એને આપણે પોતે જ પરમ ભાવનામાં પલટાવવા કાજે પ્રત્યક્ષ ભાવના સ્વરૂપ જ આપણે બની જવું પડશે. એવું આપણું થઈ જતાં આપણાથી તે જુદો લાગી શકવાનો નથી. જે તે કંઈ બને છે, તેનું કારણ બીજું કોઈ નથી કિંતુ આપણે પોતે જ છીએ, એમ વિચારીને સંસારવહેવારનાં થતાં કર્મમાં ભાવનાનું હૃદયથી ઉદ્દીપન થતું રહે તેવો જીવતો મનથી ખ્યાલ અને તેનો અભ્યાસ આપણે રાખ્યા જ કરવા પડશે, અને એને કાજે, આવું થવાવા કાજે, આપણને બુદ્ધિની સાત્ત્વિક સૂક્ષ્મતાની ઘણી જરૂર રહે છે અને તેવું કંઈ ભાવનાના જીવતા અભ્યાસ વિના ઊપજી શકતું નથી.

ભગવાનનું નામસ્મરણ મનને એના ચીલામાંથી હઠાવવાને કાજે ઉત્તમ સાધનરૂપ છે. મન જે જે વિચારે છે, તેના પરિણામને તેવી રીતે થતું અટકાવવા નામસ્મરણનું તે તે પળે તેની તેની સાથે ભેળવવું મનહૃદયથી બન્યા કરશે, તો મનના તેવા તેવા તે તે પળોના વિચારોનું જોશ, એની છાયા અને એના સંસ્કાર મોળાં પડતાં જવાનાં છે, તે વાત નક્કી છે. જેમ કે ઝેર હોય પરંતુ તે સાથે તેની વિરુદ્ધનું બીજું કશું ભેળવ્યું હોય, તો તેની માત્રા ઘટે અને ઝેરનું જોશ પણ ઘટે અને જે જાતનું પરિણામ તેનાથી આવવાનું હોય તે રીતે તે પરિણામ ન નીપજવાનો સંભવ રહે

છે. એવી રીતે જો મનની મનથી થતી સકળ પ્રવૃત્તિમાં સમજણ સાથેનું ભાવનાપૂર્વકનું ભગવાનનું નામસ્મરણ જીવતું ચાલુ રહ્યા કરે, તો આપણે સંસારના સકંજામાંથી મુક્ત થઈ શકીએ. જ્યાં સુધી મનનો સ્વભાવ પલટાતો નથી, ત્યાં સુધી માનવીને કશામાંથી મુક્તિ મળી શકતી નથી. એટલે જ બધા ધર્મોએ મનની કેળવણી ઉપર મહત્ત્વ આપેલું છે. જીવનની સમજણ અને જીવનને આપણે કયે માર્ગે લઈ જવાનું છે, એ બંનેની જીવતી ધારણા મનને કેળવવાને કાજે મુખ્ય સાધન છે. સંસારની પ્રવૃત્તિમાંથી જીવને કદી પણ નિરાંત વળી શકવાની નથી, એ તો નક્કર હકીકતની વાત છે. સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી, કિંતુ આપણે સંસારને વળગેલા છીએ, અને તેથી કરીને આપણે મનની સ્થિતિને જ ત્યાં માત્ર પલટાવવાની રહે છે. મન એની મેળે પલટી જઈ શકતું નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે.

એટલે મારી તમને હૃદયથી પ્રાર્થના છે કે મનને પલટાવવા કાજે પ્રભુના નામનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું પહેલું સાધન સતત એકધારું સ્મરણ-એ એક મુખ્ય સાધન અને બીજું સાધન તે રોજબરોજનાં થતાં સકળ કર્મોમાં શ્રીભગવાનની ભાવના અને ધારણા જીવતી રહે તે કાજેનો દૃઢતાભર્યો અભ્યાસ અને ત્રીજું સાધન તે જીવનમાં મળતા સર્વ પ્રસંગોમાં સમતા, શાંતિ, ધીરજ, તટસ્થતા, બીજાંઓ પરત્વેની સહાનુભૂતિ વગેરે ગુણો આપણે કેળવતા રહેવાનું છે. જો જીવનની ભાવના કેળવવાની આપણને સાચેસાચી ભાવના જીવતી થઈ ગયેલી હોય છે, તો જે કંઈ થતું રહે છે, તે આપણા વિકાસ માટે જ છે,

એવી અનુભવની સમજણ તેમાંતેમાંથી  જાગતી રહે છે. આમ હોવાથી મનની સકળ જાતની પકડમાંથી મોકળા થવાને કાજે પ્રત્યેક સાધકે એટલું તો જરૂર કરવું જ પડશે.

જે ચાલતો છે તેને કશી ગૂંચ નડતી નથી. ચાલનારો તો ગૂંચ, મુશ્કેલી, અથડામણ, મૂંઝવણ, અકળામણ, સંતાપ, ત્રાસ, દુઃખ-એ બધાંને યોગ્ય રીતે ઉકેલીને આગળ જવાનું જ સમજે છે. ચાલવાનો જ જેણે દૃઢ નિશ્ચય કરેલો છે, તેને જગતમાં કોઈ પણ અટકાવી શકે એમ નથી, એવી એની ખૂબી છે.

મનની સ્થિતિ જ્યારે જ્યારે રચનાત્મકપણે યોગ્ય પ્રકારની ન રહે, ત્યારે ત્યારે તેમાં ભેરવાઈ પડવું નહિ, પરંતુ તેવી સ્થિતિમાંથી નીકળી જવાને સમજપૂર્વક મથવું. જેણે ચાલવાનું જ નક્કી કર્યું છે, તેનું ચાલવાનું બંધ થતાં, ચાલવાનું બંધ થવાનું કારણ તેવો જીવ તે તે પળે વિચારીને તેવા કારણથી અળગો બનીને, પાછું ચાલવાનું આરંભી જ દે છે, એવું જે જીવ કરે છે, તેણે જ સમજવું કે ચાલવાનો સાચો હૃદયથી નિર્ધાર થયેલો છે. ક્યાંક કશાકમાં ભરાઈ પડીએ ત્યારે ત્યારે મનહૃદયથી પ્રબળ ભાવનાપૂર્વક સ્મરણ કરવું. જો તેમ કર્યા છતાં પણ મનનો બોજો, મનનો સંતાપ, મનની ચિંતા, મનની મૂંઝવણ, મનની અથડામણ, મનનો ત્રાસ વગેરે બધું હળવું પડતું ન લાગે તો જેને તમે જીવનના ગુરુ માનેલા છે, તેને મનહૃદયમાં ભાવનાથી નજર સમક્ષ પ્રગટ કરવા અને એમ મનહૃદયમાં તેને પ્રત્યક્ષ કરીને એની સાથે તે તે પ્રસંગોની વાતોચીતો કર્યાં કરવી. એમ કરવાથી જરૂર મનમાં પ્રસન્નચિત્તતા પ્રગટી જશે.

આપણો જીવનનો ગુરુ એ માટીનું પૂતળું હોવા છતાં તેનામાં બીજું કશુંક છે. એનો જીવતો અનુભવ જો આપણે સમજણ અને ભાવનાપૂર્વક મનહૃદયથી પ્રયોગો કર્યા કરતાં રહીશું, તો જ થશે.

### 'મોટા'ની યાચના

(ગઝલ)

તમારા પ્રેમનો બદલો કઈ રીતે શકું વાળી ?
થઉં કૃતાર્થ, જીવનને શકું તમ જો હું અજવાળી.
'તમે જે ભાવ આપ્યો છે જીવનમાં તે ફળવવાને,
સરળતા આપજો મુજને'-હૃદયથી પ્રાર્થના તમને.
જીવનના ભાવનો કોઈ કશો જો યોગ્ય બદલો હો,
જીવન-પલટાયેલું રૂપ, ખરેખર ! યોગ્ય તે બદલો.
જીવન પલટાવવા કાજે જગવજો ઉરની વૃત્તિ,
હૃદયની ભાવનાને તે ન અથડાવા કશે દેવી.
'તમારું હું સ્વજન ભૂખ્યું હૃદયના પ્રેમનું ઝંખ્યું,
ન એકલવાયું તો એને કૃપાથી રાખશો' યાચું.

ઊંચે જોયા કરીશું તો જ આકાશ, ચંદ્ર અને સૂર્યનાં દર્શન થયાં કરશે. માટે, એટલી અને એવી કૃપા કરવા વિનંતી છે.

---

## ગુરુની યાદ

**સાયલા,**

હરિઃૐ તા. ૧૮-૯-૧૯૪૭

મારે મન તો ગુરુ એ સ્થૂળરૂપે નથી પણ ભાવના-ચેતના રૂપે છે, અને એ રીતે એનું સ્મરણ, એનો ચેતનભાવ-આપણાં વિચાર, કર્મ, વહેવાર, સંબંધ, વર્તન આદિમાં-જીવતો રહ્યા

કરવાનો અભ્યાસ કેળવતા રહીશું, તો આપણને હૃદયમાં અનુભવ થવાનો જ છે, તે નક્કી જાણશોજી.

---

**સાયલા,**

હરિઃૐ તા. ૨૦-૯-૧૯૪૭

(ગઝલ)

હૃદયથી વહાલસોયાં જે હૃદયમાં યાદ જગવે છે,
જીવનમાં ભાવ પ્રેરવવા સ્મૃતિ તે કામ આવે છે.
હૃદય તલસે, હૃદય ઝંખે, 'ઊડી જાણે જઉં પાસે,
અને લઉં ભેટી હૈયાથી', કદીક એ ઊર્મિ જાગે છે.
સ્વજનની યાદ ઊર્મિ તે, હૃદય અમ શક્તિરૂપે છે,
સ્વજનને મૂર્તિમાં ઘડવા હૃદય આધાર એક જ તે.
સ્વજન છે ભાવનારૂપે સમાયે ભાવમાં જ્યાં તે,
શરીર બે સ્થૂળ છો જુદાં ભળે શાં એકરસ ભાવે !
પરસ્પરનો ઠરે છે જ્યાં હૃદયરસ ભાવ એકાગ્રે,
પૂરો કેંદ્રિત તે ઠરતાં ઉભય શાં એક લાગે છે !

જેનામાં પૂરેપૂરો હૃદયનો ભાવ હૃદયમાં ઠરી જાય છે, એની યાદ-લગની સકળ કર્મમાં આપણામાં સાથે ને સાથે રહ્યાં જ કરતી હોય છે, એ માનસશાસ્ત્રીય હકીકત છે. તેવી તેવી વેળા તે તે કર્મનું પ્રાબલ્ય ઘટીને તેવા તે તે કર્મમાં જીવતા રહેવાનું પ્રાબલ્ય જામતું જતું હોય છે. ત્યાં ત્યાં કર્મનું મહત્ત્વ તે જીવાત્માને મન હોતું નથી, પરંતુ તે તે કર્મ થતું રહેતું હોવા છતાં, તેનું મન અને હૃદય તો, જેનામાં હૃદયનો ભાવ ઠરી ગયેલો હોય છે તેનામાં જ રહેતું હોય છે. એટલે ભાવનું જ મહત્ત્વ

રાખીને જે તે કર્મ કરતાં કરતાં આપણો તેવો હૃદયનો જીવતો ભાવ સાથે ને સાથે રહ્યા કરે, એટલું જ નહિ પરંતુ જીવતા સ્વરૂપે વહે તેવો અભ્યાસ મનહૃદયથી આપણે કેળવવાનો છે. તેવું કરવા જતાં જગતવહેવારનું કશું અટકી રહેવાનું નથી, તે તો પ્રભુકૃપાથી ચાલ્યા જ કરવાનું છે. જ્યાં ત્યાં સરળતા, પ્રસન્નચિત્તતા, વધારે ઉન્નતપણે, ઉત્કટપણે, હૃદયમાં પ્રગટ્યાં કરે, એવું પ્રેમસ્મરણ હૃદયથી પ્રવર્ત્યાં જશે તો જ ખરા જીવનનો રસ જાગતો થઈ જવાનો છે, તે જાણશો.

---

**સાયલા,**

હરિઃૐ તા. ૨૦-૯-૧૯૪૭

'જો બિધ રાખે રામ, સો બિધ રહના રામ.'

જે જે પરિસ્થિતિ મળ્યા કરે તેમાં હૃદયથી એક સમરસભાવે આનંદ માણવાનો રહે છે.

**સાયલા,**

હરિઃૐ તા. ૨૪-૯-૧૯૪૭, રાત્રે.

આજ તો સવારથી તમે ઘણા જ યાદ આવો છો અને તેથી તમને એક નાનકડું જોડકણું લખીને બુકપોસ્ટમાં મોકલ્યું છે. તમારો કાગળ ન મળે તેની તાલાવેલી થતી હતી તેથી.

***'મને કાં રગરગાવો છો ?'** એમ કરીને તમને ગઝલમાં લખાણ લખ્યું છે.

ત્યાં આજ સાંજે તા. ૧૮-૯-૧૯૪૭નો તમારો લખેલો કાગળ મળ્યો છે, અને તે હૃદયે ચાંપ્યો. નવી પરણેતર વહુને

---

* **'જીવનસંદેશ'**માં છપાયું છે.

પોતાના પતિનો કાગળ મળતાં જેટલો આનંદ થાય, તેટલો આનંદ મને તમારો કાગળ મળતાં થયો-જોકે તમે વર નથી અને હું વહુ નથી. તમારા કાગળ જાણે રોજ મળ્યા કરે, એમ ઝંખું છું. વહાલાંની હૃદયની ઝંખનામાં પણ, ભાઈ ! એક પ્રકારની જે મીઠાશ, જે માધુર્ય, તલપતા અને તલસતા હૃદયની પીડા રહેલી છે, તે તો તે વિષયનો એક જે અનુભવી દર્દી હોય તે જ જાણી શકે.

જ્યારે હું લખું છું કે તમારા એકલાના જીવનમાં પણ જો પ્રભુકૃપાથી અને તમારા હૃદયના પ્રેમભાવની મદદથી ભળી શકવાનું બન્યું, તો તેથી મને ભગવાનની સેવાભક્તિ કરવાનો અનન્ય પ્રસંગ મળ્યા કરવાનો છે, ત્યારે તેવું કહેવું તે મારે માટે તો પ્રત્યક્ષ જીવતી હકીકતનો વિષય છે. તમારી મારફતે બીજા કેટલાય જીવોના પરિચયમાં આવવાનું થશે. આમ, તમારી સાથે મારો તે પાકો સ્વાર્થ રહેલો છે, તે જાણશોજી.

**સાયલા,**

હરિઃૐ તા. ૨૭-૯-૧૯૪૭

આવાં કુમળાં બાળકોની સેવા કરવાની તક મળે એ જ મારે મન તો સાચેસાચી પ્રભુભક્તિ છે. ભાઈ.....ને જે લત લાગેલી છે, તે પ્રભુકૃપાથી છૂટે તો એનું શરીર જરૂર વળે. એની એવી હકીકત કૃપા કરીને કોઈને કહેશો નહિ. એના ઉપરના કાગળમાં જે ઉપાયો સૂચવ્યા છે, તે પ્રમાણે તે કશું કરે છે કે નહિ તે જરા સૂક્ષ્મપણે જાણવાનું કરીને મને લખતા રહેશો, તો એના મનની વૃત્તિ પૂરી સુધરવાની છે કેમ તેની મને પૂરી ખબર પડે.

આ કાગળ જાણી જોઈને અલગ લખ્યો છે કે જેથી તે બીજાંના જાણવામાં ન આવે. ભાઈ...ને આ કુટેવનો ચેપ ન લાગે એ જોવાનું છે. એ બહુ બૂરી કુટેવ છે. છૂટતાં છૂટતાં તો દમ નીકળી જાય. કેટલાયે જુવાનોને તો તે કુટેવ સંસાર માંડ્યા પછીથી જ ટળે છે. હાલના જુવાનોનો ગૃહસંસાર પણ મને તો મિથ્યા જેવો લાગે છે. એમાં પણ નરી સ્વચ્છંદતા જ પ્રવર્તે છે. ભાઈ...નાં પત્નીને એક નાનું, ઘણું નાનું બાળક હોવા છતાં, પાછા દિવસ હતા તે જાણી મને તો દુઃખ પણ થયું હતું. તે વિશે એમને લખવાનું મન હતું, પણ હજી પરિચય પાકો બંધાણો નથી તેથી ઢીલ કરી છે. નાનું બાળક હોય તેવી વેળા માનવીએ આવી બાબતમાં પૂરી સબૂરી ખમવાની ઘણી ઘણી જરૂર રહે છે.

સંતપુરુષ કદી મૂંઝાયેલા હોતા નથી. તેવી રીતના દેખાય કે આપણને લાગે, પણ તેમની ભૂમિકા તો તદ્દન શાંત પ્રકારની હોય છે. તટસ્થ રહેવાની જીવતી કળા તેમને સાંપડી ગઈ હોય છે. એટલે તેમનામાં તો આનંદ જ પ્રવર્તતો હોય છે.

---

**યજ્ઞ** સાયલા,

હરિઃૐ તા. ૨૬-૯-૧૯૪૭

તમારો તા. ૨૦-૯-૧૯૪૭નો કાગળ મળ્યો છે.

તમારા ઉપરના મારા કાગળો અમુક અમુકને તમે વંચાવો છો, તે જાણી આનંદ થયો છે.

જગતમાત્ર એકત્વની સાંકળથી સંકળાયેલું છે, પરંતુ જીવ સ્વભાવે કરીને તેમાં ભિન્નત્વ મનાતું જતું હોવાથી જગત

વધારે ને વધારે રાગદ્વેષમાં સપડાતું જાય છે, તે આપણે નરી આંખે જોઈ શકીએ છીએ. આપણે તેમાંથી જેટલા પ્રેમભક્તિ-ભાવથી અને વિવેકબુદ્ધિની સમજણથી મોકળા બની શકીએ તેટલી એની ઝાળ આપણને ઓછી લાગશે. બળતું બળતું લાગવાનું તો બધાંને અને આપણને પણ લાગે, તેમ છતાં જો ઉપર પ્રમાણેનો જીવતો અભ્યાસ કેળવાતો જતો હોય તો તે લાગવાનું નહિ.

એવી જ રીતે છૈયાંછોકરાં પણ જો બુદ્ધિથી વિચારીએ તો કંઈ જુદાં નથી, આપણાથી અને આપણામાંથી જ તે પેદા થયેલાં છે, અને તેમનામાં જે કંઈ સારું કે નરસું રહેલું છે તે તેમનું નથી, પણ તે તે બધું આપણામાનું છે, તે નક્કી સમજજો. જોકે તેવી તેવી તે તે જીવની પ્રારબ્ધ સંસ્કારની ભૂમિકા તેવી તેવી હોય, પણ તે તો એક જુદી હકીકતની વાત છે. તેથી કરીને આપણાં છોકરાં અને આપણો સંસાર એ આપણે પોતે જ છીએ. ત્યાં એવી અભેદતા કેળવતા રહીને તે તે સાથે તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા, શાંતિ અને અપાર પ્રેમભાવ આપણે કેળવતા રહેવાનું છે. જગતમાં સમજુને જ વધારે સહેવાનું આવે છે. અને વધારે સહેવું પડતું હોય છે, એ જ મારે મન તપશ્ચર્યા છે. સંસારમાં જે સહેવાનું આવે છે, તે જીવનની કેળવણી કાજે છે. જીવનના વિકાસ કાજે છે. જો આપણે તેવું તેવું સહેવાનું આવે, ત્યારે તેમાં તપશ્ચર્યાનો ભાવ રાખી શકીએ અને તેમાં જો તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા, હૃદયનું ઉદારતાનું દૃષ્ટિબિંદુ અને તેવું લક્ષ્ય, શાંતિ અને અપાર પ્રેમભાવના આદિ દૈવી સંપત્તિના ગુણો તે

તે વેળા ભળી શક્યા તો જીવનમાં એના જેવી બીજી પ્રખર સાધના કે તપશ્ચર્યા નથી. તેવું જીવન તે તો એક ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે. આપણે એ જ યજ્ઞમાં હોમાયે જવાનું છે, અને એમાં એક પછી એક આહુતિ (એટલે કે આપણાથી થતાં સકળ પ્રકારનાં કર્મો, વિચારો, વૃત્તિઓ, લાગણીઓ, ભાવના, ભાવ, સંસાર અને સંસારનો સંબંધ તેની સાથેના વર્તાવ આદિ પ્રત્યેક સ્થૂળ, સૂક્ષ્મ) પ્રેમભક્તિભાવે હૃદયના ઉમળકાથી હોમ્યે જવાનાં છે. એવી એવી આહુતિ આપતાં જતાં જેમ યજ્ઞની વેદીમાંથી અગ્નિ-જ્વાળાઓ પ્રગટે છે, તેવું જો સંસારયજ્ઞની વેદીમાં જ્ઞાનભક્તિપૂર્વકના આપણા તેવા હોમાવાપણામાંથી આપણા જીવનનું ઊર્ધ્વગામી ઉડ્ડયન થતું આપણે અનુભવી શકીએ, તો નક્કી જાણવું કે આપણે આપેલી આહુતિઓ યથાર્થપણે હતી અને છે.

પ્રત્યેક માનવીને, તે ઈચ્છે કે ના ઈચ્છે તોપણ હોમાવું તો પડે છે જ. તેથી જ આ સકળ વિશ્વ એ તો એવા યજ્ઞની અખંડ તૈલધારવત્ ચાલતી આવતી એક વિધિ સમાન જ છે. તેવી જ રીતે પ્રત્યેકનું જીવન પણ યજ્ઞરૂપે જ ચાલી રહેલું છે. માત્ર, તે તે જીવને એનું જીવતુંજાગતું જ્ઞાનભાન પોતાને હોતું નથી. પ્રત્યેકને એકબીજાં કાજે ઘસાયા વિના ચાલી શકતું હોતું નથી. પ્રત્યેકને પરસ્પર એકબીજાંના કામમાં આવવું જ પડે છે. પ્રત્યેકને એકબીજાં કાજે સહેવું જ પડે છે, પ્રત્યેકને પરસ્પર નિભાવવા જ પડે છે. અને પ્રત્યેકથી પ્રત્યેકને રંજાડ પણ થયા જતી હોય છે. એમ આ જગતમાં પ્રત્યેક પરસ્પરથી જકડાયેલાં, સંકળાયેલાં હોવાથી કોઈ પણ કોઈનાથી ભિન્ન નથી, તે

કારણે એક એકે જીવ, પોતા કાજે ભલેને સ્વાર્થી હોય તેમ છતાં, બીજાં કાજે પણ જીવતો જ હોય છે, પરંતુ માત્ર તે અજ્ઞાન, અંધકાર દશામાં તેમ કરતો હોય છે. તેમ કર્યા વિના કોઈને ચાલતું હોતું નથી, એવું આ વિશ્વનું સનાતન વિધાન છે. એમાં સર્વ કોઈને જોડાવું જ પડે છે. એવો આ બ્રહ્માંડનો આદિઅનાદિનો યજ્ઞ ચાલી જ રહેલો છે. સર્વ કોઈ એમાં હોમાયે જ જાય છે અને તેમાં આપણે પણ પળેપળ હોમાયે જ જઈએ છીએ, તો વાસ્તવિકપણે તેવું છે અને જો તેવું આપણી બુદ્ધિ સ્વીકારી શકતી હોય, તો પછી ઘાંચીના બળદિયાની જેમ આંખે ડાબલા ઘાલીને શા માટે હોમાવું ? હોમાવું તો પડવાનું જ છે એમાં સંશય નથી, એમાં ઈચ્છાનો પણ પ્રશ્ન નથી રહેતો.

માનવી મૂર્ખપણે 'પોતે સ્વતંત્ર છે સ્વતંત્ર છે' એમ બૂમો પાડ્યા કરે છે. એ તો વિશ્વનો સહજ અને અબાધિત એવો સ્વાભાવિક ક્રમ છે, તેવો (સમર્પણ થયા જવાનો) એનો સ્વભાવ છે. વિશ્વયજ્ઞજીવનનું તે એક અંગ છે, એટલે તો પછી આપણે આપણા સંસારયજ્ઞમાં જે હોમાવાનું આવે, તેમાં જ્ઞાનભક્તિ-પૂર્વકનાં જો તટસ્થતા, સમતા, ધીરજ, શાંતિ, સહનશીલતા, હૃદયની ઉદારતા, અપાર પ્રેમભાવ અને ત્યાગ સમર્પણની ભાવના જો કેળવ્યાં કરીશું, તો તેવી રીતે તપશ્ચર્યાના ભાવે જ્ઞાનપૂર્વકનું જે આપણું હોમાવાનું બનશે, એનાથી કરી જીવન ઉન્નત થયાં જવાનું છે. એવી રીતે એવા પ્રત્યેક ઉન્નત થતાં જતાં જીવનનો સ્પર્શ બીજાંને પણ લાગતો જ હોય છે. એવું જીવન થવાની ભાવના આપણા હૃદયમાં જીવતી બનતાં દૈવી

સંપત્તિના ગુણો પ્રગટતા જતા આપણે અનુભવી શકવાના છીએ. પ્રભુમય જીવન એટલે પહેલાં તો સાત્ત્વિક જીવનનો વિકાસ, અને એવા ગુણોથી અને એ ગુણોની શક્તિ વડે કરીને મળેલા સંસારયજ્ઞની વેદીમાં પળેપળ આપણું જે હોમાવાનું બન્યા જતું હોય છે, તેમાં આપણે તો જ્ઞાનભક્તિપૂર્વકનું ઉપર મુજબની ભાવના પ્રમાણે જ જીવવું, અને એવી રીતે જીવવામાં જ્યારે અપાર આનંદ, રસ, પ્રેમભાવ લાગે, ત્યારે જાણવું કે જીવનમાં હવે રસ જામવા લાગ્યો છે ખરો.

સંસાર એ બીજું કશું નથી, પણ વૃત્તિ કે ભાવનાનો વિસ્તાર છે.

અહીં બે દિવસથી ઘરમાં-છાણાંલાકડાં ભરવા કાજે એક નાનકડી છાપરી બનાવેલી છે, તેમાં એક સાપ વારે વારે ડોકિયાં કરતો નજરે પડ્યાં કરે છે. વારેવારે છાણાંલાકડાં લેવા તો જવું જ પડે. બહેન.... ને ધીરજ આપીને સાંત્વન આપું છું કે જેવું આપણું ઘર તેવું તેનું પણ. એ ભલે ત્યાં રહ્યો. કાઢીશું તો વળી બીજો નહિ જ દેખા દે તેની શી ખાતરી ? એકને તો પકડીને બહાર મૂકી આવ્યા અને આજે બીજાએ દેખા દીધી છે, તો એ ભલે રહ્યો.

ઉપાધિ તો મનને લીધે છે. સૌ કોઈનું યોગ્ય થયાં જશે એવો વિશ્વાસ હૃદયથી રાખવો.

ઘરના વ્યવહારમાં વીંછીના ડંખ જેવી વેદના જેને થતી હોય તે કોઈની સલાહ લેવા થોભતો નથી. તે તો તરત નિવૃત્તિ લે છે. બાકી, મારા તત્ત્વજ્ઞાનમાં તો એમ છે કે જે જે પરિસ્થિતિ મળતી રહે છે, તે તે માનવીના અભ્યુદય કાજે પૂરેપૂરી શક્યતાથી

ભરપૂર હોય છે. કશાથી ભાગી છૂટવાની જરૂર નથી. પરિસ્થિતિ અને પ્રસંગો તો અનેક પ્રકારના આવશે અને જશે, પરંતુ એમાં આપણે કેવા રહીએ છીએ અને કેવી રીતે જીવીએ છીએ એના ઉપર આપણા જીવનવિકાસનો પૂરો આધાર રહેલો છે.

આપણા પરિવારનાં મન, વચન અને હૃદયનો પ્રેમભાવ અને સહકાર મેળવ્યા વિના જે તે કામ યોગ્યપણે ટકી શકવાનું નથી એની તો ખાતરી છે.

જે મોટું છે એને વધારે સહેવાનું આવવાનું જ. એવું સહેવું દિલના પ્રેમભાવથી જે જીવ સ્વીકારી લે છે અને તેમાંથી જે જીવ આનંદને બહેલાવે છે, એવા જીવના સકળ પ્રકારના સંતાપ ટળી જાય છે.

સંસાર એ તો પ્રત્યક્ષ જીવવાનો બોધપાઠ શીખવાની પાઠશાળા છે, એના જેવો બીજો કોઈ જીવતો ગુરુ નથી.

અંતરમાં અંતર્મુખપણે રહી શકાવું એ સતત તેવા પ્રકારના એકધારા અભ્યાસ વિના કદી પણ શક્ય નથી થતું.

મારા તત્ત્વજ્ઞાનમાં તો કશાથી ક્યાંયે પણ ભાગી છુટાય નહિ. તે તો નરી કાયરતા છે.

આ જીવ પોતે પોતાનું adujsut કરી લેતો. વાતાવરણને અનુકૂળ થઈ જતો. ઘણુંય સહન કરવાનું આવતું, પણ તેમાંથી જ જીવનો વિકાસ થતો રહ્યો.

---

## સગાંસંબંધી

**સાયલા,**

હરિઃૐ તા ૨૮-૯-૧૯૪૭

આ કાળ જ એવો છે. ઘર્ષણની વૃત્તિ જ્યાં ત્યાં પ્રધાનપણે છે. ઠેરઠેર એનું વર્ચસ્વ છે. માનવી બધાં એમાં નિમિત્ત બનેલાં છે. તેથી, માનવીનો દોષ જોવાનું માંડી વાળવું. **કાળ કરે તે કોઈ ન કરે.** કાળનું એ તો બળ છે. તેથી, માનવીની મતિ તેવી જ રહેવાની. બાકી, સંસારવહેવાર કે આધ્યાત્મિક જીવનમાં-બધે એક જ પક્ષ છે, બીજો પક્ષ નથી. જ્યાં ત્યાં એકત્વ જ છે, બીજું છે જ નહિ. સહુ જે કંઈ બન્યા કરે છે, તેનું મૂળ તો આપણા પોતાનામાં જ રહેલું છે, તે નક્કી માનશોજી. આપણા પોતાનામાં તેવી જાતની ભૂમિકા હોયા વિના તેવું કશું આપણને સ્પર્શી શકવા તાકાત કે પ્રાણવાળું બની શકતું નથી. વધારે સહન કરવાનો, વધારે શાંતિનો, વધારે ધીરજનો, વધારે ઉદારતાનો, વધારે મોટા મનનો આદિ ગુણો દાખવવાનો ધર્મ વડીલનો, આપણો, છે. જગતમાં સમજુને જ માર પડતો જાણેલો છે. મારે મન તો બાળકો આપણાથી જુદાં નથી. તેમનાંમાં જે જે સારું કે નરસું જણાય તેનું મૂળ આપણામાંનું છે, તે નક્કી જાણશોજી. આ કંઈ કોઈનો પક્ષ લઈને લખતો નથી, પણ સામાન્ય હકીકતની દૃષ્ટિએ મને જે સત્ય લાગ્યું છે કે લાગે છે, તે પ્રમાણે લખેલું છે, અને તે મુજબ જીવનમાં વર્તી ચૂકેલો છું.

હાલમાં આધ્યાત્મિક જીવનને અંગે કેટલાંક જ સ્વજન મળેલાં છે, તેમાંથી કોઈ કોઈએ તો ન ભંડાય કે ન ભાંડી શકાય

કે જીભે લેતાં પણ સંકોચ થાય એવી ગાળો આ જીવને ભાંડ્યાં જ કરેલી છે અને એનાં એકરારનામાં નંદુ પાસે પડેલાં છે. એવા એક નહિ. બે નહિ, પણ ત્રણેક જીવો હશે. છતાં એમની સેવામાં અને એમની પરત્વે પ્રેમભાવ રાખવામાં પ્રભુકૃપાથી ન્યૂનતા રાખી નથી. જોકે મારે તો પરવા જ નથી. કશી પડી પણ હોતી નથી. સાવ પૂરેપૂરો નિઃસ્પૃહી અને પૂરેપૂરો સ્પૃહી, સાવ પરવાવાળો અને સાવ બેપરવાવાળો, એવા બે સામસામા ગુણો સાથે સાથોસાથ વર્તવાનું બન્યા કરે છે, પરંતુ જીવમાં જ્યાં સુધી ગુણ ઉપર સંપૂર્ણ કાબૂ નથી આવેલો ત્યાં સુધી માનવીએ પરવાવાળો રહેવાની જરૂર છે. પ્રેમભાવની બાબતમાં તો એક જ પક્ષ છે. **'પુનિત પ્રેમગાથા'*** છપાઈને મળી જાય ત્યારે તે પૂરેપૂરી વાંચી જવા પ્રાર્થના છે.

જગતમાં પારકાનું સહી લેવાય અને તેમનું ગળી પણ જવાય છે, તેવી રીતે પોતાનાં છોકરાંનું તેવું સહેવાવું કે સમજણપૂર્વકનું ગળી જવાનું માબાપને કાજે એટલું જ યોગ્યતાવાળું હોવું ઘટે.

છોકરાં યોગ્ય રીતે ન વર્તે તો તેનું પરિણામ તેઓ પોતે જ ભોગવવાનાં છે, તે નક્કી જાણશોજી. એમનાંમાં જે જે વૃત્તિઓ છે, તેનું મૂળ તો આપણે લીધે જ તેમનાંમાં ઉદ્ભવેલું છે. પ્રેમભાવે, કૃપા કરીને તપશ્ચર્યાભાવે સહેવું અને ઉદાર દિલ રાખીને તેમને સમજાવટ કર્યાં કરવી એ જ તેમને યોગ્ય માર્ગે લાવવાનો માર્ગ છે. ન સમજે તો આપણું માનભંગ થાય

---

* છપાઈ ગઈ છે.

છે એમ ન માનવું ઘટે. 'તો પછી આપણું પોતાનું સ્થાન ક્યાં ?' એમ મન આપણને પૂછે તો આપણું સ્થાન આપણામાં જ રહેલું છે. જીવનધ્યેયને વર્તનમાં મૂકવા જતાં મને મા, ભાઈઓ, ભાભી તથા બીજાં સગાંવહાલાંઓ તરફથી માત્ર પ્રેમભાવ જ મળ્યો છે તેવું કશું નથી. માનો પણ અંતરથી તો વિરોધ હતો. એ બધું તો સંસારનો ક્રમ છે. એનાથી ત્રાસવાનું કારણ નથી. બુદ્ધિથી શક્ય હોય તેટલો હૃદયપૂર્વકની યોગ્ય ભાવનાથી એનો ઉકેલ થવા કાજે જે કંઈ યોગ્ય હોય તે કરવું. પરસ્પરનાં દિલ ખુલ્લાં થઈ જઈ, દિલમાં સરળતા, ધીરજ, શાંતિ અને સમજાવટની શક્તિ જીવતી રહ્યા કરતી હોય, તો પરસ્પર સમજૂતી પ્રગટાવવામાં વાંધો ના જ આવે.

મારે કોઈ પક્ષ નથી, તે જાણશોજી.

---

## માનવદેહનું મહત્ત્વ

**સાયલા,**

હરિ:ૐ તા. ૨૯-૯-૧૯૪૭

આ પત્ર તમને ભાદરવા વદ ચોથને દિવસે-કાં તો એક દિવસ વહેલો પણ-મળે. તે દિવસે આ શરીર ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. શરીરનાં જન્મમરણ તો અનેક થયાં જ કરેલાં છે, પણ માનવીના શરીરનું માહાત્મ્ય ઘણું ઘણું છે. એવું એનું માહાત્મ્ય અને રહસ્ય સમજાય તે કાજે જ જન્મદિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે. આ મળેલા શરીરથી જ તે, જે તે કરી શકતો હોય છે. શુભ કે અશુભ કર્મ પણ એના વડે જ જીવ કરી શકે છે. તે શરીર વડે જ જીવ કાં તો વધારે બંધાતો હોય છે, કાં તો વધારે મુક્ત થતો જતો હોય છે.

શરીર છે ત્યાં સુધી જીવની ભોગક્રિયા તો ચાલુ રહેવાની જ, પરંતુ તેવી તેવી ક્રિયામાં જે જીવ બળિયો, રસિયો અને ચેતેલો થયેલો છે, તેવો જીવ તો તેમાં કોઈ અનોખી રીતે જ પ્રવર્તતો હોય છે. એક મા પોતાનાં બાળકનું મેલું ઉપાડે તેમાં જે વૃત્તિ હોય અને એક ભંગી જાજરૂમાંથી મેલું ઉપાડે, એ બે જીવની, તે તે કર્મ કરતી પળેની વૃત્તિમાં આસમાન જમીનનો જેમ ફરક હોય છે, તેમ તે તે બળિયા, રસિયા અને નિષ્ઠાવાન જીવનાં તેવાં કર્મમાંનાં હેતુ, સમજણ અને કર્મને ભોગવતા સમયનાં ધ્યાન અને લક્ષ-સંસારી જીવ કરતાં જુદા જુદા પ્રકારનાં રહેતાં હોય છે. બંને ભોગવે છે તો કર્મ, અને બંનેનું કર્મ તો એકસરખું લાગે છે, પણ બંનેની ભોગવવાની માનસિક રીતમાં અને હૃદયની તે વેળાની ભાવના-ધારણામાં ઉત્તર-દક્ષિણ જેવો તફાવત હોય છે. જે જે કંઈ જીવ જો કરી શકતો હોય છે, તો તે શરીરને કારણે જ. તેથી, શરીરનું મહત્ત્વ દિલમાં પૂરેપૂરું જાગૃત અને સચેતન બને તો જન્મદિવસનું ભાન થવું તે યોગ્ય પ્રકારનું ગણાય, પરંતુ એ રીતે શરીરના જન્મદિવસને આપણે કોઈ ખ્યાલમાં રાખતા નથી.

માનવીના શરીર દ્વારા જીવ મુક્તિને પામી શકે છે, બીજી કોઈ યોનિના શરીરથી તેમ થવા શક્યતા લાગતી નથી. તેથી, આ માનવશરીરની મહત્તા અનંતગણી છે એમ જાણી એને જે જીવ ભગવાનનું મંદિર ગણીને પ્રત્યેક કર્મ કરતી પળે એનો સદ્ઉપયોગ જ કર્યા કરે છે, તે જીવ તરી જાય છે.

શરીર રહે છે ત્યાં સુધી એને સારું કર્મ અને નરસું કર્મ પણ

મળ્યાં જ કરવાનું. બંને પ્રકારનાં કર્મમાં જીવે ધારણા તો પોતાની ભાવના-સમજણની જ કર્યાં કરવાની છે. ન તો સારાને જોવાનું છે કે ન તો નરસાને જોવાનું છે, પણ તે બંને તો માત્ર ગુણની લીલા છે. તેવાં કર્મ જીવનને વિકસાવવાને જ મળેલાં છે અથવા તો મનને સમતા, શાંતિ, તટસ્થતા, સાક્ષીપણું, ધીરજ, સહનશીલતા, ઉદારતા, વિશાળતા, પ્રેમભાવના વગેરે દૈવી સંપત્તિના ગુણો કેળવવાને કાજે તે તે કર્મ મળ્યા કરે છે, એવો હેતુ જો જીવ પ્રત્યેકમાં જીવતો રાખી શકે, તો સારાં કે નરસાં કોઈ પણ કર્મ એ બંધનકર્તા નથી નીવડતાં. તે તે કર્મમાંથી તે જીવ પોતાના જીવનનો હેતુ જ ફળાવતો જતો હોય છે, અને એમ પ્રત્યેક કર્મ એને જીવને-જીવનને ફળાવનારાં થયે જતાં હોય છે. જેમ વેપારીને ત્યાં તો અનેક પ્રકારના સારા અને નરસા સ્વભાવના ઘરાકો આવે છે, પણ દરેક સાથે એને નિસ્બત છે માત્ર કમાવાની જ, તે તેના તેવા તેવા સ્વભાવને મહત્ત્વ દેવાનું કરતો હોતો નથી, પરંતુ કમાવાનો હેતુ લક્ષમાં રાખીને સારા કે નરસા પાસેથી તે પોતાનો હેતુ જ ફળાવી લેવાનું કરતો હોય છે. તે હકીકત જેમ સમજી શકાય તેવી છે, તેવી રીતે જે જીવ પોતાને મળતાં રહેતાં સારાં કે નરસાં કર્મમાં એકમાત્ર પોતાના જીવનનો હેતુ જ ફળાવી શકવાના એકતાનમાં રહે છે, તેવા જીવને કર્મનું સારા કે નરસાપણું નડતું હોતું નથી. એ તો માત્ર સમજે છે તેમાં તેમાંથી પોતાના જીવનનો હેતુ ફળાવવાનો જ, અને તેવો હેતુ ફળાવવાનું શરીર વિના શક્ય હોતું નથી. તેથી, શરીરનો હેતુ પણ અનંતગણો છે અને તે સાચો છે.

આ શરીરનો જન્મદિવસ ભાદરવા વદ ચોથના રોજ આવે છે, તે દિવસે તમારાં બધાંનાં હૃદયની શુભ ભાવના-ધારણા અને હૃદયના આશીર્વાદ માગું છું. તમારા મનની ભાવના પ્રેરકપણે તે દિવસે આ જીવમાં રાખવા વિનંતી છે, અને તે દિવસનાં થતાં સકળ કર્મમાં આ જીવની ચેતનાસ્મૃતિની ધારણા હૃદયથી રાખવાનું કર્યાં કરશો, તો આ ગરીબ ન્યાલ થયો ગણાશે.

---

## સ્વધર્મ-આચરણ

**સાયલા,**

હરિઃૐ તા. ૪-૧૦-૧૯૪૭

અવ્યક્તમાંથી વ્યક્ત થવું તે જન્મ. એવા જન્મના પણ અનેક પ્રકાર હોય છે.

'ક્યાંક દૂર દૂર સફર કે જ્યાં દાનવતા અને માનવતાથી દિવ્યતાનાં દર્શન વધારે થાય, જ્યાં પ્રભુની ભવ્યતા અને સાંનિધ્ય અનુભવાય, ત્યાં જઈ રહેવાથી વધારે શ્રેય નહિ થાય ?' એવું તમારું ધારવું વિચારવા જેવું હોવા છતાં જગત જ્યાં સુધી જગત છે, ત્યાં સુધી એવું નિર્ભેળ એકાકી કોઈ સ્થળ નથી. જગત દ્વંદ્વથી જ રચાયેલું છે. જે તે કંઈ જણાય છે તે મનને લીધે છે. દિવ્યતા કહો, રમ્યતા કહો કે પ્રભુમયતા કહો, એ બધું જ મનને લીધે છે. તેથી, મન ન ફરે ત્યાં સુધી બીજે ક્યાંય સુખ, ચેન, જંપ ના મળી શકે.

*

પણ આધ્યાત્મિક માર્ગનો મૂળ પાયો સ્વધર્મ-આચરણથી મંડાતો હોય છે. જે જે જીવ જીવનમાં જે જે જીવ અંગેનો

પોતાનો યોગ્ય ધર્મ (મોહ-સ્વાર્થ યુક્તપણે નહિ પણ શુદ્ધ અને શુભ ભાવ વડે) હૃદયથી બજાવવાનું કર્યા કરતો હોય છે, તેનામાં પ્રીતિ વધ્યાં કરે છે, અને જેને એવો સાત્ત્વિક પ્રેમ કે ભાવના વધે એનામાં વૈરાગ્ય પણ પ્રગટે અને ખરો વૈરાગ્ય પ્રગટે તેનામાં નિષ્ઠા પણ જન્મતી જાય. એટલે આમ આધ્યાત્મિક માર્ગમાં સ્વધર્મ-આચરણ યોગ્ય રીતે અને જેટલું નીતિમૂલક અને ભાવનાપૂર્વક થતું રહે, અને તેમાંથી રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, લોભ, મદ, મત્સર, મમતા, અભિમાન આદિ જેટલાં જેટલાં મોળાં પડતાં જાય, તેમ તેમ જીવની નિમ્નગામી (મનની નીચલી ભૂમિકાની) વૃત્તિ પલટાતી જતી હોય છે. તેથી, સ્વધર્મ-આચરણ એ તો જીવનું શિવ થવાપણાના માર્ગનું પ્રથમ પગથિયું છે. જે કોઈ જીવને પ્રભુને વરવો છે, તેનું પ્રથમ કર્તવ્ય, સ્વધર્મ-આચરણ, યોગ્ય પ્રકારનું બન્યા કરતું હોવું જ જોઈશે.

---

**સાયલા,**

હરિઃૐ તા. ૬-૧૦-૧૯૪૭

મારા કાગળોમાંથી તમને શાંતિ, પ્રસન્નતા વગેરે મળવાનું લખો છો તથા જીવનના જુદા જુદા પ્રવાહને લગતા તે કાગળો તમને માર્ગદર્શક લાગે છે, તે બધાંનું મૂળ મારામાં નથી પણ તમારામાં રહેલું છે. તમારો જે પ્રેમભાવ અને સદ્‌ભાવ છે, તેને અંગે કરીને તે તે બધું તેમ તમને લાગે છે. એટલે તેમાં જો કંઈ પણ સારું લાગતું હોય તેનું કારણ પણ તમે પોતે જ છો. મારું તો સાવ ખાલી નામ છે. હું તો બેઠો બેઠો સાવ ટપાલી જેવો

છું. ઊલટો, કોઈક વાર તમને કડવું કડવું પણ સંભળાવી દઉં, પણ એને ઊલટું તમે રૂડું કરીને લો છો એવી તો તમારી સજ્જનતા છે. સ્પષ્ટ ન લખું તોપણ ના ચાલે. હૃદયમાં જે પોત પોતાનો ધર્મ હોય, તે તેમને તેમને બતાવવો, જો યોગ્ય લાગશે તો વર્તશે, નહિ વર્તે તોય હરિ હરિ.

તમે ધારો તે જરૂર કરી શકો એવી શક્તિવાળા છો. સૌ કંઈ કામ જેટલાં સુમેળપણાના પ્રેમભાવથી બનશે તેટલું ઉત્તમ થશે.

નામ ભારે છે. એટલે નામની જ પ્રતિષ્ઠા હોય છે, અને **નામી કરતાં પણ નામ ચઢી જાય છે. નામનું મહત્ત્વ વિશેષ છે, કારણ કે નામથી ભાવનાનો ઉદય થઈ શકે છે.**

(ગઝલ)

તમારે બારણે આવી ભિખારી ભીખ માગે છે,
ભિખારીને જવા દેશો ન ખાલી, પ્રાર્થના તમને.

તમારે આંગણે આવી કશુંક કૈં માગતાં તેને,
મૂઠી ચપટી તમે દ્યો છો, નિહાળ્યું આંખથી મેં તે.

મને તો એકલાને શું ભલા ! બાકી અરે ! રાખી,
ભિખારીને રખડતો ને રવડતો મેલશો ઠેલી ?

તમારે પાલવે હું તો પડ્યો, એને નિભાવીને,
ગરીબની ઠારી આંતરડી દુવાને પામજો હૈયે.

ઉચ્ચાત્માના પ્રેમભાવનું ભાજન આપણે હોઈએ તે કલ્યાણનું કારણ છે. કોઈ પણ પ્રકારના શુભ કાર્યનું પરિણામ અંતે શુભ આવ્યા વિના રહી શકતું નથી. ભલે પછી આપણે

પરિણામની ચિંતા કે પરવા ના કરતા હોઈએ તે વાત જુદી છે. ઉચ્ચાત્માનો આપણા ઉપર હૃદયનો પ્રેમભાવ આપણા જીવનના સાધનરૂપ છે એમ આ જીવ તો માને છે.

---

## પ્રાર્થનાભાવ

**સાયલા,**

હરિઃ ૐ તા. ૧૦-૧૦-૧૯૪૭

આપણા રોજિંદા વ્યવહારમાં પ્રત્યેક કર્મ થતી વખતે હૃદયની ભાવનાથી તે તે વખતે માનસિક પ્રાર્થના કર્યા કરવાની જ રહે છે. અન્ન એ સ્વાદને અર્થે નથી. અન્ન એ ચેતનને અર્થે છે અને ચેતન તેમાંથી પ્રગટે તે અર્થે છે. તેથી, તેમાં જેટલી વધારેમાં વધારે શુદ્ધિ અને ઉત્તમતા હોય તેટલું શ્રેયસ્કર છે. વળી, ભોજન કે રસોઈ બને, તે વેળા પણ તે ઉત્તમ પ્રકારની શુદ્ધિથી, માનસિક ભક્તિથી બને તો તે જીવને કલ્યાણકારક થાય છે. તે લેતાં પહેલાં અને લેતી વખતે પણ પળે પળે ચેતનભાવે અને ચેતન કાજે તે લેવાનું હોય છે. એટલે તે તે પળે તેવી જીવતીજાગતી જાગૃતિ અને પ્રાર્થનાભાવ આપણાં હોવાં ઘટે. કોઈ પણ કર્મ પ્રાર્થનાના ભાવ વિનાનું ન થઈ જવું ઘટે. મળમૂત્રના વિસર્જન ટાણે પણ પ્રાર્થનાભાવનો જીવતો અભ્યાસ કેળવતા રહેવાનું છે.

(અનુષ્ટુપ)

નકારાત્મક સૌ સ્થૂળ જેવું આ બ્હાર નીકળે,
નઠારું તેમ સૌ સૂક્ષ્મ બનો નીકળી શુદ્ધ તે.

જીવને દોષ સુધારી ગુણે વિકાસ આદરી,
કર્મ આચરતાં બુદ્ધિ રખાજો શુદ્ધ પાંસરી.

ત્રણચાર વાર પેશાબની હાજતે જવાનું થાય અને એકાદ બે વાર મળની હાજતે જવાનું થાય, તે તે વેળા પણ આપણાં મનહૃદયમાં આવો પ્રાર્થનાભાવ જીવતો કેળવાયા કરે તે જરૂરનો છે. આમ, બેટાણું જમવાની વેળા, ત્રણચાર વાર પાણી પીતી વેળા, ચારપાંચ વેળા પેશાબની હાજત વેળા અને એકબે વાર મળની હાજત વેળાએ તથા શરીરની એવી બીજી જાતની સ્થૂળ ક્રિયાઓમાં તે તે પ્રકારે પ્રાર્થના થયા જતાં તથા નામસ્મરણનો જીવતો અભ્યાસ ચાલુ થતાં અને આખા દિવસમાંનાં સકળ કર્મ આવી આવી ભાવનાથી થતાં થતાં અને ઉપર પ્રમાણેના અભ્યાસનું હૃદયની ભાવનાથી જેમ જેમ વધારે ને વધારે બનવાપણું થશે, તેમ તેમ એક પ્રકારની ઉન્મત્ત ભાવનાથી આચ્છાદિત થયેલી એવી ચેતનાયુક્ત ઘૂમરી રહ્યા કરશે. તેના ભાવભર્યા અને ભાનભર્યા ઘેનમાં અને ઘેનમાં જ તે બધાં કામ પણ થયાં જશે. એમ થતાં થતાં રાગ, દ્વેષ, માન, મમતા, ઈર્ષા, અદેખાઈ, હુંપદ, કામ, ક્રોધ, લોભ, મોહ ઈત્યાદિ મોળાં પડતાં જતાં અનુભવાશે. તેવું અનુભવાય તો ઉપરના સાધનનો કંઈક અર્થ છે એમ જાણવાનું છે.

સાધક હંમેશાં પોતાનું જ જોવામાં અને પોતાને જ યોગ્ય રીતે મઠારવાને લક્ષવાન રહેતો હોય છે. એને બીજાંની ઝાઝી પડી હોતી નથી. તે એકલો જેટલો પોતાનામાં કેંદ્રિતપણે એકાગ્રતાથી વર્ત્યો જશે, તેટલા પ્રમાણમાં તે સમષ્ટિના મધ્યબિંદુને પણ સ્પર્શતો હોય છે. પોતાના જીવનની સર્વ

પ્રકારે જે જે માનવી પૂરેપૂરી શુદ્ધિ જ કર્યા કરતો રહે છે, તે જ જીવ જગતની સાચી સેવા કરતો હોય છે. જગતનાં જે જે સ્થૂળ ક્ષેત્રો છે, તેમાં પણ પ્રવેશવાનું નિમિત્ત મળવા સાથે, ત્યાં ત્યાં તેવાં ક્ષેત્રોમાં પણ આપણી ભાવનાનો મર્યાદાવિસ્તાર થતો રહેતો આપણાથી અનુભવાશે. અડગ પ્રેમભક્તિથી કરી કરી સાધનને જો હૃદયથી વળગી રહેવાનું બન્યા કરે તો તો કર્મમાં એનું મહત્ત્વ અને વર્ચસ્વ થયા જ કરવાનું, અને કર્મનો હેતુ સધાતો હોવા છતાં દ્વંદ્વાદિક સ્થૂળ કર્મની ભૂમિકા નહિ રહે, તેવી રીતે પ્રત્યક્ષ તે વેળા આપણને અનુભવાતું રહેશે. કર્મ ગમે તેટલાં ભલેને હોય, ગમે તેવાં ભલેને મુશ્કેલ અને ગૂંચવાડા ભરેલાં હોય, અને ક્યાંય આશાનું કિરણ પણ ન લાગતું હોય, છતાં તેવી તેવી વેળાએ પણ તેવાં તેવાં કર્મ સાથે નિસ્બત નથી હોતી, તેવાં તેવાં કર્મમાં પણ પોતાના જીવનના આદર્શની ભાવનાનો હેતુ સળંગ, સમગ્રપણે અને કેંદ્રિતપણે એકમાત્ર જીવતો રહે તેની જ તેને પડી હોય છે. તેથી કરીને તો તે કશાથી આવરાઈ જતો હોતો નથી, અને વળી એને તેવાં તેવાં આકરાં કર્મનું આકરાપણું પણ કશું લાગતું હોતું નથી, અને એ બધાંને તે તરી પાર જવાને સમર્થ બનતો જતો હોય છે. એવી જીવનની ઘેલછા અને ધૂન એને લાગે છે, તે વેળાના પ્રતાપ કોઈ ન્યારા જ હોય છે. એ ઘેલછા અને ધૂન તો છે, પણ એમાં આંધળાપણું ક્યાંય નથી. ઝંપલાવવાને કાજે કે યાહોમ થવા કાજે ઊલટાં એ તો જરૂરનાં અંગ પણ છે.

## 'મોટા'નો અનુભવ

સાયલા,

હરિઃ ૐ તા. ૧૪-૧૦-૧૯૪૭

તમારી યાદ તો રહે છે જ. જે કોઈ પોતાની જાતને મદદ કરે છે એને ભગવાન જરૂર મદદ કરે છે, તે નક્કી જાણશો. તમને તે સમજણનો અનુભવ પણ થવાનો જ છે. તમારા ઉપર મારો જીવ રાજી રહે છે. તમે મંડ્યા રહેજો, હિંમત રાખીને તે તે કરતા રહેજો. તમે જરૂર ફતેહમંદ થવાના જ છો. **'હિંમતે મરદા તો મદદે ખુદા'** એવી એક કહેવત છે. હિંમતથી મરદ બનીને જો મરદ બનશો અને મરદ રહેશો તો શ્રીભગવાનની કૃપામદદ તો છે જ.

તમે 'મોટા'ને ખૂબ યાદ કર્યાં કરજો. જો હૃદયના સાચા ભાવથી 'મોટા'ને યાદ કરશો, તો 'મોટા' એ કંઈ માટીનું ખાલી પૂતળું નથી. જેમ સહુ કોઈનામાં ચેતન છે, તેમ એનામાં જાગતું ચેતન છે. તેનો તમને અનુભવ થશે. એક વાર 'મોટા'નો તમને હૃદયથી અનુભવ થયો તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે, અને પછી તો તમે 'મોટા'ને કદી જ છોડી શકવાના નથી. માટે જે ઉપાયો બતાવ્યા છે, તે કરતા રહેજો અને ભગવાનનું નામ લેતા રહેજો. હૃદયથી પ્રાર્થના કરતા રહેજો અને 'મોટા'નો પણ અનુભવ લેતા રહેજો. તમારા અનુભવથી બીજા જીવોને લાભ થવા સંભવ રહેલો છે.

તમને મારા હૃદયની વિનંતી છે કે બતાવેલાં સાધન, ઉમંગથી, ઉત્સાહથી, શાંત અને પ્રસન્નચિત્તે કરતા રહેશો, તો જ કંઈક પરિચય થયાનો અર્થ સધાય. નામનો મહિમા

ભારે છે, જે તે કંઈ કરતાં કરતાંયે એનું સતત એકધારું સ્મરણ જીવતું કાયમ રહી શકે તેટલું કર્યાં કરજો. એનું સ્મરણ જીવતું થતાં તેમાં ભાવ પણ પ્રગટવા માંડશે. હમણાં તો બધું જ મહત્ત્વ શ્રીભગવાનના સ્મરણમાં જ આપ્યા કરવાનું છે. જીવનનું આપણું તે એક જ કામ મહત્ત્વનું છે. બાકીનાં કામ તો ગૌણ છે.

મારો સ્વભાવ ઘણો જ પરવાવાળો હોવા છતાં સાથે સાથે તે તેટલો જ પાછો બેપરવાવાળો પણ રહ્યા કરે છે. માટે, તે પ્રકારની થતી વ્યક્તતાથી તે અંગે કદી પણ ગેરસમજૂતી ન થતી રહે, તે જોવા વિનંતી છે.

'પ્રગટપુરુષ'માં હૃદયથી જેટલો જેનો વિશ્વાસ ઊગી જાય, તેટલા પ્રમાણમાં જ તેનામાં શ્રદ્ધા જાગી જવાનો સંભવ રહે છે. વિશ્વાસ એ જરૂરનું મહત્ત્વનું પગથિયું છે.

પ્રભુનું ખૂબ સ્મરણ કરતા રહેશો અને બતાવેલાં સાધનોમાં જો મગ્ન થયા કરવાનું રહેશે, તો ગમે તેમ થતાં આપણે સદાય મસ્તી અનુભવી શકીશું.

---

## ગુરુની ધારણા

**આશ્રમ,**

હરિઃૐ તા. ૨૪-૧૧-૧૯૪૭

કેટલીક વાર ન ગમે તેવું કરવાનું પણ જીવનમાં આવી પડે છે. તેવી વેળા મનમાં તટસ્થતા, શાંતિ અને તેવા કાર્યમાં યોગ્ય હેતુનો ખ્યાલ રહે, તો મનમાંની કંઈ પણ મડાગાંઠ હોય તો તે ઓગળી જાય.

પૂજ્ય સ્વામીજી ત્યાં પધારશે તે તો આનંદની વાત છે. કોઈ પણ કલ્યાણકારી કર્મમાં મને પુછાવવાનું હોય જ નહિ, તેમ જ તેવી અપેક્ષા કોઈ પરત્વે મને રહેતી નથી, તે જાણશોજી. તેઓ પધારે ત્યારે તેમનામાં બીજો કંઈ ખ્યાલ ન ધરાવતાં તેમનામાંની દૈવી ચેતનાનો જ હૃદયથી જીવતો ખ્યાલ રહ્યા કરે અને તેમના હૃદયસ્થાનમાં અને કોઈક વાર તેમનાં નયનકમળમાં વૃત્તિઓ સ્થિર રાખ્યા કરવાનું બને અને તેવી તેવી વેળા મનની પ્રાર્થના થયા કરે કે 'હે પ્રભો ! દીનાનાથ ! દીનબંધો ! દીનદયાળ ! કૃપાળુ ભગવાન ! કૃપા કરો ! અમને જાગતા, ચેતતા કરો અને રાગદ્વેષથી દૂર થવા, નિર્મૂળ થવા હૃદયમાં ચેતનાત્મક જાગૃતિ પ્રેરાવો. અમે આંધળા છીએ તેથી દેખતા થવાને કાજે અંતરની આંખ આપો.' એવી પ્રાર્થના કર્યા કરો. અને સંસારવહેવાર અને વેપારનાં કર્મમાંથી જેટલો શક્ય હોય તેટલો પ્રપંચવહેવાર ઘટે તે પ્રત્યક્ષ જોતાં રહેવું. આવી સલાહ તે તો દરેકને કાજે છે. પ્રત્યેક થતાં જતાં કર્મમાં ભગવાનની ભાવના અને ધારણા જીવતી રહ્યા કરે તેવો અભ્યાસ કેળવતા રહેવું. પ્રભુકૃપાથી મારા ગુરુ મહારાજની ચેતનાશક્તિના ભાવને સકળ કંઈ થતાં જતાં કર્મમાં જીવતી કર્યા કરવાનો એકમાત્ર અભ્યાસ હૃદયમાં એકાગ્ર કેંદ્રિતપણે કર્યા કરવામાં જ માનતો હતો. જે જે ઉચ્ચ જીવાત્માનો સત્સંગ પ્રભુકૃપાથી થતો કે મળતો, તેમાં તેમાં અને તેમનામાં ગુરુ મહારાજની ભાવના-ધારણા મનહૃદયથી દઢાવવાનું કરતો. તેવી તેવી વ્યક્તિ એ તો ગુરુ મહારાજની જ જીવતી પ્રેરણાનું પરિપક્વ પરિણામ કે ફળ છે, એમ દઢાવતાં દઢાવતાં એનું રહસ્ય અને

મહત્ત્વ પણ આગળ જતાં-તેવો જીવતો અભ્યાસ દૃઢ થયે જતાં-મને જણાવા લાગેલું.

તેમની સેવા કરવામાં તમે બંને કોઈ પ્રકારનો સંકોચ સેવશો નહિ. તેમનામાં હૃદયનો ભાવ કેળવ્યા કરશો, અને એવો ભાવ પાકટ થયો ક્યારે જાણવો કે જ્યારે જેમાં તેમાં આપણને ગુરુ મહારાજનો ભાવ પ્રગટે, અને તેમના જીવતા સ્વરૂપની શક્તિનું ભાનદર્શન તેમાં થાય, અને તેવા પ્રત્યક્ષ અનુભવ થાય તો તે યોગ્ય પ્રકારે સેવન થયું છે એમ જાણવું. પ્રત્યેક સંતાત્માનો પરિચય જો ભાવના અને ધારણાથી-હૃદયની પ્રેમભક્તિથી-થયા કરે તો જીવનમાંના સર્વ ક્ષેત્રનાં કર્મોમાંથી જીવપ્રકારનાં રાગદ્વેષ, માન, મમતા, લોભ, કીર્તિ, મોહ, અહંકાર આદિ ઘટતાં જતાં આપણને લાગે, તો જ તેવો સત્સંગ ખપનો છે, તે જાણશોજી. તે વિના નહિ. એટલે કે જીવન-વિકાસની ભાવનાને દૃઢાવવા કાજે તેવો સત્સંગ જરૂરનો છે. નમ્રમાં નમ્ર અને ધૂળથી પણ ધૂળ છીએ તેવું આપણે બન્યા વિના અને તેવો નિશ્ચય પ્રગટ્યા વિના કશું આપણે કરી શકવાના નથી, તે નક્કી જાણશોજી. આપણે તો કશું જ નથી. આપણામાં કશી જ પૂરી યોગ્યતા ભરેલી આવડત પણ નથી. જે જે બાબતનું અભિમાન હોય તે તે બધું જ ટાળી દેવું અને તેવું થાય તો જ ભગવાનને પંથે જઈ શકાય. એકલી ગુરુ મહારાજમાં શ્રદ્ધા રાખ્યે પાલવે તેવું નથી, અને હા, તેમ પણ પાલવે એવી જીવતી શ્રદ્ધા હોય તે કંઈ જણાયા વિના રહી શકે નહિ. તેનાં પણ માપ લક્ષણો છે. એવી શ્રદ્ધા હૃદયથી રખાતી હોય તો તો આપણા વિચારમાં, વૃત્તિમાં, લાગણીમાં,

ભાવનામાં અને સંસારવહેવારમાં અને વેપારનાં કર્મમાં, ધરમૂળનો ફેરફાર થતો જતો રહે. એવો માનસિક ફેરફાર સ્વભાવમાં થતો જતો જો ના હોય, તો જાણવું કે આપણું કંઈ કશું તેવું તેવું માનવાપણામાં ભ્રમણા જ રહેલી છે.

---

**શ્રદ્ધા** **ઘાટકોપર,**

હરિઃૐ તા. ૧-૧૨-૧૯૪૭

તમારાં 'પ્રેમભાવ અને સહાનુભૂતિભરી હમદર્દી' મનને નિરાંત ઉપજાવે તેવાં છે.

ગુરુની ભાવના એ તો ચેતનારૂપે હોવી ઘટે. વળી, ગુરુ સ્થૂળ પણ નથી. તેથી, આપણે જો શરીરને ગુરુ માનવામાં પડી જઈએ તો તો બધું જ ઊંધું વળે. ગુરુની ચેતનાશક્તિનો ભક્તિભર્યો ઊંડો જીવતો યોગ્ય ખ્યાલ જાગતાં જ ગુરુ (ગુરુનો ભાવ) આપણામાં કામ કરવા મંડી જતો હોય છે. જે દિશામાં જેને તેવી શ્રદ્ધાનું જીવતું ભાન હોય, તેને તે દિશામાં તેની તેવી શ્રદ્ધા પ્રગતિ કરાવે જ. શ્રદ્ધા હોય કે રહે, એને કશા ઉધામા કે ગડભાંજ ન રહે. એને ક્યાંયે નિરાશ થવાપણું ન રહે. જેને જે વિષયમાં કે બાબતમાં શ્રદ્ધા હોય, તેને તેમાંથી હઠી શકવાપણું હોતું જ નથી. શ્રદ્ધા એ તો હૃદયનું જીવંત બળ છે. શ્રદ્ધા વડે જ પ્રેરણાને પાંખ ઊગે છે. શ્રદ્ધાથી જ માનવીનામાં માનવતા પ્રગટે છે. જેવી શ્રદ્ધા તેવા પ્રકારનો પુરુષ બને છે. શ્રદ્ધા એ તો ંજીવને આત્માના પ્રદેશમાં લઈ જનારી સહચરી છે અથવા તો ભોમિયો છે. શ્રદ્ધાથી જ પુરુષાર્થ-બળ પ્રેરાતું રહે છે. આનંદ, અભય, નમ્રતા, ત્યાગ, સમર્પણ, ઉત્સાહ,

સાહસ, હિંમત, ધીરજ, સહિષ્ણુતા આદિ જે ગુણો જીવનમાં પ્રગટેલા આપણે અનુભવી શકીએ છીએ, એનું મૂળ તો શ્રદ્ધામાં જ રહેલું છે. જે બાબતમાં જેને શ્રદ્ધા હોય તે બાબતથી ગમે તેમ થતાં પણ તે જીવ અળગો થઈ શકતો નથી કે અળગો પડી શકતો નથી. જે વિષયમાં માનવીને શ્રદ્ધા હોય તે બાબતમાં તેની તે શ્રદ્ધા તેને પ્રગતિ કરાવ્યા વિના રહી જ ના શકે એવું એનું માપલક્ષણ છે. શ્રદ્ધા એ કંઈ ખાલી Negative aspect of life-જીવનનું 'આ નહિ, આ નહિ' એવું જ માત્ર નકારાત્મક લક્ષણ નથી. શ્રદ્ધાથી તો જીવનનું વાસ્તવિકપણું પ્રગટતું હોય છે. જીવનની ઉષા અને સંધ્યામાં શ્રદ્ધાનો પ્રકાશ ઝળહળતો જ રહ્યા કરે છે. તેથી તો તે જીવનનું પ્રેરણાત્મક, રચનાત્મક જીવતુંજાગતું બળ છે.

શરીર અને મનને ચોંટેલા દુશ્મનો વિશે તમે લખ્યું છે. જ્યાં સુધી આપણે જીવદશામાં છીએ ત્યાં સુધી એ તો રહેવાના. આપણે પોતે તેવી પળોએ તટસ્થતા કેળવવાને મથતા રહેવું. એવા એવા નકારાત્મક કે બીજા વિચારો કે એવું એવું મનમાં જાગે, તે વેળા તે આપણું સાચું સ્વરૂપ નથી, એમ હૃદયથી પૂરેપૂરું સમજીને તેમાં ભળી ના જવું. એમ મનમાં એવી જીવસ્વભાવની વૃત્તિથી અલગ રહેવાનો અભ્યાસ કેળવતા રહેવું, અને સાક્ષીપણે તે તે બધું જોયા કરવું. પ્રત્યેક વિચાર, વૃત્તિ, વ્યવહાર, વ્યાપાર-હરેક કાંઈ કરતી પળે પ્રભુને યાદ કરીને, તે તે પળે સાક્ષીભાવે રહ્યા કરીને પ્રભુના નામસ્મરણમાં એકધારો જીવતો અભ્યાસ આપણે તો કેળવ્યા કરવાનો છે. તેવું થયા વિના કશું વળી શકે એવું હોતું નથી. જેમાં પ્રવેશ કરવાનો હોય તેનો જીવતો અભ્યાસ આપણે

કરવો જ પડે છે. જો અભ્યાસ થતો રહેતો હોય, તો તે પણ આપણને સમજાયા વિના રહેતું નથી. કશી કોઈ સ્થિતિમાં ભૂલેચૂકે પણ ભ્રમણામાં પડી જવાનું નથી. સંસાર, વહેવાર અને કર્મમાં પણ જે જે કંઈ થયા કરે, તે તે જેમ આપણને લાગ્યા કરે છે, તો સાધનમાર્ગનું પણ તેવું જ છે. જે જે કંઈ થયા કરે તે આપણા મનહૃદયના જીવતા ભાન સાથે પ્રભુને સમર્પણ કર્યા કરો. એનાથી કશુંય પણ અલગ રાખવાનું ન થાય, તેવું જીવ્યા કરો. એક પ્રભુ જ આપણો સાચો રાહબર છે.

---

## સર્વમાં પ્રભુભાવ

**ઘાટકોપર,**

હરિઃૐ તા. ૨૯-૧૧-૧૯૪૭

તમારે ત્યાં બે મહિના રહેવા મને આમંત્રો છો, તે તો આનંદની વાત છે. તેવો સમય મળે તો તો તેમ પણ થઈ શકે. તમારો પ્રેમભાવ અને આ જીવ કાજેની મમતા જાણી, 'પ્રભુની કૃપા કેવી અનહદ છે !' એમ હૃદયથી પ્રત્યક્ષ અનુભવી, 'એ વહાલો કેવો સમર્થ આપણો ધણી છે !' એવી ભાવના કૃતકૃત્યભાવે અનુભવાય છે. એનો પ્રેમ અનુભવવા આપણને તે સંસારજગતમાં જુદે જુદે રૂપે મળે છે. જે જે કર્મપ્રારબ્ધે મળેલાં છે, તે પણ બધાં એનાં જ જૂજવાં જૂજવાં રૂપો છે. તેથી, તેવા તેવા જીવમાં આપણે તો એકલા શ્રીભગવાનની ભક્તિ કરવાનો ખ્યાલ રાખીશું તો જ દ્વંદ્વાદિ વૃત્તિના પાશમાંથી મોકળા થતા જવાના છીએ, તે જાણશો. એટલે કોઈ પણ જીવ પરત્વે આપણાથી નકારાત્મક પણે વર્તી જ ના શકાય, કારણ કે તે તે

બધું શ્રીભગવાનનું જ સ્વરૂપ છે. કોઈનેયે જીવસ્વભાવે કરીને અન્યથાપણે મનમાં લઈ જવાતાં, 'અરેરે ! આ તો આપણા વહાલા ભગવાનનો દ્રોહ થઈ રહેલો છે' એમ થાય અને તેથી કરી પારાવાર પસ્તાવો અને દુઃખ થયા કરે, તો જાણવું કે આપણે શ્રીભગવાનનાં ચરણકમળમાં શરણભાવ કેળવી શકવાને સમર્થ થઈ શકવાના છીએ. એવું કંઈ એકદમ થઈ જવું શક્ય બનવાનું નથી. સતત એકધારો જીવતો અભ્યાસ કરવાનું કર્યા વિના તેમ બનવાનું નથી. માટે, સારા નરસાને મહત્ત્વ દીધા વિના જીવનના અભ્યાસને જ વળગી રહેવાનું કર્યા કરવાનું છે. એનો અર્થ એવો નથી કે નીતિયુક્ત વર્તન કે ગુણોથી ભરેલું વર્તન ન હોવું ઘટે. એ તો હોવું જ ઘટે. જે જીવને શ્રીભગવાન મેળવવાના છે, તેવો જીવ તો ઉત્તમ કોટિના ગુણોની ભૂમિકામાં જ પ્રવર્તવાનો છે. તેવી શુદ્ધ સાત્ત્વિક ભૂમિકા જીવની થયા વિના શ્રીભગવાનનો કૃપાસંપર્ક હોવા છતાં જીવ કદાપિ તે અનુભવી શકતો નથી.

શ્રીભગવાનનું નામ જેટલું ભાવભક્તિથી લીધા કરાય, અને એનું સતત એકધારાપણું જેટલું જીવતું થયા કરે, તો જ જીવને ઊગરવા વારો છે. માટે, કૃપા કરીને એમાં જ લક્ષ પરોવવાનું એકમાત્ર આપણું કર્તવ્ય છે, તેમ જાણશોજી.

વેપાર-વણજ, સંસારવહેવાર, બીજા સંબંધો એ બધાંમાં પણ વહાલા ભગવાનનું નામસ્મરણ જ મહત્ત્વપણે પ્રગટ્યા કરે, ત્યારે જ એની કેવી ખૂબી અને રહસ્ય છે, તે સમજાય. તે વિના તો શું સમજાય ?

અમુક અમુક પ્રકારનાં અને અમુક અમુક પ્રમાણનાં તત્ત્વ

ભેગાં થવાથી જ પાણી બની શકે છે. બાકી, બીજું તો ઘણુંએ ભેગું કર્યું હોય, પાણી બનાવવાનાં જે જે તત્ત્વ હોય તે પણ હોય, પણ જો સપ્રમાણ ન હોય તો પાણી ના બને. તેવું આમાં પણ છે. નામસ્મરણનો અભ્યાસ, પળેપળ એકધારો સતત ગંગાના પ્રવાહની જેમ મન, મતિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અને હૃદયમાં જીવતો ના બની રહે ત્યાં સુધી એના વિશેનું કશું પૂરેપૂરું ઊગવાપણું હોતું નથી.

---

## મુક્તિ

**ઘાટકોપર,**

હરિઃૐ તા. ૭-૧૨-૧૯૪૭

હવે શ્રીકૃષ્ણમૂર્તિના મંતવ્ય વિશે તમે જે પુછાવ્યું છે, તે બાબત :-

તેઓનું કહેવું છે કે કશામાં બંધાઈ કે જકડાઈ ના જવું. સમાજ, રીતિ, નીતિ એ બધા વાડા છે અને તે વાડાની માન્યતા, સમજણ, નીતિ, મર્યાદાઓ, રીતરિવાજો-એ બધાંથી માનવી ઘેરાઈ ગયેલો બની જતો હોય છે અને તે બધાં એને આવરણ રૂપ હોય છે. વળી, તેવાં આવરણો સ્થૂળ રીતિનાં અનેક પ્રકારનાં પણ છે. તે પ્રમાણે જ જીવની નીતિ-રીતિ હોય છે. અને તે પ્રમાણે તે વર્ત્યા કરતો હોય છે. એનાથી ઉપરવટ વર્તવાની કે સમજવાની તાકાત તે ગુમાવી બેસે છે. કૂંડાળાંમાં ને કૂંડાળાંમાં તે ફર્યા કરે છે. આવી અનેક પ્રકારની જંજીરોથી જીવ તો જકડાયેલો પડ્યો છે. તેમાં વળી ગુરુની એક જંજીર વધારે જકડાવવી, તે જીવના વિકાસ કાજે યોગ્ય નથી.

ગતાનુગતિક, ગાડરિયા પ્રવાહની જેમ જે અનંત જીવ ચાલી, જીવી રહેલા છે, તેમને કાજે તેમનું તેવું કહેવું યથાર્થ પણ છે. તે સાથે સાથે આત્મોન્નતિને માર્ગે જે ખરેખરો અને પૂરેપૂરો મથ્યો, મંડ્યો અને ખૂંપી ગયેલો છે, તેવાને માટે પણ તેમનું કહેવું યથાર્થ છે. બાકી તો જીવનનું એકેએક ક્ષેત્ર તપાસી વળીએ તો જણાશે કે આપણને તે તે ક્ષેત્રમાં કોઈ ને કોઈ પાસેથી શીખવું જ પડે છે. ખુદ શ્રીકૃષ્ણમૂર્તિ જ જેઓ આજે કંઈ બોલી, ચાલી કે પ્રવચન કરી રહેલા છે, તે તે બધું જ તેઓ કોઈ ને કોઈ દ્વારા શીખેલા જ છે. માત્ર, તેઓ ગુરુની જંજાળમાં ન પડી જવાને સર્વને ચેતવે છે. ગુરુ કરીને જો જીવનનો વિકાસ સાધી ન શકાયો તો તેવા ગુરુ કરવા વ્યર્થ છે, અને જો જીવને ધગધગતી તમન્ના પ્રગટેલી હોય છે, તો તો જે ગુરુ સચરાચરપણે ચેતન સ્વરૂપે વ્યાપેલા છે, તે ગુરુ પ્રત્યક્ષ તેવા જીવને મળી જ આવે છે. મારી તો ધારણા પણ તેવી જ છે કે ગુરુ એ કંઈ સ્થૂળ નથી. 'ગુરુડ્મ્' એ પણ એક બંધિયારખાનું છે. ગુરુને વળગવાથી કશું વળવાનું નથી. ગુરુ તો પગથિયારૂપે જ હોઈ શકે. જો એનાથી અને એમાંથી ચઢવાનું જીવથી ન બની શકે તો, અને જીવ જો તે બાબતની એટલે કે જીવનવિકાસની પરવા ન ધરે, તો જીવ પોતે તો જીવસ્વભાવની પ્રવૃત્તિમાં સંડોવાયા કરે અને તેમાંથી પોતે મુક્ત ન બને, અને તે ક્ષેત્રમાં અને તે તે ક્ષેત્રનાં સમજણો, ટેવો, અભ્યાસ, માન્યતા, કલ્પના, ધારણા વગેરેથી જ જીવ ચાલ્યા કરતો હોય છે. તેનાથી ઉપરવટ થયા વિના ખરું સ્વરૂપ કોઈનું સમજી શકાતું નથી. તેથી, કંઈ જ કશું વળગણ જીવને ન હોય તો જ તે એના સાચા સ્વરૂપમાં પ્રકાશી શકે. તેથી, જે

જે કંઈ છે, તેમાંથી સર્વ રીતે મુક્ત થવાની જરૂર છે, અને તે જ ભાવનાથી ગુરુનું પણ તેવું સમજવાનું છે. આવી સમજણની દૃષ્ટિએ તેમણે ગુરુ વિશે કહ્યું હોય એમ લાગે છે.

વળી, જ્યાં સુધી ભગવાનને કાજે આંખમાંથી આંસુની ધારાઓ ચાલી ન જાય ત્યાં સુધી એટલે કે ભગવાનને માટે એવી ધગધગતી તમન્ના પ્રગટ્યા વિના, એ માર્ગમાં જીવથી ગતિ કે પુરુષાર્થ થઈ શકવાનાં નથી, તે નિશ્ચે જાણશોજી.

આંસુ હર્ષનાં પણ હોય અને અતિઉત્કટ વેદનાનાં પણ હોય અને વિહ્વળતાને અંગે કે અતિશય શોકને અંગે પણ હોય. એમ ત્રણ પ્રકારે આંખમાંથી આંસુ નીકળે. શ્રીભગવાનને કાજે એવાં આંસુ આંખમાંથી પડે, તેનાં પણ જુદાં જુદાં કારણો હોય અને તેની ભૂમિકા પણ જુદી જુદી હોય. જીવને જીવદશામાં રહ્યા કરવાથી જે પસ્તાવાનો અગ્નિ પ્રગટે તેનાથી તેને જો આંખમાંથી આંસુ નીકળે તેના કરતાં શ્રીભગવાનને કાજે વિરહનો જે અગ્નિ હૃદયમાં બળ્યા કરે તેનાથી કરીને આંખમાં જે આંસુ નીકળે, તે બંને પ્રકારનાં આંસુમાં આસમાન જમીનનો ફરક છે. વળી, જીવને પોતાની અત્યંત નિર્બળતાનું ભાન પ્રગટે તે વેળાએ આંખોમાંથી આંસુની ધારા વહે એવા ભાવથી શ્રીભગવાનને ગદ્ગદ કંઠે જીવ જ્યારે પ્રાર્થના કરે છે, તે વેળા આંખમાંથી જે આંસુ વહે છે, તેનો પ્રકાર વળી જુદો જ છે. આંખમાંથી આંસુ તેના બે છેડાએથી અને મધ્યભાગમાંથી એમ ત્રણ ઠેકાણેથી સરતાં હોય છે. અતિઉત્કટ વેદના હોય ત્યારે બોરબોર જેવાં આંસુ પડે એમ જે કહ્યું છે, ત્યારે ઘણા મોટા પ્રમાણમાં આંસુ ચોધારાં વહી જતાં હોય છે અને વિરહવેદનાનાં

આંસુ પણ તેવાં જ હોય છે, તે આંખના મધ્યભાગમાંથી સરતાં હોય છે. જીવ સ્વભાવના શોકનાં આંસુ આંખના લમણા બાજુના ખૂણામાંથી સરતાં હોય છે. એવી રીતે શરીરના મળની બાબતમાં પણ છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ મળને જોઈને તે તે જીવની કઈ ભૂમિકા છે એમ પણ કહી શકતા એવું સાંભળેલું છે.

શ્રીકૃષ્ણમૂર્તિ વિશે તમે જે લખ્યું છે, તેને વિશે વધારે લખવાનું નિરાંત હોય તો જ બની શકે. જ્ઞાન, સમજણ, ભાવના, પ્રેમ, ભક્તિ વગેરે આત્મા સંબંધીનું જાણવાનું, સમજવાનું અને અનુભવવાનું પ્રત્યેકના અંતરમાંથી જ પ્રત્યેકને મળતું હોય છે. બીજા કોઈના વડે મળે છે એ તો ખાલી ભ્રમણા છે. પોતે પોતાને જાણી, માણી કે અનુભવી શકે છે. જીવનમાં તેવી તેવી ભાવના ઉત્કટપણે જાગતાં બીજું કોઈ નિમિત્તરૂપે બની શકે તે જુદી વાત છે. તેવું નિમિત્ત જે કોઈ બને છે, તે પ્રત્યક્ષ ભગવાનની કૃપાનું સ્વરૂપ છે એમ જાણવું અને માનવું. એટલે જે જે બધું છે, તે તે બધાંમાંથી સર્વતઃ મુક્ત થઈને વિહરી શકીએ તો જ આત્માના સ્વરૂપને પામી શકીએ. જીવને અનેક પ્રકારનાં આવરણો વળગેલાં છે. તે આવરણોમાં બંધાઈને જીવ વર્ત્યા કરતો હોય છે. એટલે જેણે જીવનનો વિકાસ સાધવો છે, તેણે જીવનના પ્રત્યેક ક્ષેત્રનાં તેનાં અનેક પાસાંઓના જીવનનો ખ્યાલ છોડવાનો છે. એટલું જ નહિ પરંતુ તેનાથી અતિરિક્તપણે થઈને પ્રત્યક્ષપણે તે તે ક્ષેત્રની અને જીવનનાં તેવાં અનેક પ્રકારનાં જુદાં જુદાં પાસાંની સમજણો, માન્યતાઓ, કલ્પનાઓ, ધારણાઓ, ટેવો, આગ્રહો, અભ્યાસ વગેરે બધાંમાંથી જીવે મુક્તિ મેળવવી જ પડશે. એટલે જેમ જીવ

જીવનવિકાસ કરવાને કાજે કોઈક પ્રકારનું સાધન ગ્રહે છે, અને તે સાધનને પકડીને તે આગળ વધે છે, તેમ તેમ તે જીવ સાધનની કક્ષાને પણ વટાવી જાય છે અને એવી કક્ષા જ્યારે તે જીવને સાંપડે છે ત્યારે તેણે તે લીધેલાં સાધનને પણ ફગાવી દેવું પડે છે અથવા તો તે વેળા તેને તે સાધનને ફગાવવાપણું પણ રહેતું નથી, જેમ સાપ સહજમેળે પોતાની કાંચળી ઉતારી દે છે તેમ.

કોઈને એટલે કે કોઈ જીવને ધગધગતા જ્વાળામુખીના જેવી ઉત્કટમાં ઉત્કટ તમન્ના પ્રગટી હોય, તો ગુરુ તેને ઘેર બેઠાં જ મળી આવે છે. જે જે કક્ષામાંથી તેને પસાર કરાવવાનું હોય તે તે કક્ષામાંથી તેને તે કૃપાથી પસાર કરાવે છે. શ્રીકૃષ્ણમૂર્તિ, ગુરુ, સમાજ કે કશાના 'લેબલ'માં ન રહેવાનું જે જણાવે છે, તેનો અર્થ તો એટલો જ કે તેને સંકુચિત અર્થમાં અથવા તો તેના વાડામાં કોઈએ બંધિયાર થઈને પુરાઈ ન રહેવું. અખાએ પણ એમ જ ગાયું છે. એ બધા **'અંધારા કૂવા'** છે. ગુરુથી આપણને જો લાભ ન મળે અને આપણે જો ગુરુથી લાભ મેળવવાની ઉત્કટ ખેવના હૃદયથી ભાવનાપૂર્વક જીવતી ન રાખ્યાં કરીએ તો 'ગુરુ' એ પણ અંધારો કૂવો જ છે. શ્રીકૃષ્ણમૂર્તિ કોઈનાથી લાભ મળતો હોય તો તે ના મેળવવો એમ નથી કહેતા, એવું મારું સમજવું છે. જો એમ જ કહેતા હોય તો તેમને પણ બોધ આપવાનું શું કારણ હોઈ શકે ? પરંતુ કશામાં જકડાઈ કે પુરાઈ ના રહેશો અથવા જે જે કંઈ જેનાથી મળતું હોય તે જ માત્ર સર્વસ્વ છે, સંપૂર્ણ છે, એવી ભ્રમણામાં ન પડશો, તેમ તે આપણને ચેતવે છે. બાકી તો વ્યક્તિ, સમષ્ટિની સાથે સંકળાયેલી જ છે, અને

વ્યક્તિ અને  સમષ્ટિનું જીવન પરસ્પર સંકળાયેલું જ છે, અને તે એકબીજાથી ભિન્ન નથી, એ રીતે વિચારતાં તો કોઈનાથી ભિન્ન થઈ શકાતું નથી, પરંતુ તે એક જુદી વાત છે. શ્રીકૃષ્ણમૂર્તિ જે કહે છે તે બહુ ઊંચી કક્ષાએથી પોતે બોલે છે. જેમ વેદાંત દરેક વસ્તુને અમુક કક્ષાની ભૂમિકા ઉપર ઊભા રહીને જ ચર્ચતું હોય છે, તેમ તેઓ બોલે છે અને તે રીતે આપણે તેમને હૃદયથી સમજવા જોઈએ. બાકી તો જો જગતમાં કંઈ કશાનો આધાર લેવાનું ના બને તો બાળક, મા વિના ઊછરી જ ન શકે, પરંતુ ચેતનના સત્તાનુભવની દૃષ્ટિ, વૃત્તિ એ ચેતન પોતે સર્વ સ્વતંત્ર છે, તેને કક્ષાની ભૂમિકામાં કશા અવલંબનની પણ જરૂર નથી. બાકી, જગતવહેવારમાં તો કોઈ ને કોઈનો, એકબીજાનો આધાર ન હોય કે એકબીજા પાસેથી જાણવાનુ કે શીખવાનું ન હોય એવું તો કદી પણ બનતું હોતું નથી.

ભાઈ 'સરકારે' મને અંગ્રેજીમાં કાગળ લખ્યો છે. તેમાં એમ સવાલ પૂછ્યો છે કે 'આ જન્મમાં બે ખરા ભાઈબંધ હોય તે આવતા જન્મમાં મળે ખરા અને તેમની વચ્ચે દુશ્મનાવટ ત્યારે હોય ખરી ? અને આ જન્મે જે જીવ પુરુષ હોય તે જીવ બીજા જન્મે સ્ત્રી થઈ શકે ખરો ? અથવા સ્ત્રી હોય તે પુરુષ થઈ શકે ખરો ?' એનો જવાબ અંગ્રેજીમાં મારાથી બરાબર આપી શકાય તેમ નથી. આ જન્મે બે મિત્ર હોય અને તે ખરેખરા, પૂરેપૂરા જીવજાન મિત્ર હોય તો તેઓ બીજા ભવમાં કોઈ ને કોઈ રૂપે મળે ખરા, પરંતુ તેમાં એક ગૂંચ છે. પ્રત્યેક જીવની જન્મોજન્મની સમગ્ર અને સળંગ સંસ્કારશક્તિ કેવા કેવા પ્રકારની છે અને મૃત્યુ ટાણે તે તે જીવની કેવી ગતિ રહે છે, (ઉપલી સમગ્ર અને

સળંગ સંસ્કારશક્તિ લખી છે તેના આધારે) તેના ઉપર તુરત કે મોડો જીવનો જન્મ થવાનો આધાર રહે છે. જો દોસ્તી એવા ઉત્કટપણાની હોય કે જેને મળ્યા વિના, જોયા વિના અને સાથે રહ્યા વિના જરાકે ચેન ના પડે, અને એવી દોસ્તીનો એવો ગાળો સતત એકધારો આ જ ભવના તેના જીવનના કાળમાં વધારે કાળ રહ્યો હોય એટલે કે ૭૫ વર્ષ આયુષ્ય હોય તો ૬૫ વર્ષ એવો ગાળો સતત રહ્યો હોય, તો તેવા જીવ જરૂર મળે જ મળે, પણ તે સંબંધ મિત્ર તરીકે જ હોય એવું ન પણ બને. પરસ્પર તેવા જીવો પિતાપુત્ર તરીકે અવતરે, ભાઈભાઈ તરીકે પણ અવતરે અને પતિપત્ની તરીકે પણ સંબંધ થાય. દોસ્તીની ભાવનાનો કેવો પ્રકાર છે, તેના ઉપર પણ જન્મના સંબંધનો આધાર રહે છે. પુરુષશરીર ધારણ કરવાવાળો જીવ પુરુષ પણ જન્મે. પુરુષ હોય તે પુરુષ જ જન્મે અને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો કશો નિયમ નથી.

---

## ગુરુની પૂજા

**ઘાટકોપર,**

હરિઃ ૐ તા. ૧૩-૧૨-૧૯૪૭

જોકે ગુરુની પૂજાની મારી વ્યાખ્યા તદ્દન જુદા પ્રકારની છે, પરંતુ જે નિમિત્તે તમારે તેમને આમંત્રણ આપવાનું બન્યું છે, તે રીતે જ તેની ઊજવણી કરવી એ તદ્દન વાજબી અને યોગ્ય છે. એમની પ્રત્યેક સૂચના નમ્રપણે પૂરેપૂરા ભક્તિભાવથી કંઈ પણ આશાઅપેક્ષા વિના, આપણા પોતાના જ કલ્યાણ અર્થે તે તે બધું છે, એમ સમજીને અને તે વેળાએ તે સૂચનાથી બીજો સામો વિચાર ઊગવા દીધા વિના તે તે સૂચનાનો હૃદયપૂર્વક અમલ

કરવાનું રાખવું. જો આપણે આમંત્રણ આપીએ તો પછી જે જે કરવાનું હોય તે ભક્તિપૂર્વક કરીએ. જે કોઈને આવા સાધુ-સંન્યાસીઓમાં શ્રદ્ધાવિશ્વાસ ન હોય તેમને ત્યારે કદી પણ નોતરવા નહિ. જે કર્મને અંગે આમંત્રણ આપ્યું છે, તે કર્મ તેની સર્વ પ્રકારની યોગ્યતાની હૃદયની ભાવનાથી ઊજવાય તે આપણા કાજે યોગ્ય અને ઉત્તમ ગણાય.

**પ્રત્યેક જીવના મૌનએકાંતનો કાળ મારે મન એક મોંઘામૂલો અને ફરી ન મળી શકે એવો અમૂલ્ય કાળ છે,** અને તેવી પ્રવૃત્તિમાં બીજી કોઈ બાબતને મહત્ત્વ આપી શકાતું નથી. બાકી, તમારો પ્રેમભાવ આટલો બધો આ જીવ ઉપર છે, તેની કદર જો ન બૂઝી શકાય તો માટીના ઢેફાં કરતાંયે નપાવટ ગણાઉં.

---

## પ્રેમભાવ

**કુંભકોણમ્**

હરિઃૐ તા. ૨૪-૧૨-૧૯૪૭

જત, તમારો ભાવવાળો કાગળ મળ્યો છે. ભાવ ભાવને જગાડે છે અને ભાવને પ્રેરાવે છે. તેથી જ જગતમાં પરસ્પર હૃદયના પ્રેમભાવને જે હૃદય પ્રીછ્યું છે, તે હૃદય સદાય ખેંચાતું જ રહ્યા કરે છે. પ્રેમનો એવો પ્રભાવ અને પ્રતાપ હોય છે, અને જ્યારે એવો પ્રેમભાવ હૃદયમાં જાગૃત થાય છે, અને જ્યારે જીવનમાં એવી પ્રેમની દિવ્ય, ભવ્ય અને રમ્ય શક્તિ પ્રગટપણે પ્રવર્તે છે, ત્યારે તો એ જ આપણને કબજામાં લઈને ચલાવે છે અને હલાવે છે.

---

ત્રિચિ,

હરિઃૐ તા. ૨૨-૧૨-૧૯૪૭

મને પણ ત્યાંનો ગાળેલો ટૂંકો સમય ઘણો મજાનો લાગ્યો. તમારાં બધાંનો પ્રેમભાવ તમારામાં જીવવાને પ્રેરણારૂપ લાગતો હોય છે. એના આધાર વડે તો તમારામાં નભ્યું જવાય છે, અને એથી જ તમારા માટે મારામાં તો હૂંફ, પ્રાણ રહ્યા કરે છે.

જે જે મળે છે તેમનો તેમનો એવો ઉત્કટ પ્રેમભાવ જો ના હોય તો શરીર જ ના ટકે, એવું મારું તો હાલમાં છે, કારણ કે જે હેતુ અર્થે જીવન છે, તે જીવનને ટકવાને જે ખોરાકની જરૂર હોય, તે ન મળે તો એ કેમ કરીને જીવી શકે ?

જીવનમાં જે જે પરિસ્થિતિમાં મુકાયેલા હોઈએ, તેમાં તેમાં જે જે સારું કે નરસું મળ્યા કરે, તેમાં તેમાં તેનું તેનું તેવું તેવું મહત્ત્વ ન રહેતાં, જો એકમાત્ર તેમાં તેમાં હૃદયની શુભ ભાવના અને એક શ્રીભગવાનની જ ધારણા રહ્યા કરે અને એમ કરતાં કરતાં મૂળગીય જીવપ્રકૃતિ પલટાયા કરે, એટલે કે રાગ, દ્વેષ, ઈર્ષા, અદેખાઈ, કૂડકપટ આદિ જીવસ્વભાવનાં લક્ષણો આપણામાંથી ઘટતાં જતાં લાગે, તો જ જીવનનું કલ્યાણ થતું જતું પ્રમાણી શકાય એવું છે.

## ધ્યાન

કુંભકોણમ્‌

હરિઃૐ          તા. ૩૦-૧૨-'૪૭

જે કોઈ પોતાના જીવનવિકાસ અંગે અને તેવો જીવતો ખ્યાલ રાખીને સાધના તરીકે **નમન**ને જીવનવિકાસ કાજેનું યોગ્ય સાધન ગણીને અને હૃદયથી સ્વીકારીને તેમ કરવાનું રાખે તેની સાથે મારે શી નિસ્બત હોઈ શકે ? નમવા યોગ્ય તો એકમાત્ર ચેતન જ છે. જીવનસાધનારૂપનું નમન અને તેવું કર્મ, તેવાં કર્મના કરનારને ફળદાયી જ નીવડવાનું છે. મારે તો જગતમાં અજ્ઞાત ભાવે જ રહેવાકરવાનું છે. તમારાં બધાંનો હૃદયનો પ્રેમભાવ અને એવી નમનવિધિ એ મારે મન તો પ્રત્યક્ષ શ્રીભગવાનની કૃપાલીલા જ છે.

મૌનએકાંતનો પણ થોડોક અનુભવ લેતા રહેશોજી. વળી, તમારે નાકના ટેરવા ઉપર દૃષ્ટિને ઠેરવીને, દૃષ્ટિને હલાવ્યા વિના હૃદયથી સ્મરણ કરતાં કરતાં રહીને, મનને સ્થિર દૃઢાવ્યા કરવાનો અભ્યાસ કેળવવાનો છે. તથા, હૃદયના મધ્યભાગમાં કંકુ કે ચંદનનો ચાંલ્લો કરીને ત્યાં ટગર ટગર નયને હૃદયસ્થ ધ્યાનભાવે જોયા કરવાનો, સ્મરણ કર્યાં કરતા રહીને, અભ્યાસ પાડ્યા કરવાનો છે. જે જે કાંઈ વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, વર્તન, વહેવાર, સંબંધ, કામકાજ વગેરે જેમ જેમ બન્યા કરે, તેમાં બને તેટલું નામસ્મરણ પ્રેમભક્તિભાવે થયા કરે, અને તે તે વેળા તે તે કર્મમાં સમર્પણભાવના દૃઢાવાયા જવાય તો જીવ સ્વભાવમાંથી મુક્ત થવામાં સરળતા સાંપડી શકે.

કોઈ કોઈ વેળા વિચાર કે અન્યથા પ્રકારનું, વૃત્તિનું પ્રાબલ્ય એટલું ઉત્કટ હોય છે કે તે ટાળ્યું ટાળી પણ શકાતું નથી. તેવી વેળા જેમ પગમાં કાંટો વાગ્યો હોય અને તે ખૂંચ્યાં જ કરતો હોય, તો બધું પડતું મૂકીને તેને કાઢવામાં જ પરોવાઈ જઈએ છીએ. તેમ અન્યથા પ્રકારના વિચાર કે વૃત્તિનું મનહૃદયથી સાલવાપણું કે તેથી ખૂબ ખૂંચવાપણું જો આપણને લાગ્યું, તો જરૂર તેથી મોકળા થઈ જ શકીશું, તે નિશ્ચયે કરીને માનશોજી અથવા તો તેવી વેળા ભ્રૂકુટિએ એકાગ્રપણે ધ્યાન કરવાથી વિચારોનું અટકી જવું શક્ય બની શકે છે.

---

## ઉપયોગ

**કુંભકોણમ્**

હરિઃૐ તા. ૨-૧-૧૯૪૮

પોતાના નાકને ટેરવે દૃષ્ટિ સ્થિર કર્યાં કરીને ભાવનાથી ધ્યાનનો અભ્યાસ દૃઢાવવાનો છે. અને હૃદયના મધ્યભાગમાં એક ગુલાબની પાંદડી ચોંટાડી તેની ઉપર દૃષ્ટિ એકાગ્રપણે ઠેરવી પોતે પોતાનામાં ઊંડું ઊતરતા જવું. મન વિચારો કરે તો તેમાં ભળવું નહિ. સાક્ષીવત્ રહ્યા કરવું. મનમાં ઊઠતા પ્રત્યેક વિચારને અનુરૂપ બીજા વિચારને સાંકળરૂપે ન જોડવો. વળી, વિચારાદિ ના આવી શકે તે કારણે ભ્રૂકુટિ ઉપર મનનું લક્ષ પ્રેરાવીને જો ધ્યાન કરવાનું રાખીશું તો તેનો અભ્યાસ દૃઢ થતાં વિચારોનું જોશ એકદમ ઘટી જાય છે.

પ્રેમ અને ત્યાગ એ બંને ગુણ જો પ્રગટી ગયા તો આખા વિશ્વ સાથે મેળ મળી ગયો જાણવો. પ્રેમ અને ત્યાગ દૈવી સંપત્તિના મનાયેલા ગુણમાંના મુખ્ય ગુણ છે. પ્રેમને અનેક

રીતથી **'પ્રેમગાથા'**માં સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. પ્રેમનાં અનેક અંગો છે અને અનેક પાસાં છે. પ્રેમનો સ્વભાવ, પ્રેમનું લક્ષણ, પ્રેમનું વર્તન આદિ અને વળી તેની જુદી જુદી કક્ષાએ પ્રેમનાં સ્વરૂપ એ બધું સરળપણે સમજાય તેવી રીતે **'પ્રેમગાથા'**માં લખ્યું છે.

છોડવાનું તો કશું નથી. માત્ર, દરેક પ્રવૃત્તિ પરત્વેના દૃષ્ટિકોણ બદલાઈ જાય એ જ મહત્ત્વનું છે. માત્ર, આપણું મોં જ વળવું ઘટે. મોંની દિશા બદલાઈ જવી જોઈએ. જો એવું થઈ જાય તો દરેક પ્રશ્નનો ઉકેલ કરવામાં એ દૃષ્ટિ ખપમાં લાગ્યા કરશે. હાલમાં તો આપણને જે પ્રશ્ન ઊઠે છે, તેનો ઉકેલ પણ આપણી હાલની ભૂમિકાના દૃષ્ટિકોણથી આપણે કરવાને મથતા હોઈએ છીએ.

જે જે કંઈ આપણને મળેલું છે, તે તો શક્તિને કાજે, શક્તિ ઉપજાવવા કાજે, શક્તિના પોષણ કાજે અને શક્તિના વર્ધન કાજે જે તે મળેલું છે. જે જે મળેલું છે, તે તે શક્તિ પોતે જ છે. એનો જેવી રીતે જીવ ઉપયોગ કે ઉપભોગ કરે છે, તેમ તેમ તેવી તેવી રીતે એનો પટ વહ્યા કે બન્યા જતો હોય છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં કશો જ ફરક દેખાતો નથી. એક છે તે ઉપયોગ કર્યા કરે છે અને બીજો છે તે ભોગવ્યા જ કરે છે, અને ભોગવવાની પળે જેવી જેવી ભૂમિકા તેવું તેવું કર્મ પણ ફળતું રહે છે. જ્ઞાની અને અજ્ઞાની બંને ભોગવે તો છે. જ્ઞાની ઉપયોગની દૃષ્ટિએ ભોગવે છે અને તેવા જ્ઞાન, ભાન સાથે ભોગવે છે, અને અજ્ઞાની માત્ર ભોગવવાનું જ કર્યા કરે છે. જીવના ભોગવવાપણામાં આસક્તિ, મોહ, લાલસા, કામના, આશા,

ઇચ્છાઓ આદિ પાર્થિવ વૃત્તિઓ તેવા જીવની માનસિક ભૂમિકામાં ભોગવતી વખતે હોયા જ કરે છે. જ્ઞાનીને ભોગવવું ઉપાધિરૂપ નથી, જ્યારે અજ્ઞાનીએ ભોગવેલું ઉપાધિરૂપ જ નીવડે છે.

જે કોઈ જીવ તેના જીવનની સ્થિતિમાં કોઈ ને કોઈ પ્રકારની સ્થૂળ કે સૂક્ષ્મ સંકડામણની સ્થિતિમાં હોય, તેવી વેળાએ તેને હૂંફ, સહાનુભૂતિ તમે આપ્યા કરો છો તેની છાપ ઘણી જ ઊંડી પડવાની છે. માનવીને પોતાની આફતને ટાણે જે કોઈની હૃદયની સહાનુભૂતિ મળે છે, તે અસર લાંબો વખત સુધી એના દિલમાં વાસો કરીને રહેતી હોય છે.

ચેતનભાવ વિશે તો શું લખું ? પરબ્રહ્મનાં બે સ્વરૂપ. એક સાકારશક્તિ, ગુણમત્તા, સ્થળ-કાળની મર્યાદાથી પર હોવાપણું તથા તે ઉપરાંત, કૃપા, દયા, કરુણા, નિષ્કામતા, નિર્વૈરપણું, પરોપકાર, પરમ પ્રેમસ્વરૂપ, સર્વ ગુણ સંપન્નતા, સર્વ શક્તિમત્તા, સંકલ્પ વિકલ્પ-રહિતતા વગેરે વગેરે એવું ઘણું ગણાવી શકાય તથા બીજું નિરાકાર. અને એ બંને પાસાં ચેતનનાં હોવા છતાં તેનાથી પણ આગળની ચેતનની અવસ્થા હોવાનો પૂરેપૂરો સંભવ છે. આપણને માનવીને તો સાકાર જ મનની દશામાં, કલ્પનામાં, લાગણીમાં, સમજમાં, ભાવનામાં અને ભાવમાં આવી શકવાનો સંભવ રહે છે. નિરાકારની વાતો કરવી તે મિથ્યા 'ટૂપણાં' છે. એક પગલું આપણે તો ભરવામાં જ સર્વ ધ્યાન રાખવું.

## સંસારમાં સાધના

ત્રિચિ,

હરિઃૐ તા. ૧૯-૧૧-૧૯૪૮

જે જીવનું મન સંસારની ઉપાધિઓમાં વળ્યું હોય, અને જીવનનું મહત્ત્વ જેને સમજાતું જતું હોય અને જેનું મન ભગવાનનાં ચરણકમળમાં લાગવાનું બન્યા કરતું હોય તેવો જીવ કોઈને પણ તે બાબતમાં પૂછવાગાછવા રહેતો હોતો નથી. તે તો ઝુકાવ્યે જ રાખે છે. કિંતુ એવા પ્રકારના જીવો કંઈ બધા હોઈ શકતા નથી. જેને જીવનનું એકમાત્ર ધ્યેય જીવનના રહસ્યને ઉકેલવાનો, સમજવાનો અને અનુભવવાનો જીવતો આદર્શ અને તેની ધગધગતી તમન્ના હૃદયથી હૃદયમાં લાગ્યાં હોય, તેવો જીવ તો તે જ દિશમાં વળ્યા કરવાનો છે. તેવા જીવને સંસાર કે સંસારની પ્રવૃત્તિઓ, ઉપાધિઓ, મુશ્કેલીઓ, ગૂંચો, પ્રશ્નો, અનેક જાતની હાડમારીઓ વગેરે જીવનના ધ્યેયની પ્રવૃત્તિમાં પ્રવેશતાં અટકાવી શકવાનાં નથી, પરંતુ તેવું ન થયું હોય, તેમ છતાં જે જીવનું મન જરાતરા પણ ભગવાનના ભાવ તરફ થતું જતું હોય, તેવા જીવથી સંસારની પ્રવૃત્તિ એકદમ છોડી શકાતી નથી, એ ઇચ્છે તોપણ, એટલે તેવા મથતા જીવે તો સંસારની પ્રવૃત્તિ કરતાં કરતાં પણ એના જીવનનો સકળ ઝોક ચેતનના ભાવ પરત્વે ઢળતો રહે તે જોવાનું તેનું એક મહત્ત્વનું કર્મ છે. અલબત્ત, લક્ષ્મીઉપાર્જનની પ્રવૃત્તિ કરતાં કરતાં એને અનેક પ્રકારનાં કર્મબંધન થવાનાં જ છે અને નવાં કર્મનું ઉપાર્જન તેવો જીવ કરતો જ રહેવાનો છે. અનેક પ્રકારના રાગમોહાદિ આવરણમાં પણ તે જીવ સંડોવાયા કરવાનો જ અને તેવાં કર્મનું પરિણામ પણ એને ભોગવવું પડવાનું જ. એ વાત પણ નક્કી

છે, પરંતુ સાથેસાથે જો તેવો જીવ ભગવાનના ભાવ તરફની પોતાની પ્રવૃત્તિ કર્યા જ કરતો રહેશે, તો તેવી પ્રવૃત્તિના સંસ્કાર પણ તેને પડતા રહેવાના જ, અને તેનું પરિણામ પણ તેને આવવાનું જ. બધું જ પૂરેપૂરું ના થઈ શકે તો થોડું પણ કરતાં રહેવું એ જીવને કાજે ઉત્તમ વાત છે. અને એમ કરતાં કરતાં શ્રીભગવાનના ભાવ પરત્વેની પ્રવૃત્તિનું Momentum વેગ-જેમ જેમ ધીરે ધીરે બઢતો જશે અને જેમ જેમ તેવો વેગ અખંડતાની મર્યાદા સુધી થતો જતાં-તેવા જીવની અંતર્દૃષ્ટિ પણ વળ્યા વિના રહી શકવાની નથી જ.

પ્રભુકૃપાથી જે જીવનું ભગવાનના નામનું રટણ ભલેને ઘરેડની પેઠે થાય અને એવા રટણની અખંડ ધારા સતત એકધારી-ગંગાધારાવત્ જો પ્રભુકૃપાથી બની શકી, તો એવી પ્રવૃત્તિમાં પણ ચેતન પ્રગટ્યા વિના રહી શકવાનું નથી. બધાય જીવ સંસારની પ્રવૃત્તિ અને એવી ઇતર પ્રવૃત્તિ એકદમ મૂકી શકતા નથી, અને તેવું શક્ય પણ નથી. વળી, તે બધું મૂક્યા વિના ભગવાનના ભાવમાં પ્રવેશવાનું થઈ ના શકે એવું તો કશું નથી. ધારો કે, કોઈ જીવ એકદમ તેવી દ્વંદ્વાદિ પ્રવૃત્તિ મૂકી દે, તોપણ એનું મન અને એના મનમાં રહેલાં દ્વંદ્વ અને તેની પ્રકૃતિ તથા એના સંસ્કાર એ કંઈ થોડાં જ જીવથી મુકાઈ શકાવાનાં છે ? એ તો સતત એકધારી સાધના થયા વિના અને તે પરત્વેના એકધારા જીવતા લક્ષ વિના તેમ થવું કદી પણ શક્ય નથી. જીવ તેવું બધું એકદમ કરી શકતો હોતો નથી. આમ, જેમ જેમ સંસાર પરત્વેનાં મોહ, કામ, રાગ, મમતા આદિ છૂટતાં જતાં લાગે, તેમ તેમ આપણે ભાવભક્તિમાં

તલ્લીન થતાં જતાં આપણને અનુભવી શકીશું. **'હસવું અને લોટ ફાકવો'** એ બે કામ કંઈ સાથે થઈ શકવાં શક્ય નથી લાગતાં, પરંતુ જો બારીકાઈથી જોવા જઈએ અને તપાસીએ તો જણાશે કે લોટ ફાકીએ અને હસીએ અને તે પણ ખડખડાટ-તો લોટ ઊડી જાય તો ખરો, તેમ છતાં મોંમાં લોટ થૂંકથી થોડો ઘણો પણ પલળે અને એમ લોટ થોડો ઘણો તો પેટમાં જાય જ, તેવી રીતે સંસારની પ્રવૃત્તિ જે જીવ ન છોડી શકતો હોય, તેવા જીવનું મન પણ જરાતરા ભગવાનના ભાવ પરત્વે થતું હોય, તો તેના પરત્વે વધારે સભાન રહીને એને એકધારું અખંડાકાર બને તેવું કરવામાં જો તે ધ્યાન લગાવે, તો તેટલા કાળ સુધીમાં બનેલાં સારાંનરસાં બધાં કર્મોનું પરિણામ એને ભોગવવું તો પડવાનું જ, પણ જો પેલી ભગવાનના ભાવની પ્રવૃત્તિ એકધારી જીવતી એનામાં બની શકી, તો પછી પેલાં થઈ ગયેલાં જીવદશાયુક્ત કર્મોના સંસ્કારનો જ્યારે ઉદય થશે, તે વેળા તે જીવની ભૂમિકા કંઈ આપણા જેવા જીવના જેવી દ્વંદ્વયુક્ત નહિ હોય, એટલે જૂનાં થઈ ગયેલાં કર્મનાં પરિણામ ભોગવાતી વેળાનાં જે કર્મ થવાનાં તે એવા જીવને રાગદ્વેષાદિ દ્વંદ્વાદિકની ભૂમિકામાં લઈ જઈ શકે નહિ એ વાત પણ નક્કી છે.

જે જીવને શ્રીભગવાનના ભાવની ભૂમિકા એકધારી અખંડાકાર બને તે વેળા તેનાં મન, ચિત્ત, પ્રાણ, મતિ અને અહમ્ પણ તેવી ભાવનામાં જ રમ્યા કરવાનાં. જેમ કોઈ ભારે કુશળ, અઠંગ તરવૈયો હોય, તો તે જાણે તરતો જ ના હોય એમ પડ્યો પડ્યો પણ તર્યા જ કરતો હોય છે. અરે ! કેટલાક

અઠંગ તરવૈયા તો હાથપગ બંધાવીને પણ પાણીમાં તર્યા કરતા હોવાના દાખલા આજે પણ મોજૂદ છે, તેમ અખંડાકાર વૃત્તિ થતાં જતાં જૂનાં કર્મનો પાશ તેવાં તેવાં કર્મો તે તે પળે ભોગવાતાં હોવા છતાં-એવા જીવને લાગવાનો નથી, પરંતુ એ તો આપણા બધાંની દૃષ્ટિમર્યાદાની બહારનો વિષય ભલે હોય, પરંતુ આપણા બધાંનું જીવનનું દૃષ્ટિબિંદુ તો તે જ છે. આપણે આજે નહિ તો કાલે, ત્યાં જવું જ છે તે વાત પણ નક્કી છે. એટલે જે જીવ સંસાર કે લક્ષ્મીની પ્રવૃત્તિ મૂકી ન શકે, એટલી તાલાવેલી જ્યાં સુધી જીવને લાગી ગયેલી નથી, ત્યાં સુધી તેવો જીવ શ્રીભગવાનના ભાવ પરત્વે જે કંઈ અને જેટલી કંઈક પ્રવૃત્તિ કરી શકતો હોય તે એવા જીવ કાજે શ્રેયસ્કર છે જ.

બાળક ચાલવાનું હજી પૂરું શીખ્યો નથી હોતો, જરાતરા એ બાજુના પ્રયત્નની દિશા હજી તો માત્ર શરૂ થવા માંડે, અને એ જરાતરા ઊભા રહેતાં શીખે છે, ત્યાં માબાપ બે હાથ પહોળા કરી એને આંગળી આપે છે, અને જરાક આગળ ચલાવવાને લલચાવ્યાં કરે છે, તેમ જીવને પણ શ્રીભગવાનના ભાવની પ્રવૃત્તિમાં લલચાવવાની જરૂર રહે છે જ. સંસારમાં રહ્યે રહ્યે અને સંસારની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહ્યે, અને એવી સ્થિતિમાં પણ નામસ્મરણ, પ્રાર્થના કે ધ્યાન આદિ સાધન કર્યાં કરવાથી ધારી અસર તત્કાળ તો થતી નથી હોતી અને યોગ્ય પરિણામ નિપજાવી શકાતું નથી, તે હકીકત પણ સો ટકા સાચી છે. એવું હોવા છતાં પણ કોઈના કહેવાથી સંસાર કે સંસારની પ્રવૃત્તિ કોઈ જીવ મૂકી શકવાનો નથી, મૂકી શકતો પણ નથી. તેથી, તેવા જીવને **'ના મામા કરતાં કહેણાં મામા પણ શા ખોટા ?'** એ ન્યાયે

જો જીવ થોડું ઘણું પણ કરતો રહે તો એવા જીવના મનને કોઈક કાળે તો પલળવાના સંજોગ ઊભા થાય છે. વળી, જીવનમાં સારાં કર્મનાં પરિણામ પણ તેવાં અને નરસાંનાં પણ તેવાં જ એ પણ નક્કી છે. જે જીવ પોપટિયા રીતે, પણ સંકલ્પથી નામ થોડું ઘણું લીધા કરશે, એવા જીવનું મન કૂણું થવાની શક્યતામાં આવે છે, એનામાં ભાવના જાગવાની છે. કશું પણ જે ના કરતો હોય તેના કરતાં જે જીવ કંઈક આવી બાજુનું કરવા મથતો હોય તે ઇષ્ટ છે.

ગુરુ કોઈને બળેબળે કશું લાદી શકતો નથી. એ પણ તેની તેની તેવી તેવી ભૂમિકા માગી લેતો હોય છે. ગુરુ પણ જેમ થતું હોય છે તેમ થવા દે છે. જગતની રચનામાં અને તેના ચલણમાં આ જગતમાં રહેલા મહાન આત્માઓ સાક્ષીવત્ જ રહેતા હોય છે. વળી, કોઈ જીવ કોઈને પૂરેપૂરા ગુરુ તરીકે હૃદયથી સ્વીકારી પણ શક્યા હોતા નથી. હજી તો જરાતરા કોઈ જીવનું મન પેલા આત્મામાં પ્રવેશવાને માત્ર ડોકિયાં જ કરતું લાગે છે, તે સર્વ ભાવે અને સર્વ રીતે સમર્પણ થયેલા જીવને જે રીતે ગુરુનો ભાવ પ્રેરાવતો હોય છે, તે રીતે બધા જે તે જીવ જે એના સમાગમમાં આવે, એવા બધા જીવને હંકારી પણ શકતો હોતો નથી. એ ગમે તેટલું તેવી રીતે હંકારવાનું ઇચ્છે તોપણ પેલો જીવ એને સમજી પણ ના શકે. એની રીતે (એના ભાવ પ્રમાણે) તે ચાલી પણ ના શકે. જેમ વેપારમાં વેપારીનો પુત્ર આજે જેવી રીતે વેપાર કરી શકે છે, તેવું જ્યારે વેપારમાં પહેલવહેલાં દાખલ થયો હશે તે રીતે વેપાર કરી શકવા કે સમજી શકવા પણ સમર્થ નહિ જ હોય. કંઈક થવાને કાજે જીવમાં તેવી ભૂમિકા હોવી કે

થવી તે ઘણું જરૂરી હોય છે. ગુરુના આઘાત પ્રત્યાઘાત સ્વીકારવા એ સહેલું નથી. અરે ! સ્વીકારવાનું તો બાજુએ મૂકો, પણ તે સહેવા પણ અટપટા છે. જોકે જીવનો રાગ ગુરુની ભાવનામાં ઓતપ્રોત થઈ જાય, અને તેવા ગુરુની ચેતનાનો અનુભવ મનહૃદયથી બુદ્ધિમાં જીવને દૃઢ થાય, તેમ છતાં સાધકની કક્ષા જ્યાં સુધી જીવભાવમાં હોય છે, ત્યાં સુધી તેવો જીવ, ગુરુની ભાવનાને અને ચેતનાને અને તેના યોગ્ય પ્રકારના હકીકતપણાને સમગ્રપણે અને સળંગપણે સમજી શકવાને પણ સમર્થ બનતો હોતો નથી. અલબત્ત, કોઈ એવા આત્માના ગુરુપણાથી ખાતરી જ્યાં સુધી આપણે જીવઅવસ્થામાં હોઈએ તે દશામાં કોઈ ને કોઈ રૂપે ભલે થઈ શકી હોય અને તે હકીકતે સાચી ભલે હોય, એવું થવા છતાં પણ તેવી આપણી દશામાં તેવા આત્માની યોગ્યતામાં આપણને સગડગ જાગ્યા વિના રહેવાની નથી, કારણ કે સઘળું કંઈ અભેદભાવે જ હોય છે. પ્રકૃતિ પણ અભેદ છે અને પુરુષ પણ અભેદ છે અને એટલે આપણને જીવસ્વભાવમાં જકડી રખાવવા આપણામાંની પ્રકૃતિ આપણને અનેક સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ રીતે કંઈક ને કંઈક કશુંક બતલાવી કે અમુક આપણી તેવી દશામાં હકીકતપણે દેખાય તેવું બતાવી બતાવી મનને પોતાનામાં એકરાગ થતું અટકાવવા બધા જ તનતોડ પ્રયત્ન તે કરતી રહેવાની જ. આમ, સાધકના મનમાં જીવન-સંગ્રામ તો ચાલતો જ રહેવાનો.

જ્યાં સુધી કોઈ જીવનો સંપૂર્ણ ભાવ એકરાગપણે કોઈ ઉચ્ચાત્મામાં સર્વ ભાવે અને સર્વ રીતે શરણપણાની જીવતી ભાવનામાં પૂરેપૂરો ન બની શક્યો હોય, ત્યાં સુધી ગુરુ પણ

બિચારો સાવ લાચાર હોય છે. એની લાચારીનો તો પાર પણ હોતો નથી. એવાં એનાં દર્દને કોણ પિછાની શકે કે કોણ અનુભવી શકે ? બાળકને જો તે બોલતું ન હોય તો એને બોલાવવા આપણે ઘણુંએ ચાહતાં હોઈએ, એને ચાલતાં ન આવડતું હોય તો એને ચલાવવાનું, અનેક ઉપાયો કરી કરીને, કર્યાં કરતાં હોઈએ છીએ, પરંતુ જ્યાં સુધી એને એવો અંતરનો Urge પ્રેરણાત્મક જુસ્સાભરેલો આવેગ અને આવેશ અંતરથી જાગતો નથી, ત્યાં સુધીના આપણા સઘળા પ્રયત્નો તે બાબતમાં મિથ્યા જતા હોય છે. ગુરુને તાવી જોવાનું ભલે હોય, એની પણ યોગ્યતા અને વાસ્તવિકતા સ્વીકારવી જ રહી, કિંતુ સર્વ કોઈ ગુણને જેમ મર્યાદા હોય છે અને ગુણનો પણ અતિરેક થતાં ગુણનું ગુણપણું મટી જતું હોય છે, તેમ ગુરુને તાવી જોવાની પણ મર્યાદા વટાવી જવાનું બનતાં તેમાંનો ગુણ અને ગુણની શક્તિ માર્યાં જતાં હોય છે. વળી, ગુરુથી પણ જેને તેને ગમે તેમ ચલાવી શકવાનું બનતું હોતું નથી. ગુરુ તો મડદા જેવો છે, एने જીવાડો તો જીવે અને મડદા જેવો રાખી મૂકો તો તે તેમ પણ પડી રહે. તે जीवतो આપણા આધારે જ બની શકે. જેમ કે તમારાં બધાંનો હૃદયનો પ્રેમભાવ જ મને તો તમારાં બધાંમાં જીવતો રાખી શકવા સમર્થ બને છે. જોકે મને પોતે ગુરુપણાનું ભાન નથી. હું તો જે જે जीवो સાથેનું एनी કૃપાથી જેમ જેમ નિમિત્ત ઊગતું ગયું, તેમ તેમ તેવી રીતે સંકળાતો ગયો છું. એ તો સહજ કર્મ છે. કોઈને પણ શોધવા ગયો નથી. તેમ સામે મળવા પણ ગયો નથી. ગુરુની ભાવના આપણામાં સર્વપણે, સર્વાર્પણભાવે અને તે પણ સળંગ અને

સમગ્ર તથા કેંદ્રિતપણે જીવતીજાગતી આધારનાં સર્વ કરણોમાં ન બની શકે, ત્યાં સુધી ગુરુ પણ લૂલોપાંગળો હોય છે. વળી, જે અર્થમાં ગુરુ છે અને ગુરુપણાનો ચેતનભાવ જે અર્થમાં ચેતનાત્મક લક્ષણરૂપે છે, અને તે જ્યારે ચેતનરૂપે માનવદેહધારી સ્વરૂપે છે, તે અર્થમાં જગત એને સ્વીકારી શકતું હશે કે કેમ તે પણ એક વિચારવા જેવો સવાલ તો છે.

માબાપ પોતાનું બાળક મોટું થતાં જો કડક થવા જાય છે, તો તે આપણા પોતાના જ પરસેવાથી ઉત્પન્ન થયેલો હોવા છતાં એના મનમાં કેવા કેવા આમળા ઊભા થતા હોય છે, એ તો સર્વ કોઈના અનુભવની હકીકત છે. માબાપ અને છોકરાંનો સ્વાર્થ કંઈ જુદો હોતો નથી. વળી, માબાપ જે કહે છે તે ભલાને માટે હોય છે, છતાં તેવું માબાપનું કહેવું છોકરાંથી યોગ્ય રીતે ગ્રહણ થઈ શકતું હોતું નથી. એનું કારણ બંનેની સમજણમાં અને બંને એકબીજાનામાં એકરાગે, એકમેળપણે પ્રવર્તી શકેલા હોતા નથી. અથવા તેવાં છોકરાંની પ્રેમભાવના માબાપનામાં તેના આજ્ઞાંકિતપણામાં જીવતી થયેલી હોતી નથી તેટલું તો નક્કી છે. તેથી, માબાપનું કહેવું યોગ્ય હોય તેમ છતાં છોકરાં તેને તેને તે રીતે સ્વીકારી શકતાં નથી. એટલે આમ ગુરુનામાં આપણો પૂરેપૂરો હૃદયથી હૃદયમાં એકરાગ થઈ જવો-તેમનું તેવું સ્વીકારવાની ભૂમિકા યોગ્યપણે થવા કાજે ઘણો જરૂરનો છે. તેવું થઈ શકે તો જ યોગ્ય ગુરુ યોગ્ય સાધકને તેની યોગ્ય રીતે હંકારી શકે છે, આવું એનું વિજ્ઞાનશાસ્ત્ર છે.

હવે, હાલમાં આશ્રમો વગેરે સ્થળોએ જે જે જીવો અવારનવાર ગયાં કરે છે અને તેવા જીવ પાછા પોતાની

સાંસારિક કે અન્ય વેપાર-વ્યવહારની કે લક્ષ્મી કમાવાની ઘટમાળમાં જ પરોવાયા જતા હોય છે, અને તેવા જીવની પ્રવૃત્તિનું કેંદ્ર તો બદલાતું જતું હોતું નથી. વળી, કેટલાક તો લક્ષ્મીને શક્તિરૂપે માનવાનું કરીને લક્ષ્મીના ઢગલા કરવામાં મશગૂલ રહેતા હોય છે, તે વાત તદ્દન સાચી છે. એવા જીવને તેથી તેનું પરિણામ તો ભોગવવું જ પડવાનું, પરંતુ આપણે તો તેવા જીવમાંથી પણ જે સારું હોય તે જ જોવાનું દૃષ્ટિબિંદુ કેળવવાનું રહે છે. જે જે કોઈ મળે તેનામાંથી જો જીવ તેના સદ્‌ગુણની ભાવના જોવાનું કેળવ્યા કરે તો જીવમાં સદ્‌ભાવના જીવતી બની શકવાની શક્યતા ઊભી થઈ શકતી હોય છે. સર્વ કોઈ જીવના સદ્‌ગુણ જોવાની અને તેવું મન કરવાની કેળવણી તે પણ સાધના જ છે. તેથી, ઉપર મુજબના જીવો જે તેવા તેવા આશ્રમનાં સ્થળોએ જતા હોય છે, તે તેમ કરવામાં કોઈક તો પોતાની ઈતિકર્તવ્યતા માનવાની હદ સુધી પણ જતા હોય એવું લાગે, તેવું બધું વાસ્તવિકતાની મર્યાદામાં યોગ્યપણે તો નથી જ. અને તેવા જનારા જીવની પ્રવૃત્તિમાં પણ તેવા તેવા ઉચ્ચાત્મામાં જીવતો એકરાગ થયા વિના-હૃદય હૃદયનો ભાવપૂર્ણ સુમેળભર્યો મેળાપ થયા વિના-હૃદયમાં હૃદય સમાઈ ગયા વિના-તેવા તેવા જીવની પ્રકૃતિ, પ્રવૃત્તિ અને સ્વભાવ ફરી શકવાની શક્યતા તો નથી જ. તેમ છતાં પણ જે જે જીવો ભલેને ગમે તેવા ભાવે ત્યાં જતા હોય, પણ જેમ જીવનની આપણી પોતાની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સારું પણ હોય અને નરસું પણ હોય, અને જેમ અમુક પરત્વે રાગ હોય, મોહ થાય અને કોઈક સારું લાગે અને કોઈક સાથે મન માંકડી જ ન માંડે, કોઈ તરફ વેર પણ

થાય તથા કોઈનું મોં પણ જોવાનું ના ગમે, એવું સામસામી તરફનું, જુદી જુદી દિશા તરફનું થતું આપણામાં આપણે અનુભવી શકીએ છીએ, તેવી રીતે જે જે જીવો જો તેવાં સ્થળોમાં અનેક વાર જવાનું કરશે તો તેવા જીવમાં પણ તેવા આત્માઓ પરત્વેનો રાગ થવાનો, તે તો બુદ્ધિથી સમજાય તેવી હકીકત છે. અને આ ભવમાં જો રાગ તેવા તેવા ઉચ્ચ આત્મા પરત્વે થયો તો તેવા જીવનું વલણ તેના પરત્વે પણ રહ્યા કરવાનું જ.

આ જન્મની પ્રવૃત્તિમાં ભલેને એવા જીવનું મન ના ફરી શક્યું, પણ તેથી કરી જેમ કોઈ નઠારાં કર્મનું પરિણામ ભોગવ્યા વિના આરો થતો નથી અને જેમ એવાં કર્મના સંસ્કારો પણ પડતા હોય છે, એમ એવા ઉચ્ચ આત્મા સાથેના રાગનું પરિણામ પણ નીપજવાનું જ છે, તે નક્કર હકીકત છે અને એના પણ સંસ્કાર પડવાના છે અને પડતા હોય છે જ. માત્ર, એવે સ્થળે જતી વખતે હૃદયમાં ભાવના જીવતી રાખી શકાય તો તેવા સંસ્કાર વધારે ચેતનદાયક અને યોગ્ય પરિણામમાં જન્મવા લાયક જરૂર બની શકે ખરા. વળી, જે જે જીવ ત્યાં ત્યાં જતા હશે, તે કંઈ એમ ને એમ તો નહિ જ જતા હોય. કોઈ વધારે ભાવનાથી, કોઈ ઓછી, કોઈ નહિ જેવી, કોઈ કુતૂહલતાથી, કોઈ માત્ર મુસાફરીના ભાવે કે સ્થળાંતર કાજે ભલેને જતા હોય અથવા તો કોઈ સ્વાર્થ કાજે જતા હોય, પણ જે કોઈ બાગમાં ગયું તો તેના વાતાવરણ અને તેનાં ફૂલોની અસર તેને લાગે તો ખરી, પણ જે જીવ માત્ર અમૂંઝણમાં પડ્યા કરેલો હોય, તેને તેવી અસર ના લાગે તેવો સંભવ રહે છે ખરો, તેમ છતાં કંટાળેલો માનવી જેમ બાગમાં જાય અને તેનું મન તો તેવી જ

દશામાં હોય, છતાં જો સંસારની ધમાલની જગામાં હોઈએ તેના કરતાં કોઈ શાંત, સ્વચ્છ અને આનંદદાયક, સૌંદર્યયુક્ત જગાએ હોઈએ, તો બંને ઠેકાણાંની તેના કંટાળેલા મનની દશામાં થોડોક પણ ફરક પડ્યા વિના જેમ રહેતો નથી, તેવી રીતે આવાં સ્થળોની અસર જીવની ગમે તેવી દશા હોય છતાં એના ઉપર પડ્યા વિના રહી શકતી નથી.

ભારે પ્રચંડ ભડભડ અગ્નિ બળ્યા કરતો હોય તો વાતાવરણમાં તેની ગરમી અને તેનો તાપ પ્રસર્યા કરતો હોય છે, અને ત્યાં થઈને જે કોઈ માનવી પસાર થાય તેને તેનો સ્પર્શ થયા જ કરે છે. તે અસર પરખાઈ આવી શકે એવી હોતી નથી. સંસારવહેવારમાં અને વેપારના ક્ષેત્રમાં પણ જો કોઈનો જરાતરા પણ સંબંધ થતાં આપણું મન તેના અંગે વિચાર્યા વિના રહી શકતું નથી, તો આમાં પણ મન તેમનામાં તેટલા અંશે તો રહેવાનું જ કિંતુ એટલું તો ખરું કે જે જીવો એવા આત્માનાં દર્શનાર્થે જાય તેવા જીવો જો પોતાની રહેણીકરણીમાં દેખીતો એવો ફેરફાર કરી શકે તો અન્ય લોક તેવા તેવા આત્માનો પ્રત્યક્ષ લાભ જોતા અને લેતા બની શકે ખરા અને એ રીતે તેઓનું (સંસારી જીવોનું) મન પણ તેવા આત્માઓ પરત્વે જરૂર ખેંચાય અને તેવા જીવ પણ તેમનો લાભ લેવાનું કરે. તે રીતે પેલા જે જીવ આવાં દર્શનયોગ્ય સ્થળોએ જતા હોય તેવા જીવો, આ રીતે તેવા તેવા આત્માની ભક્તિ અને સેવા કરી શકે છે, બીજું પણ એક વિચારવા યોગ્ય દૃષ્ટિબિંદુ અહીં છે. ઉત્તમ પ્રકારની રહેણીકરણીથી બીજાંના જીવન ઉપર તેની અસર જાગી શકે છે, એવું આપણી બુદ્ધિ માને છે ખરી, પરંતુ તેવું પણ પૂરેપૂરું

બની શકતું આપણે જગતમાં અનુભવી શકતા નથી. આજે મહાસભામાં ગાંધીજીએ જે આદર્શ જીવતો કર્યો, તેને કાજે તે રીતે તેઓ જીવ્યા અને મર્યા, તેમ છતાં બધા જ તેમ કરી શકતા નથી. અરે ! મોટો ભાગ તેમ કરી શકેલો નથી. માત્ર, છૂટી છવાઈ વ્યક્તિઓ જ તેમ કરી શકેલી હશે. એટલે ઉત્તમ રહેણીકરણીથી પણ બીજા જીવો યોગ્ય કરશે જ, તેમ માનવામાં પણ તર્કદોષ રહેલો છે. ઉત્તમમાં ઉત્તમ તો માત્ર કોઈક જ વિરલા તેમ કરી શકવાના.

આપણી પોતાની ઉત્તમ વાત કે ઉત્તમ ગુણ કે ભાવનાને પોતાનાં જ બાળકો યોગ્ય રીતે ગ્રહણ કરી શકતાં નથી, એ તો ઘરઘરની જોયેલી, અનુભવેલી હકીકત છે. એટલે દર્શને જનાર જીવો ઉત્તમ રીતે વર્તે તો તેમને તેનો પૂરો લાભ મળે અને તેમનું તેવું વાતાવરણ થોડું ઘણું પણ બીજાને સ્પર્શે, જોકે તે માપી શકાય એવું હોતું નથી. દર્શને જનારા જીવોને ત્યાં પ્રત્યક્ષ રહેનારા જીવો જીવ સ્વભાવના પણ હોય તેવું જોઈને કે જોતાં, આપણને તેથી શું ? જે કોઈ જેમ કરશે તેમ જ ભોગવવાનું છે, એ નક્કી હકીકત છે. હૃદયમાં સદ્ભાવના જીવતી થયે હૃદયને જ્યાં ત્યાંથી સદ્ભાવના જ મળવાની છે, તે તો હકીકતપણે છે. એટલે એ જેમ કરતા હોય તેમ ભલે કરતા રહે. આપણે તો આપણે ભલા અને આપણું કામ ભલું. જેમ વેપારમાં પણ આપણે જે કરવાનું હોય છે, તે રીતે જ કરતા રહીએ છીએ, તેમ આમાં પણ આપણે તો આપણી રીતે જ મનહૃદયથી રત રહ્યા કરવાનું છે.

## આધ્યાત્મિક ક્ષેત્ર

ત્રિચિ,

હરિઃૐ        તા. ૨૨-૧૧-૧૯૪૮

તમારો તા. ૨૦-૧૧-૧૯૪૮નો કાગળ મળ્યો છે. મારો ઘણો લાંબો કાગળ મળ્યો અને તે તમને ગમ્યો તેથી આનંદ થયો. એ ગમવાની પાછળ તો આ જીવ પરત્વેનો તમારો સદ્‌ભાવ રહેલો છે. તેથી તે ગમવાપણું બન્યું. પ્રત્યેક માનવી જ્યારે પોતાનું પૂરેપૂરું જોતો બની શકે, ત્યારે જ તે પોતાને સળંગ અને સમગ્ર રીતે જોઈ શકે છે અને જાણી શકે છે.

હૃદયમાં નમ્રતાનો ભાવ પ્રગટ્યા વિના કોઈ માનવીને માટે પોતાનું યોગ્ય સ્પષ્ટીકરણ, પૃથક્કરણ અને નિરીક્ષણ કરવું અને પોતાનું અયોગ્ય કબૂલવું તેને માટે લગભગ અશક્ય હોય છે. એવી સદ્‌ભાવયુક્ત જીવતી નમ્રતાની ભાવના સાધકના જીવનમાં જાગવા માંડે છે, ત્યારે જ તે પોતાની તેમ જ અન્ય જીવની પ્રકૃતિનું સારાસારપણું નીરખી શકવાને ભાગ્યશાળી બને છે. અને એવો નમ્રતાનો ભાવ જાગતાં જાગતાં અને વિસ્તાર પામતાં પામતાં એ પોતે શૂન્યવત્ બની જતો હોય છે. અને આત્માની તેવી સ્થિતિ અનુભવાતાં તે પળથી જ એને ચેતનદશાનાં લક્ષણ પોતાનામાં ખીલતાં જતાં, સ્પષ્ટ થતાં જતાં, તે પોતે હૃદયમાં હૃદયથી અનુભવી શકતો હોય છે. તેવી દશા પ્રાપ્ત થયા બાદ પ્રત્યેક તેવા આત્મામાં સામસામા જણાતા એવા ગુણોનું પ્રાગટ્ય થતું તે પોતે અનુભવી શકે છે, જેમ કે કૃપા અને અવકૃપા, દયાળુતા અને કઠોરતા, પરવા અને બેપરવાપણું, ગુણ અને અગુણ, આમ તેવો તે પોતે કોઈ સંસારીજીવ કરતાં પ્રેમભાવના ગુણમાં સર્વથી શ્રેષ્ઠ થતો જાય અને તે સાથે સાથે અ-પ્રેમના

પ્રદેશમાં પણ રહી શકતો પોતાને અનુભવી શકે છે. એવાને તે પછી તો બધું જ નિશ્ચિતપણું લાગે અને પાછું તેમ ના પણ લાગે. એવાનું પછી ચોક્કસ કશું ધોરણ કે માપ પણ રહી શકતું હોતું નથી. એવો પછી કોઈ ચોકઠામાં રહી શકતો હોતો નથી. એવી ગતિ જ્યારે બને છે ત્યારે તે પોતે ફરતો પણ લાગે અને સ્થિર પણ લાગે. મક્કમ પણ જણાય અને મીણ જેવો ઓગળી જતો પણ લાગે. એવાના વર્તનનું ધોરણ કશા કોઈ ધોરણની અનુસાર એકસરખું રહી શકતું હોતું નથી. તેથી, એવાને આપણાથી સમજવામાં ઘણી મુશ્કેલી પણ પડે છે અને આપણી બુદ્ધિથી વિચારતાં એવામાં આપણાં શ્રદ્ધા અને વિશ્વાસ જીવતાં બનવાં ઘણાં જ મુશ્કેલ બની જાય છે, કારણ કે ઘણી વાર એવા આત્માનું વર્તન તદ્દન ગાંડા માનવી કરતાં પણ વિચિત્ર હોય છે. કેટલીક વાર તો તદ્દન જડ જેવું અને કેટલીક વાર તો પિશાચના જેવું પણ એવાનું વર્તન બનતું હોય. હવે જ્યારે એવું હોય એટલે કે તદ્દન ગાંડા માનવીથી પણ વિચિત્ર, જડ જેવું અને પિશાચ જેવું વર્તન હોય એને આપણે એકલી બુદ્ધિના માપથી કેમ કરીને સમજી કે માપી શકીએ ? અને જે ઉપર લખ્યું તે મુજબનું વર્તન, જે કેટલીક વાર સમાજના સદાચારના માનેલા સિદ્ધાંત અને સમજણની પણ વિરુદ્ધ જતું હોય એવું લાગેલું છે. આવું આવું કેટલાક, કોઈક આત્માની બાબતમાં જોયેલું છે, જાણેલું છે અને અનુભવેલું છે. આ બધું લખ્યું છે તેનું કારણ તો આવા આત્માની દશાના સમજણના ઘરમાં આપણો પ્રવેશ થઈ શકે તેટલા પૂરતું લખ્યું છે. જોકે આવા આત્માઓ જવલ્લે જ મળી આવતા હોય છે. અને એવા આત્માઓના વર્તન હેઠળ, ઓઠા નીચે, કોઈ

કોઈ જીવ એવું પણ કરતા હોય એની પણ આ દુનિયામાં પૂરી શક્યતા હોય અને તે રહેવાની જ, પણ તેથી કંઈ ઉપર વર્ણવેલા આત્માની ચેતનતામાં કંઈ પણ ખામી આવી શકતી નથી.

બાકી તો તમે પોતે ત્યાગની ભાવના કેળવવા માંડી છે અને તમને પોતાને સદ્‌ભાવને કાજે લાગણી છે, એ તો પૂજ્ય શ્રી સ્વામીજી કાજે તમે જે જહેમત ઉઠાવેલી છે તેથી પુરવાર થાય એમ છે. તમે જે તેમને કાજે કરો છે, તેવું બીજા જીવો કદાચ કરી શકે ખરા, પણ ઘણા મોટા ભાગને માટે તો તેમ થવું શક્ય નથી. એમની અનેક પ્રકારની રીતરસમો-અને તે પણ તદ્દન જુદા જુદા પ્રકારની-તેને સંતોષવાને મથ્યા છો, તે સદ્‌ભાવનાની કંઈક ભૂમિકા ના હોય તો કોઈથી તેમ ના બની શકે. જોકે તેમની સાથેનાં અનેક વેળાનાં જુદાં જુદાં વ્યક્તપણાના તાદૃશ્યપણામાં જ્ઞાનપૂર્વકનો ભક્તિભાવ પૂરો જાગતો બની રહેલો નથી. તેવી તેવી વેળા જીવ સ્વભાવની પ્રકૃતિ ત્યાં ડોકિયાં કરી જતી હોય છે, તેટલું જીવપણું, વધારે ચેતનાપૂર્વક દૃઢાતાં જતાં, ઓછું થતું જ જવાનું છે, તે વાત પણ નક્કી છે. જો કોઈ ભક્ત પાષાણની મૂર્તિમાં ચેતનનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે, તો માનવી, માનવીમાં શ્રદ્ધા જીવતી કરી શકે છે અને તેમાંથી પણ તેને એવો અનુભવ જરૂર થાય જ થાય. માનવીને જેવા પ્રકારની અને જેટલી શ્રદ્ધા હોય છે, તેનાથી બીજી રીતે કશું કાંઈ બીજી રીતનું થઈ શકવાનું શક્ય બનતું હોતું નથી. આખરે તો પોતાની શ્રદ્ધાનું જ સાચું મૂલ્યાંકન રહેલું છે. શ્રદ્ધાથી જ સંસાર નભે છે. સંસારમાં આપણા પોતાનાંય આપણને પ્રમાણિક અને વફાદાર હોય છે, એવું સોએ સો ટકા હોતું નથી, પરંતુ તેમનામાં આપણો

જીવ તેવા પ્રકારની શ્રદ્ધાના તાંતણે વળગી રહેતો હોય છે અને તેથી તે સંસાર ચાલે છે.

આજ તો જ્યાં ત્યાં પ્રપંચ આદિ જણાયા કરે છે, તેવું પ્રત્યક્ષ હોવા છતાં વહેવાર, વ્યાપાર વગેરે પણ જે તે બધું વિશ્વાસ ઉપર જ નભ્યા કરતું હોય છે. શ્રદ્ધાવિશ્વાસ વિના કશું કંઈ જગતમાં ટકી ના શકે. એટલે પૂજ્ય શ્રી સ્વામીજીની સેવામાં તમે જે કર્યું છે, તે એમનામાં તમારો આદરભાવ અને શ્રદ્ધાવિશ્વાસ ન હોત તો કોઈ પણ જીવનું બેપરવાપણું, અનિશ્ચિતપણું, ઘડીમાં આમ કે તેમ થવાપણું, બીજું અનેક જાતનું બીજાંને ન રુચે તેવું અને આપણાથી સહી શકાય નહિ તેવું, તેવું બધું એમનું આપણાથી સહી શકવાનું બનવું તે કંઈ એમનું એમ તો ના જ બની શકે. અને એવો ત્યાગ કંઈ મિથ્યા થઈ શકે નહિ.

મારી તમને અને મારાં સ્વજનોને એટલી નમ્ર પ્રાર્થના ખરી કે ગમે તેવી જાતની આકરી કસોટીમાં કે કોઈ પ્રસંગ મનબુદ્ધિથી ન સમજાય તેવી વેળાએ પણ મનમાં અકળામણ કે ઉદ્વેગ કે બીજી વૃત્તિ ન જાગી શકે એવી દશા મનની રહ્યા કરે અને મનમાં કંઈ કશા બીજા ખ્યાલ ન જાગી શકે તો આપણા મનને જીવનના રચનાત્મકપણામાં જીવતું થવાને, તે એક ભારે ઉત્તમ પ્રકારની તાલીમ થઈ પડે. એટલે આમ તમે કાગળમાં જે લખેલું છે કે ત્યાગ વિના માનવીમાં અનાસક્તિ કેળવાઈ શકાવી દુર્લભ છે, તે તદ્દન યોગ્ય છે, પરંતુ તેની સાથે, કોણ સંત અને કોણ માનવી એવો સૂક્ષ્મ ભેદ જ્યાં સુધી પરખી શકવાની શક્યતા આપણામાં જાગી ન શકી હોય, ત્યાં સુધી જે કોઈ એવો ઉચ્ચ જીવાત્મા

અનાયાસે મળી આવ્યો હોય, તેનામાં સદ્ભાવ કે ભક્તિ કે આદર જે આપણે રાખવાનો છે, તે આપણા પોતાના જ જીવનવિકાસ કાજે રાખવાનો છે. અનાયાસે એટલે કે નિમિત્ત સંજોગે તો અનેક પ્રકારના જીવો મળ્યા જ કરવાના. તે દરેકનામાં કંઈ આપણાથી હૃદયનો તેવો ભાવ તો રહી જ ના શકે. તેથી, ત્યાં વિવેક કરવો તો રહ્યો. અને એ વિવેક પણ આપણે આપણી બુદ્ધિથી અને હાલની આપણી જેવી ને જેટલી શક્તિ અને સમજણ હોય તેટલી રીતે અને તેવી જ રીતે આપણે તેમ કરી શકવાના, પણ જેમ વેપારમાં અમુક સોદો કરતી વખતે તેમાંથી આટલું કે આમ કમાઈ શકીશું જ એવું કંઈ નિશ્ચિતપણું હોતું નથી, પણ એ તો વેપારમાં જો બેઠાં તો તેમ કરવું પડે છે, અને તેવું જો ન કરીએ તો વેપાર ના થઈ શકે. (પણ વેપારની પ્રવૃત્તિ પાછળ તો તેવી જાતની પ્રવૃત્તિનાં અનેક વર્ષના અનુશીલનથી જે અનુભવ અને તેથી કરીને એક પ્રકારની તે ક્ષેત્રની ચેતનવાળી જે સમજણ આપણામાં પ્રગટેલી હોય છે તેથી તેમ કરવામાં કશું અજુગતું લાગતું નથી). તેવી રીતે જીવનની આધ્યાત્મિક ભાવના કેળવવાની બાબતમાં પણ આપણે રચનાત્મક ભાવે શ્રદ્ધાવિશ્વાસ રાખતા રહી અને તે પણ આપણા જીવનવિકાસને કાજે અને તે પણ આપણી પોતાની ખાતર જ તે રાખવાનાં છે, એવું મનહૃદયબુદ્ધિથી ઠસાવી ઠસાવીને મનમાં દઢાવ્યા કરવાનું છે. એમ દઢાવતાં દઢાવતાં આગળ જતાં આપણને પોતાને પોતાપણામાં સમતા જામતાં ભક્તિ જાગવાની જ, અને એવું સમત્વ અને ભક્તિત્વ ખીલતાં એવાને પ્રત્યેક કર્મ જે આવી મળતાં હોય છે, તેના યોગ્ય ઉકેલની સૂઝ

આપોઆપ પડતી જતી હોય છે. એટલે કુશળ કર્મ પણ પોતે કરતો બની જતો હોય છે.

પરંતુ એવા કુશળ કર્મનો પરીક્ષક તે પોતે જ હોય છે. એવું મને પોતાને પ્રભુકૃપાથી સમજાતું ગયું છે. અને શરીરભાવે, મનથી, બુદ્ધિભાવે કે લાગણીભાવે કે રાગભાવે કે બીજી વૃત્તિથી, નિમિત્ત સંજોગે જે જે જીવોનો સ્પર્શ થયો છે, તેમના તેમાનામાં તે તે ક્ષેત્રની સમજણમાં, વૃત્તિની બાબતમાં પણ એકમાત્ર પ્રભુની કૃપાથી જરાતરા ફેર પડતો જતો અનુભવી શકાયો છે. પ્રત્યેક કર્મની પરીક્ષા આખરે તો એના યોગ્ય ભાવપરિણામથી અંકાવી ઘટેને ? જો પરિણામ જરાતરા પણ યોગ્ય પ્રકારનું આવતું જતું આપણે અનુભવી શકતા હોઈએ તો આપણે તો નીપજતા જતા પરિણામ ઉપર જ જો જીવતી દૃષ્ટિ રાખ્યા કરીશું, તો એમાં આપણું કલ્યાણ જ છે. તેથી કરીને જેના જેના સંસર્ગથી આમ આપણું ઠીક થતું જતું જો અનુભવી શકાય, તો એનામાં આપણે જીવતા રહેવું. સંસારવહેવાર અને વેપારમાં પણ આપણે કામ સાથે કામ રાખીએ છીએ. તેમાં પણ જો આપણી પોતાની સમજણ, ભાવના, કંઈક સંયમની વૃત્તિ, સહિષ્ણુતા, વિશાળ દૃષ્ટિબિંદુ અને મનનું અસંકુચિતપણું તથા આધ્યાત્મિક ક્ષેત્રની યોગ્ય સમજણ, જુદા જુદા પ્રકારની પ્રકૃતિના સ્વભાવની સહજ મેળે પડતી જતી પરખ, બોલાયેલાં વાક્યોનો મર્મભર્યો સૂક્ષ્મ અર્થ અને તેવાં વાક્યોની પાછળની મનોભાવના, તેવું તેવું જો જેના સંસર્ગથી આપણાથી કળાતું જતું નક્કરપણે અનુભવી શકતા હોઈએ તો આપણે તો કામ છે મમમમ સાથે, ટપટપ

સાથે નહિ, એમ સમજીને તેનામાં શ્રદ્ધાભક્તિભાવે મનહૃદયથી સજીવારોપણ કર્યાં કરવામાં જ રત રહેવાનું છે.

સંસારવહેવાર કે વેપારના ક્ષેત્રમાં પરિણામ ઝટ તરી આવતું આપણે અનુભવી શકીએ છીએ, કારણ કે એની પાછળ આપણે લાગી પડેલા હોઈએ છીએ અને એ બાબતની કંઈક સૂઝ પણ આપણને હોય છે. એવી રીતે વિચારતાં આ આધ્યાત્મિક ક્ષેત્રમાં હજી આપણને એક તો યોગ્ય અને પૂરી સૂઝ ઊગેલી હોતી નથી, અને એ માર્ગનું પરિણામ તાત્કાલિક આવી શકતું હોતું નથી. તેથી, માનવની ધીરજ તેમાં ઝાઝી વાર ટકી શકતી નથી. ઘણા જીવોએ આ માર્ગ લઈને કંટાળી કંટાળીને મૂકી દીધો છે. ઘણા નિરાશાવાદી પણ બની જતા હોય છે. કંઈક તો નિરીશ્વરવાદી પણ થઈ જાય છે અને કેટલાક તો વળી એને ધતિંગ પણ માનતા બની જતા હોય છે. એટલે મારી તો તમને, મારા પોતાના એક સ્વજન તરીકેની, હૃદયની નમ્ર પ્રાર્થના છે કે કદી પણ કશામાં અધકચરા કે અધવચલા ન રહેશો. પડજો તે પૂરા પડજો, અને ઝુકાવજો તો પૂરું ઝુકાવજો.

સંસાર મિથ્યા નથી. આમેય માનવી એને મિથ્યા માનતો હોતો નથી. જો સાચેસાચ હૃદયથી તેમ માનતો થઈ ગયો હોય તો તે ક્ષણ વાર પણ સંસારને વળગી રહી ના શકે. એટલે આપણે તો જે સંસાર મળ્યો છે, તેના આધારે ભાવના કેળવવાની છે. જેમ એક વૈજ્ઞાનિક એક નાનકડા પાયા ઉપર કંઈક કશાની શોધ કરવા માટે પ્રયોગ કર્યા કરતો હોય છે અને તેમાં ફળીભૂત થતાં તે જ પ્રયોગ પછી વિસ્તારદશાને પામે છે, તેવી રીતે જીવનના પ્રયોગનું ક્ષેત્ર આપણો સંસાર છે. એ સંસારમાં સમતા,

તટસ્થતા, ધીરજ, સહનશીલતા, ઉદારતા, માનસિક વિશાળતા, અપાર પ્રેમભાવ આદિ ગુણો કેળવવાનો અને તે સાથે સાથે તેમ છતાં પાછું નિરાસક્ત થતા જવાનો અને નિર્મમત્વ કેળવવાનો આપણે જીવતો જ્ઞાનભક્તિયોગપૂર્વક પ્રયત્ન કર્યા કરીએ, તો તે ક્ષેત્ર આપણા જીવનને યોગ્ય રીતે કેળવવાને મળેલું હોય છે, અને જીવને ધન્ય અને કૃતકૃત્યપણામાં નિપજાવવાને તે મળેલું છે, એના વિના સંસારનો બીજો કોઈ ઉદ્દેશ નથી, સંસારનો ત્યાગ કરવાની જરૂર નથી, પણ ત્યાગભાવના સંસારમાં આપણે કેળવવાની છે, એવાં સમજણ, જ્ઞાન અને અનુભવ આપણને થયાં કરશે.

---

## 'મોટા'નું સ્વરૂપ

**ત્રિચિ,**

હરિત્ૐ તા. ૨૪-૧૧-૧૯૪૮

તમારો તા. ૨૩-૧૧-૧૯૪૮નો કાગળ મળ્યો છે.

માનવીમાં જિજ્ઞાસા, સંકલ્પ એવી વૃત્તિઓ કુદરતીપણે છે. જે જે જીવને આ માર્ગની જિજ્ઞાસા જાગેલી છે, તે મિથ્યા થઈ શકતી નથી, કારણ કે જેને જે જાતની જિજ્ઞાસા જાગે છે, તે તે જાતની પ્રવૃત્તિ કર્યા વિના ત્યાં રહી શકતો નથી. જેનો સંકલ્પ જેટલો ઉત્કટ તેટલો તે પ્રાણવાન અને વેગવાન પણ બને છે. આધ્યાત્મિક માર્ગ પરત્વેનું કરેલું કે થયેલું સાધન જીવને તેની તે દશામાં પડી રહેવા દઈ શકતું નથી અને એમ તો સંસારની, વહેવારની કે વ્યાપારની કરેલી પ્રવૃત્તિ પણ જીવને તે જેમ હતો તેમ ને તેમ રહેવા દઈ શકતી નથી. સાધનનો અભ્યાસ જેટલો

સતત જીવતો બનતો જાય, તેમ તેમ જીવપણું ઓગળતું જાય, અને મન જ્ઞાનભક્તિયોગથી પલળવા મંડે.

પૂજ્યશ્રી સ્વામીજીની સેવા બાબતમાં તમે લખ્યું છે, તે યથાર્થ છે. તેમાં આનાપાઈનો હિસાબ કરવાનો ના હોય. પ્રભુકૃપાથી હું કોઈની કોઈ સાથે સરખામણી કરવામાં યોગ્યપણું માનતો નથી. પ્રત્યેકમાં પ્રકૃતિ-પુરુષ અભેદભાવે છે, તેમ છતાં પ્રત્યેકનામાં વિવિધતા રહેલી છે. તેથી, પ્રત્યેકની વિશિષ્ટતા પણ હોવાનો સંભવ. અમુક જ સંપૂર્ણ યોગ્ય છે અને સર્વ સમર્થ અને સર્વ શ્રેષ્ઠ છે એવું આધ્યાત્મિક ક્ષેત્રના જીવનમાં હોતું નથી. વળી, મને પોતાને હું સંત માનતો પણ નથી. કોણ છું, એ તો પોતે પોતાને સમજી શકે-જો તેવું અનુભવવાની જ્ઞાનભક્તિ-યોગપૂર્વકની મર્યાદામાં તે આવી શક્યો હોય તો. બાકી, સ્વજનો અને પ્રેમી ભાવિક જીવો કંઈક *ઉપાધિ આપે ખરાં. તેવી સંતપણાની જાહેર ઉપાધિ પૂજ્યશ્રી મનુ સૂબેદાર સાહેબે **'મનને'**ની પ્રસ્તાવનામાં ભલે આપી હોય, પરંતુ સંતના પાયાના ચેતનપણાની રજનીયે રજ હું પોતે તો નથી. હાલ જેવા સ્વરૂપે શરીર છે, એના રંગઢંગ ન્યારા ન્યારા છે. વહેવારની રીતિએ એવું તે બિચારું પરમ સાધુ સંતોના ચેતનપડખામાં કેમ કરીને આવી શકે ? આ જીવને તો સ્વાદ આદિ રસ પણ છે. સંતનું જે ચેતન છે તે ચેતનના દાસનોયે દાસ બનવાનું પરમ સદ્ભાગ્ય આપણું હો એ જ પ્રાર્થના છે. તેમ ચેતન ચેતનમાં કદી પણ ફરક હું તો ગણતો નથી.

મારે કાજે તમે પ્રેમભાવે ખર્ચવાને તૈયાર હો, તે તમારી

---

* પદવી

મારા પરત્વેની સદ્ભાવના છે, એ જ મારા ગરીબના જીવનનું તો પરમ ધન છે. બાકી, તમે જે કંઈ કર્યું છે, તે જીવનના ભાવનાભક્તિના ક્ષેત્રમાં વધારે ને વધારે રંગાવાનું થાય અને વધારેમાં વધારે તે દિશામાં એકરાગપણું પ્રગટે તેવું જોવાનું અમારું પણ સદ્ભાગ્ય બને એ તો કોને ના ગમે ? અને ગોદાટી કર્યા કરવી એ તો અમારો પરમ ધર્મ છે. અને 'રંગવું' એ તો અમારો બાપદાદાનો મૂળ ધંધો પણ છે. એટલે જે જે પ્રભુકૃપાથી સ્વજનો મળ્યાં છે, તેમને ભાવમાં ભાવથી રંગાયેલાં જોવાનું સદાય દિલ રહ્યા જ કરે છે.

જગતમાં અને જીવનમાં પ્રેમભાવે કરેલું હોય કે કંઈક કશા અન્યભાવે કરેલું હોય જેટલું કાંઈ જે રીતે કરેલું હોય-તે ભાવે અને તે રીતે તે જીવનમાં ઊગતું જ હોય છે, એવું વિજ્ઞાનશાસ્ત્ર છે. એટલે પ્રયત્નનું ફળ તો છે જ. આમ, એ બાબતમાં નિશ્ચિંતતા સેવવાની હોવા છતાં હૃદયમાં તે માર્ગ પરત્વેની જેટલી ઉત્કટમાં ઉત્કટ વ્યાકુળતા પ્રગટે ત્યારે તે માર્ગ પરત્વેનો પ્રયત્ન પણ સહજ અને સરળ બની જતો હોય કે એવા પ્રકારની સહજ વ્યાકુળતા પ્રાપ્ત થતાં પછી પ્રયત્ન કરવા પડતા નથી. એ તો થયા જ કરે છે. એવી ભાવના ભક્તિયુક્ત વ્યાકુળતા જાગતાં પુરુષાર્થ તો સહજ સિદ્ધ થઈ જાય છે. જે અંગેની વ્યાકુળતા જાગે છે તેના પરત્વેનું તલપાપડપણું અને તાલાવેલી હૃદયમાં જગાડીને એની સાથે આપણાં મન, ચિત્ત, પ્રાણ, મતિ, અહમ્ અને હૃદય-એ બધાંને સદાય તે જોડેલાં રખાવે છે.

કદાચ કોઈ જીવથી તેટલી હદ સુધી ભલે ન જઈ શકાયું તોપણ કોઈ સંતહૃદયમાં એ જીવનો થયેલો રાગ અને તે પણ

જો સજીવપણે થયેલો હોય, તો જીવનો તેવો રાગ પણ એ જીવને ઊંચે લઈ જવાને સમર્થ બને છે. કિંતુ એવા રાગના ઉચ્ચ ગતિનાં પરિણામ જીવ કદીક તો આ જન્મના જીવનમાં દેખી શકવાને શક્યતાવાળો બનતો નથી. જોકે, એવા જીવનાં બાહ્યઆચરણ ગમે તેવાં હોય તોપણ તેવો જીવ ભાવનાના ક્ષેત્રમાં નવો જન્મ લીધા વિના રહી શકતો નથી, એ પણ એટલું જ સાચું છે. વધારે તો શું લખું ?

---

**ત્રિચિ,**

હરિઃૐ તા. ૧-૧-૧૯૪૯

મારાં સ્વજનને, કોઈને, હું પોતે 'સંત' છું એમ મેં કહેલું નથી. હું તો કશુંય નથી. પોતે પોતાને પૂરેપૂરું જે કોઈ જાણશે અને અનુભવી શકશે તે બીજા જીવને પણ જાણી શકશે. બાકી તો સારુંય જગત Impressionsથી જ-મન ઉપર પડેલી છાપથી જ-એકબીજાને સમજવાનું અને જાણવાનું કરે છે. અને એવી કોઈ પણ વિશેની આપણને થયેલી સમજ તો અધૂરી જ રહેવાની. જ્યાં લગી માનવીના જીવનનાં સર્વ પાસાં, એના જીવનની સળંગતા અને એના હૃદયના આધારની હકીકત પ્રેમભક્તિભાવે અનુભવાય નહિ, ત્યાં લગી કોઈનાય વિશે મત બાંધવાનું કરવું કે કોઈનાય વિશે અમુક પ્રકારનો અભિપ્રાય ચોક્કસપણે બાંધવો, આપવો કે માનવો તે તેને અન્યાય કરનારું છે. હું કદી, પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને તેમના સ્વભાવના દોષ વિશે ટોકું છું, તો તે તેમને તેમના તેમના જીવનના યોગ્ય માર્ગે પ્રેરાવવા કાજે પ્રભુકૃપાથી તેમ કરતો હોઉં છું.

કદી કદી આધ્યાત્મિક જીવનની યોગ્ય વાસ્તવિકતા સમજાવવા ખાતર આ જીવે જીવન અંગેનું કંઈક કોઈને લખ્યું હશે. આ જીવ વિશે અમુક જ માનો એવું કહેવું નથી, કિંતુ જીવનવિકાસની દૃષ્ટિ અને હેતુ જો આપણાં જીવનનાં હોય, તો જેની કનેથી આપણે કંઈક પણ શીખવાનું છે, તેનામાં જો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ યોગ્ય રીતે વિચારવાનું ન કરી શકતાં હોય, અને તેવા જીવ વિશે જો આપણાં સહજ માનઆદર ન પ્રગટી શકેલાં હોય, તો તેવા જીવ કનેથી આપણે કશો લાભ મેળવી શકવાનાં નથી.

મેં પોતે કદી કોઈને પૂજા-અર્ચા કરવાનું કહેલું નથી. કોઈને પગે લાગવાનું પણ કહેલું નથી. આ જગતમાં સૌ કોઈ પોત પોતાને પડેલી ટેવો પ્રમાણે જ ચાલે છે. મને પણ કોઈ ક્ષેત્રની તેવી ટેવ હોય, તે તો કોઈ જાણવા બેસી રહ્યું નથી, અને તે ભાવનાથી પુરવાર થઈ શકે તેવું હોય, તોપણ તેનો કશો અર્થ નથી.

જ્યાં સુધી હૃદયની ઇંદ્રિય કેળવાઈ ગયેલી નથી, ત્યાં લગી આધ્યાત્મિક જીવનની ચેતનશક્તિના કંઈક પુરાવા ભલેને હોય, છતાં બુદ્ધિ તે સ્વીકારી શકે તેમ હોતું નથી. હૃદયની વાત હૃદય સ્વીકારી શકે એવી હૃદયતા કેળવાયા વિના ખાલી એકલી બુદ્ધિના કોરાપણાથી આધ્યાત્મિક જીવનની ખરી ખૂબી અને તેનું મહત્ત્વ અને એની પિછાન કદી પણ કોઈ જીવથી ખ્યાલમાં આવી શકવાનાં નથી. બુદ્ધિમાં શંકારૂપી વૃત્તિ કુદરતે મૂકેલી છે, તે એટલા માટે કે સત્યના અન્વેષણ (શોધન)માં તે પ્રવેશ કરાવવા આપણને સતત મથાવ્યા કરે. જ્યાં લગી આપણને કંઈક કશા

વિશે ખરેખરી ગરજ લાગતી નથી, ત્યાં લગી તે બાબતમાં આપણી કશી પ્રવૃત્તિ પણ થઈ શકતી નથી. કોઈ જીવનો, કોઈ બાબતની રહેણીકરણી અને વર્તન ઉપરથી, કંઈ કશો ખ્યાલ જે બંધાય છે, તેવો ખ્યાલ યોગ્ય નથી.

કોઈને પણ સમજવું હોય, જાણવું હોય, તો પરસ્પરનો નિકટનો હૃદય-પરિચય થવો ઘણો ઘણો જરૂરનો રહે છે. વેપારીને જાણવો હોય તો તેના વેપારનું પાસું જાણવાનું બને તો અથવા સંસારીને જાણવાનું કરવું હોય તો તેમને તેમને તે તે રીતે જાણવાની તેવી તેવી જાતની કળા આપણને પૂરી આવડતી હોવી ઘટે, તો જ તેમને તેમના ક્ષેત્રમાં તે રીતે આપણે જાણી શકીએ, અને તેવું જાણેલું પણ પૂરેપૂરી રીતનું યોગ્ય તો નહિ જ હોય. એટલે કોઈને પણ જાણવાને માટે તેના તે જાણવાના ક્ષેત્રની પૂરી યોગ્ય સમજ અને અનુભવ આપણને હોય તો જ તેને તેમાં જાણવાની શક્યતાવાળા આપણે બની શકીએ છીએ, તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ જ્યાં લગી આપણને તેવું તે ક્ષેત્રનું જ્ઞાન, સમજ કે અનુભવ નથી, ત્યાં લગી એને આપણે યોગ્ય રીતે સમજી શકવાના નથી. તેથી, તેને અંગે કંઈ પણ વિશે જેટલા ખુલ્લા મનવાળા આપણે રહી શકીએ તે આપણા કાજે ઉત્તમ છે.

જેમ પ્રત્યેક માનવીને પોત પોતાની તેવી તેવી કક્ષાનું પોત પોતાનું મનસ્વીપણું હોય છે, તેમ આ જીવને પણ તેવું હોવા સંભવ હોય પણ ખરો. હરકોઈને પોતાનું મનસ્વીપણું ઝટ ખ્યાલમાં આવી શકતું નથી અને બીજાનું તેને ઝટ સૂઝી આવે છે. જેને-જે જીવને-આધ્યાત્મિક માર્ગે જવું છે એણે પોતાના

મનના તેવા વલણને બદલવું જ પડશે. જે કંઈ બન્યા કરે છે, તેનો ઉત્પાદક પોતા સિવાય કોઈ જ નથી. બીજો જીવ તો માત્ર તેમાં નિમિત્તરૂપે આવી પડેલ હોય છે. એટલે કાંઈ જો કોઈને પણ દોષ દેવાપણું હોય તો તે પોતાને જ છે, તે જાણશોજી. જીવનવિકાસ સાધનાર જીવ પોતાનું ઘણું ઘણું ઊંડું ઊંડું નિરીક્ષણ અને પૃથક્કરણ કર્યાં કરીને જે જે નકારાત્મક લાગે એને ત્યજવાનો જીવતો પ્રયત્ન કર્યા જ કરવાનો છે. તટસ્થતા જ્યાં લગી મળી શકી નથી કે કેળવાઈ ગયેલી નથી, ત્યાં સુધી કોઈ જીવ પોતાનું બધું પોતાના નગ્ન સ્વરૂપમાં પૂરેપૂરું પોતાની સામે જ જાણે ઊભું હોય તેવી રીતે તે જોઈ શકવાનો નથી. જે જીવને પોતાનું નકારાત્મકપણું ખુલ્લે ખુલ્લું જણાયા કરે છે અને તેનું સ્વરૂપ પોતાના પ્રત્યેક કર્મના વલણમાં પ્રત્યક્ષ દેખાયા કરે છે, એવા જીવને તે તે વેળા પોતાનું તેવું નકારાત્મક સ્વરૂપ જરૂર ખૂંચવાનું જ અને જેને ખૂંચે છે તેવો જીવ તેમાંથી પાછું ફરવાનું કર્યા વિના રહી શકતો નથી. તેવી વેળા એવો પ્રયત્ન એ જ એના જીવનનો એકમાત્ર સાચો પુરુષાર્થ રહેલો હશે. જે જીવનો પળેપળનો એકધારો એવો જીવતો પુરુષાર્થ ચાલ્યા કરે છે, તેવો જીવ જ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ પામી શકવાનો છે. બાકીના બીજા તે ક્ષેત્રમાં મથતા જીવો માત્ર જે કંઈ થોડી ઘણી મહેનત કર્યા કરતા હશે તેવા જીવો, તેવા પ્રકારના સંસ્કાર ઉત્પન્ન કરવામાં અને નવું એવા પ્રકારનું પ્રારબ્ધ જન્માવવામાં ક્રિયાવંત બની શકવાના છે.

એકલું પ્રારબ્ધ પણ નથી અને એકલો પુરુષાર્થ પણ નથી, તે એકબીજાને એકબીજાથી અલગ પાડી શકાય તેમ નથી. તેથી,

એકએકને અલગ રીતે વિચારવાનું જે કરે છે, તે સમગ્રતાને ન્યાય પણ ના કરી શકે તો સમગ્રતાને સમજે પણ શી રીતે ? જગતમાં જેમ સુખ અને દુઃખ બંને છે અને બંનેનો હેતુ ઘડતરનો જ છે, તેમ જગતમાં અન્યાય, અશુભ આદિ જે કંઈ છે તેનો હેતુ પણ જગતની રચનામાં નકામો નથી, પણ તે આપણા જેવા જીવની ક્ષુલ્લક નજરે તેનો દિવ્ય, ભવ્ય અને રમ્ય હેતુ કેવી રીતે ઊગી શકે ? આ જગતમાં અને જગતની રચનામાં સહુ કોઈ તેને તેને ઠેકાણે યોગ્ય છે અને તેની તેની યોગ્યતાના પ્રમાણમાં જ છે. કશું વધારે નથી કે કશું ઓછું પણ નથી અને જે તે બધું તેના અંશરૂપે છે, જેમ આપણામાંનું દુઃખ કે નકારાત્મકપણું તે પણ આપણા પોતાના અંશરૂપે છે અને તેવું આપણામાંનું સુખ કે રચનાત્મકપણું તે પણ આપણા પોતાના જ અંશરૂપે છે. એટલે એકલા નકારાત્મકપણાને જોવાથી આપણને રચનાત્મકપણાનો ખ્યાલ કદી પણ આવી શકવાનો નથી, અને માનવીજીવનમાંનું જણાતું ઉપરનું નકારાત્મકપણું એ તો-એને (જીવને) એના રચનાત્મકપણામાં સજાગ હોય તેને ઊલટું વેગભર્યો પ્રવેશ કરાવવા કાજે છે. એ રીતે જીવનને એકધારું એકનિષ્ઠાભાવનાથી ચલાવવાનું જેનું બનેલું નથી, તેવો જીવ આધ્યાત્મિક જીવનનું રહસ્ય પામી શકવાની તૈયારી કે સમજી શકવાની યોગ્યતા ધરાવી શકતો હોતો નથી.

આમ, જીવને જો જીવનનો હેતુ આધ્યાત્મિકપણાનો લાગતો હોય, તો તેવા જીવે પહેલાં તો પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની સર્વ પ્રકારે શુદ્ધિ કર્યાં કરીને સર્વ પ્રકારે નગ્ન થઈ જવાનું છે. જીવને જ્યારે એવું નગ્નપણું પ્રગટ

સ્વરૂપમાં પ્રાપ્ત થશે, ત્યારે જ જીવ જગતમાં અને વહેવારમાં જ્યાં ત્યાં બધે અભેદ સ્વરૂપે જ અનુભવતો થઈ શકવાનો છે. તેથી, જે જીવ શુદ્ધ સાત્ત્વિક ભાવે આ ભવમાં પુરુષાર્થ આ બાબતમાં કરતો રહે છે, તે એવા પ્રકારના પ્રારબ્ધને જન્માવી પણ શકે છે. આ ભવમાં જે જીવ જે પ્રકારની મનોવૃત્તિ, ભાવના, વિચારણા, કલ્પના, માન્યતા અને ક્ષેત્રની જેવી જેવી પ્રવૃત્તિ કર્યાં કરતો હોય છે, તેવી જ તે પોત પોતાની સૃષ્ટિ પોતાને માટે જન્માવતો હોય છે. આ માત્ર કલ્પના નથી, પણ વિજ્ઞાનશાસ્ત્રના જેવી સ્પષ્ટ હકીકત છે. આથી, હૃદયની શુદ્ધ ભાવનાથી અને સાચી દાનતથી તમે જેટલો આ માર્ગનો પુરુષાર્થ કર્યા કરવામાં એકધારું લક્ષ પરોવશો તેટલો લાભ બીજા કશાથી થવાનો નથી, તે નક્કી જાણશોજી. તેવું જો કરવાનું દિલ હોય તો માનવીએ પોતે પોતાના સ્વભાવને સમજવો ઘટે અને એમાં જે જે નકારાત્મકપણું હોય, તેને એવો વળાંક દેવો ઘટે કે જેથી જીવનની તેજસ્વિતા વધે.

જે જે સ્વજનને ત્યાં જવાનું થાય છે, તે તેમના સૂચનથી જ થતું હોય છે, કોઈનાય બોલાવ્યા વિના ક્યાંય જતો નથી, તેથી, જેને આ જીવના કોઈ વર્તનથી, કોઈ વચનથી કે કોઈ કથનથી-કંઈક લાગી આવે તો તે સ્પષ્ટતા કરવી, અને કંટાળો લાગે તો તે પણ કહી દેવું અને બીજા કંઈ વિચારો આવે તો તે પણ જણાવવા યોગ્ય માનું છું અને વિદાય દેવી લાગે તો દઈ દેવી.

મારા શરીરને અનેક જાતની આદત છે, તેમાં ત્રણ વખત નાહવાની અને સવારમાં દાતણપાણી કર્યા બાદ ચા કે કૉફી

પીવાની આદત છે.* શરીર 'રોગીલું' હોવાથી સેવા પણ માગી લેતું હોય છે. સ્વભાવ ખાવામાં સ્વાદીલ છે. તેલ, ઘી, શુદ્ધ હોય તો જ ખપે. જો ઘરમાં એવી સરળતા હોય તો આનંદ. બાકી, આ જીવને કાજે તેવું કરવાનું બને તો મને તેના વિના પણ પ્રેમભાવથી ચાલે છે, તે જાણશોજી. કોઈ કોઈ વાર પિત્તનો પ્રકોપ હોય તો ઘી નથી લઈ શકાતું. આટલું વિચારી મને જેને બોલાવવો ઘટે તે બોલાવે. મારી સ્થિતિની ચોખવટ કરવા સારુ આ લખ્યું છે.

---

**ત્રિચિ,**

હરિઃૐ તા. ૮-૧-૧૯૪૯

તમારો ગઈ કાલનો કાગળ મળ્યો છે. **'નમ્યો તે પ્રભુને ગમ્યો'** એવી એક કહેવત છે. મારા જેવા છેક અજાણ્યાને, કોઈ એક અજાણે ઠેકાણે પડેલાને તથા જેને કોઈ જાણતું નથી એવા ગરબીને, તમે બધાં સ્વજનો પ્રેમભાવે ન્યોછાવર કરી દો છો, એ મારે મન તો પ્રત્યક્ષ પ્રભુકૃપા જ છે. બાકી જો હું વિચારું તો મારી કને છે શું ? જગતમાં આજે લોક જેની કને કંઈક હોય છે—કંઈક પ્રતિષ્ઠા હોય, કંઈક નામના, કંઈક પ્રતિભા, કંઈક લક્ષ્મી, કંઈક સત્તા, કંઈક વૈભવ, કંઈક આંજી દે એવી તેજસ્વિતા અને એવી કંઈક સ્નિગ્ધ વાક્કુશળતા, સાક્ષરપણું- એવાને જગત જાણે અને ઓળખે પણ ખરું. આમાંનું મારી પાસે કશુંય નથી. મારો વેપાર તો સ્વજનોની પ્રેમભાવના અને જીવનની કદરભાવના ઉપર જ નભી શકે. એના વિના હું તો

* હાલમાં ઘણા વખતથી ચા, કૉફી નેવે મૂકેલાં છે. -સંપાદક

સાવ દેવાળિયો છું. સાવ નરાતાર ભિખારી. પ્રભુનાં આપેલાં મારાં સ્વજનોએ પ્રેમની ખોટ પડવા દીધી નથી, તેમ છતાં હૃદયમાં તેમના પરત્વે અસંતોષની જ્વાળા આજે જે ધગધગે છે અને તેમાંથી જે વેદના પ્રગટે છે, તેનાથી હું બળ્યોઝળ્યો રહ્યા કરું છું.

સ્વજનનાં દિલને જ્વાળામુખી સમી જીવનના ધ્યેય અંગેની ઝંખના જાગે એ જ એક મારી, જીવનની ફળીભૂત થયા વિનાની, મહત્ત્વાકાંક્ષા છે. એને કાજે જ મારું જીવન ટકી રહેલું છે. એ કાજે બીજાં કેટલાયે જીવન જીવવાનાં હશે તોયે તે મને મુબારક છે. એને ફળીભૂત થવાવાને કાજે ભારે અગ્નિ-પરીક્ષામાંથી કે નર્કાગારમાંથી કે ગમે તેવા આકરા અને આડાઅવળા સંજોગોમાંથી, આબરૂ કે બેઆબરૂપણામાંથી પસાર થવું પડે તોયે તે બધું પ્રભુકૃપાથી *ગનીમત હશે. જીવનની હવે તે એક જ માત્ર મહત્ત્વાકાંક્ષા ફળવાની બાકી રહેલી છે. જોકે એ પ્રચંડ અસંતોષ જ મારા ભાગ્યાંતૂટ્યા જીવનનો જીવવા કાજેનો આધાર છે અને એ છે એટલા કાજે તો જીવન છે, એ છે તે કાજે તો જીવનની ધન્યતા છે, જીવનને સાર્થ થવાનું-કરવાનું પ્રભુકૃપાથી જોકે થવાનું હો ત્યારે ભલો હો, કિંતુ મારા જેવાના જીવનનું તે અભાગિયાપણું અને તેટલું વાંઝિયાપણું છે. તે કેટલું સાલતું હોય અને ખૂંટતું હોય એ તો જે જીવાત્મા તેવી દશામાં હોય તેને એકલાને જ તેવી ભાવનાનું થતું શૂળ કેવું હોય તે સમજણ પડે. મારું વાંઝિયાપણું એ પણ પરમ કૃપાળુ શ્રીભગવાનનું મંગળમય કૃપાનું જ પરિણામ છે, એ મારા

* સદ્ભાગ્ય

જીવનનું પરમ સદ્‌ભાગ્ય છે, એમ પણ હું અનુભવું છું. જગતમાં સ્થૂળ વાંઝિયાંપણું એ તો કદાચ કલંકરૂપ કોઈને લાગે, જ્યારે મારે મન આવું વાંઝિયાપણું એ તો આ જીવનભાગ્યના સર્વોદયના સૂર્યોદયનો પ્રાતઃકાળ છે. એવું વાંઝિયાપણું ટાળવું એ તમે બધાં, પ્રભુકૃપાથી મળેલાં, સ્વજનોના હાથમાં છે. પ્રભુકૃપાથી તમોને મળેલા સ્થૂળ ઐશ્વર્યનો મારે ખપ નથી, જીવનનું ઐશ્વર્ય પણ અનેક પ્રકારનું હોય છે. તે બધાં ઐશ્વર્યોમાં, જીવનના આધ્યાત્મિક જીવનનું જે ઐશ્વર્ય છે, તેના આગળ બીજાં ઐશ્વર્યો સાવ ઝાંખાં પડી જાય તેવાં હોય છે. બધાં સ્વજનોનાં એવાં ઐશ્વર્યવંત જીવન બને એ જ મારે તો જોવું છે. ત્યાં સુધી ભલેને લાખો જન્મ કદાચ લેવાના આવે, તોયે તે પ્રભુપ્રસાદી જ હશે.

જે જેવા ભાવે અને જે રીતે પરમ કૃપાળુ શ્રીભગવાનને મનહૃદયથી ભજે છે, તેનું તે ભાવે અને તે રીતે શ્રીભગવાન પોતે યોગક્ષેમ વહન કરે છે, એવો શ્રીભગવાનનો સાક્ષાત્ કૉલ છે. એ જો આપણાં મનહૃદયમાં પૂરેપૂરું ઊગી જાય તો ચેતનને છતું થતાં વાર ન લાગે. અને આ જીવનું વાંઝિયાપણું જરૂર મટે. તો તે બાબતમાં તમે બધાં મળેલાં કૃપા કરશોજી.

---

## ‘જીવ’ સ્વભાવ

**કુંભકોણમ્**

હરિઃૐ તા. ૨૫-૧૨-૧૯૪૬

સમસ્ત જગત અને સકળ બ્રહ્માંડ એ બધું મર્યાદાવાળું છે. તેથી, તે પ્રકારે તે બદ્ધ જ રહેવાનું. એટલે એ વિના બીજી કોઈ રીતે તે ચાલી જ કેમ શકે ? અને તેથી સકળ જીવો પણ મર્યાદાવાળા અને બંધાયેલા હોય, અને એવી જ રીતે તેઓ વર્તી

શકે. તેથી કરીને જ માનવી જીવ પોતાની માન્યતા, સમજણ તથા અમુક પ્રકારની જુદી જુદી વાસ્તવિકતાઓ અને મળેલા સંજોગો તથા એવી રીતે વંશપરંપરાગત જે જે કંઈ મળેલું છે, તેને તે અંતિમ સત્ય તરીકે પકડી લઈને તેને તે સ્વીકારે છે. પ્રત્યેક જીવ તેનાથી બીજી રીતે જોવાને, સમજવાને કે અનુભવવાને ટેવાયેલો હોતો જ નથી. આમ, તે સદાય પુરાયેલો હોવા છતાં પોતાને પુરાયેલો તે માની શકતો નથી, એ જ જીવનની બલિહારી છે. અને એ જ કારણને લઈને દુનિયાની સાથેના જીવ જીવ પરત્વેના સંબંધો, પોતાની અનેક પ્રકારની આશાઓ અને ઇચ્છાઓ, અનેક જાતની તૃષ્ણાઓ અને કામનાઓ તથા અનેક જાતની જીવન પરત્વેની જુદી જુદી જરૂરિયાતો, માગણીઓ, સગવડો અને અગવડો તથા અમુક પ્રકારના ગમા-અણગમા એ બધાંને જીવ સત્ય અને વાસ્તવિક તરીકે જ સ્વીકારી લે છે. આમાં તેને ઉપર પ્રકારની તેની વિચારસરણીમાં ક્યાંયે દોષ હોય તેવું લાગતું નથી અને જીવની એવી ભૂમિકામાંથી જ તેનાં પ્રત્યેક કર્મ થતાં રહે છે અને એવી રીતે તેનાથી થતાં બધાં કર્મ તે સાચાં માનીને ચાલે છે.

માનવી જીવની મનની આવી ભૂમિકા મૂળ તો મહત્ત્વે કરીને અહમ્‌થી ભરેલી હોય છે. એ અહમ્ પણ એકમાત્ર રાગદ્વેષાદિની દ્વંદ્વની ભૂમિકાથી જ રંગાયેલું હોય છે. આવી મનની ભૂમિકામાંથી થતું રહેતું કર્મ સત્યની ભૂમિકાવાળું કેવી રીતે હોઈ શકે એનો માનવી જીવ કદી પણ વિચાર કરવાને બેસતો નથી. એટલું જ નહિ પરંતુ એને આ બધા વિશે કદી શંકા પણ ઉપસ્થિત થતી નથી. તો પછી તેમાં તેને મંથન તો જાગે જ ક્યાંથી ? જીવને જ્યાં લગી

પોતે ક્યાં છે, કેવી રીતનો છે તથા કઈ કઈ રીતે તે પોતાનામાં પોતાનાથી પ્રવર્તતો રહે છે અને પોતાની વૃત્તિનો કઈ કઈ રીતે કેવો કેવો ઉપયોગ કે ઉપભોગ કર્યા કરે છે, તેનું જેને કદી ભાન જાગતું નથી, તે જીવની આંખો કદી પણ ઊઘડી જ શકવાની નથી. જો જીવને મર્યાદા છે, તો વૃત્તિને હોય તેમાં નવાઈ શી ? એ કારણથી જીવ જ્યારે પોતાના વિશે વિચાર કરતો થાય છે, ત્યારે તેને પોતાનું બંધન સાલ્યા વિના રહેતું નથી. એવું જીવનું બંધન પોતાને ઊંડું ઊંડું સાલવા લાગે અને કાંટા ભોંકાતા હોય, ત્યાં એને ઊંઘ કેમ કરી આવે ? એમ થતાં જીવને પોતાની બાબતમાં વધારે ને વધારે ઊંડું ને ઊંડું ઊતરવાનું, પોતાનું સ્વરૂપ સમજવાનું અને તેના વિશે ચિંતવન કર્યાં કરવાનું બન્યા કરે છે. જેને સાલે છે અને જેને ખૂંચે છે, તે જ ગતિમાન થઈ શકવાનું છે. જેની આંખ ઊઘડી છે તે જ જોઈ શકવાનું છે. જેને ઊડવાની ઘણી જ ખરેખરી ઈચ્છા થાય, પરંતુ તેનાથી જ્યારે ઉડાય નહિ, ત્યારે તે હાથ જોડીને બેસી રહી શકતો નથી. તેથી, તેની ઘણી ઘણી ઊડવાની થયેલી ઈચ્છા તેને મથાવ્યા વિના રહી પણ શકતી નથી. વૃત્તિ થતાં તે ગતિ કરાવે જ. વૃત્તિનો અર્થ જ ગતિનું ઉત્પન્ન થવું. વૃત્તિમાં જેટલું જોશ, જેટલી તીવ્ર ઈચ્છા, જેટલો રાગ અને જેટલું દ્વંદ્વાદિનું ઉત્કટપણું-તે તે પ્રમાણે તેની ગતિ થઈ તેનો આકાર તે પ્રમાણે લેવાતો જતો હોય છે. એ પ્રમાણે જીવને જ્યારે હૃદયના તલસતા ભાવથી જીવનને સાર્થક કરવાની ઉત્કટમાં ઉત્કટ મહત્ત્વાકાંક્ષા જાગે છે, ત્યારે તે પડી રહી શકતો નથી. જીવની વૃત્તિ, વિચાર, લાગણી અને ભાવના સ્વાર્થી હોવા છતાં જ્યારે તે પરમ ચૈતન્યના ભાવમાં સંધાવા અને રંગાવા-

એકતાર થવાવાને સદાય ચિંતવનમાં પ્રેરણાત્મક રહ્યા કરે છે, તે તે વેળાએ તે બધાંનો પ્રકાર પણ તેવો ને તેવો કદી પણ રહી શકવાનો નથી, કારણ કે જેની ગતિ જેમાં રહેવાને સતત મથ્યા કરતી હોય છે, તેના તેના તેવા ભાવનાના પ્રદેશમાં થોડાવત્તા પ્રમાણમાં તે પ્રવેશ્યા વિના રહી શકતી નથી. **'જેવો સંગ તેવો રંગ'** એમ જે કહેલું છે, તે તદ્દન યથાર્થ છે. જેવા સંગમાં જેને જેવો રંગ લાગ્યો, તેને તેવો પાસ બેસવાનો જ. એટલે શ્રીભગવાનના ગુણચિંતવનમાં, શ્રીભગવાનની ભક્તિમાં અને એના ગુણતત્ત્વને જીવનમાં આકાર પમાડવામાં સર્વ ભાવે અને સર્વ રીતે પોતાની વૃત્તિ, વિચાર, લાગણી અને ભાવનાને જ્ઞાનભક્તિભાવે જે પરોવવાનું રાખે છે અથવા તો રખાવે છે, તેનાં તેનાં વૃત્તિ, વિચાર, લાગણી અને ભાવના જીવ કોટિમાંથી બદલાયા વિના રહી શકતાં નથી. આમ હોવા છતાં દુરાગ્રહી કે હઠાગ્રહી अहम् તે પાઠ શીખવાને નારાજ હોય છે. એનાથી અતિરિક્તપણે કોઈ પણ જીવ વિચાર કરવાનું કરતો હોતો નથી. આ એક સાધનાપંથમાં મોટામાં મોટું ભારે વિઘ્ન છે. પોતાના જીવ સ્વભાવનાં દર્શન અને તેની અયોગ્યતાનું ભાન જીવને થઈ જવું ઘણું ઘણું મહત્ત્વનું હોય છે. અને જીવનમાં એવું ભાન જાગવાના અનેક પ્રસંગો પ્રભુકૃપાથી મળતા પણ હોય છે. કિંતુ અભાગિયો જીવ તેવી તેવી વેળાએ તેવી રીતે ચેતનાત્મકપણે જાગ્રત રહી શકતો નથી, તેમ છતાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે જેનું જે બાજુ મન થાય છે, તે બાજુ તે વહ્યા વિના પણ રહી શકતું નથી. એવી વહેવાની ગતિ થવા કાજે એકધારો જીવતો

અભ્યાસ જરૂરનો છે. રોજનાં થતાં જતાં સકળ કર્મમાં જ્યાં સુધી અહમ્ પ્રવર્તે છે, ત્યાં સુધી જીવની કદી મુક્તિ નથી. એટલા કાજે જ પ્રત્યેક કર્મ થતી વેળાએ સાથે સાથે શ્રીભગવાનના ભાવની જીવતી ધારણા રહે, એવો જીવતો અભ્યાસ જે જે જીવ રાખવાનું કરશે, તે જીવની વૃત્તિ ઊંચી થયા વિના રહેવાની નથી.

વૃત્તિ, વિચાર, લાગણી અને ભાવના-એ બધાંનું ક્ષેત્ર જીવ દશાનું હોવા છતાં જેનામાં પરોવાઈને તેને તેને ઊંચા લેવાને અને થવાને જો પ્રેરણાત્મકપણે ઉદ્યમ થયા કરતો હોય, તો તે તે બધાં તેનાં તેનાં તેવાં સ્વરૂપનાં સ્થળમાંથી ચલિત થતાં આપણને અનુભવમાં આવ્યા વિના રહેશે નહિ. તો જ વૃત્તિનો જ્ઞાનભક્તિભાવે સદુપયોગ થયા કરે છે એમ જાણવું અને માનવું. જીવદશામાં મળેલાં વૃત્તિ, વિચાર, લાગણી અને ભાવના એ એની મોટામાં મોટી મૂડી છે અને શક્તિ છે. જગતમાં કોઈ એક જીવ ઘણું કમાય છે, અને જે કમાયેલું હોય છે તે બધું તે તેના તેના પ્રમાણમાં વેડફી દેતો હોતો નથી. લાખ કમાયો હોય છે તો લાખેય ખરચી દેતો નથી. એની થયેલી કમાણીમાંથી જોઈતો ઉપભોગ અને ઉપયોગ તે કરે છે. દરેક જીવના 'જોઈતા'ના પ્રકાર પણ જુદા જુદા હોય છે, પરંતુ માનવી, જીવને નૈસર્ગિકપણે મળેલી વૃત્તિ આદિની મૂડી કે શક્તિ-એને તો તે બેફામપણે નશાના ઘેનથી ઘેરાઈને સ્વચ્છંદતાપૂર્વક ગમે તેટલી વેડફે છે. તે ખૂટી જશે અથવા તો તેનો ગમે તેમ ઉપભોગ કરતાં કરતાં તે તે વૃત્તિ આદિનું સ્વરૂપ વિકૃત થતું જશે, એનું પણ એને ભાન રહેતું નથી.

જગતવહેવારમાં મળેલી મૂડીને ખર્ચવામાં માનવી ભાન રાખે છે, પરંતુ તેને કુદરતીપણે જે મળેલી બક્ષિસ છે, એનો તે કેવો ગેરવહીવટ કરે છે, એનું ભાગ્યે જ કોઈ જીવને ભાન થતું હશે. આમ, જીવની વૃત્તિ આદિ મૂડી વાસ્તવિક રીતે તો શક્તિરૂપે જ છે. જગતવહેવારમાં પણ એના વડે જ સર્જન થતું આપણે અનુભવી શકીએ છીએ. જેવો વૃત્તિનો પ્રકાર, તેવું એનું સર્જન. એટલે જે જીવને ભગવાનને પંથે જવું છે, તે જીવે તો જે તે બધાં થતાં જતાં કર્મમાં વૃત્તિ, વિચારાદિનો કેવો પ્રકાર રહે છે, તેને પૂરેપૂરી તટસ્થતાપૂર્વક જ્ઞાનભાવે નીરખવાનું કરીકરીને તેનો પ્રકાર જેટલો ઊંચે રાખવાને તે તે વેળાએ જે જીવ ચેતનાયુક્ત જાગૃતિ ધારણ કરી શકે છે, તેને 'વૃત્તિ એ શક્તિ સ્વરૂપ છે' એવો અનુભવ થયા વિના રહેતો નથી.

સર્વ કંઈ થવામાં કે બનવામાં વૃત્તિ જ પ્રધાનપણે છે. વૃત્તિથી જ વૃત્તિ ઘડાતી હોય છે. વૃત્તિ જાગ્યા વિના કશું બનતું નથી કે થતું નથી. અને વૃત્તિ તો જીવદશામાં થયા જ કરવાની છે. એને રોકી, કોઈ રોકી શકનાર નથી. એટલે માનવીએ વૃત્તિમાં ચેતનાયુક્ત જ્ઞાનભક્તિભાવપૂર્વકની જાગૃતિ દૃઢાવવી એ તેના હાથની વાત છે. જે જીવને જેવી ટેવ પડી છે તેવી જ રીતે તે જવાનો. જેને એનાથી બીજી રીતે ઊંચે કે નીચે જવાની ઝંખના થઈ કે થશે, તો તેનું તેમ ફંટાવાનું પણ જરૂર બનવાનું. કર્મ તો સારું અને નરસું, જીવનમાં મળ્યા જ કરવાનું. એમાં પ્રત્યેક જીવ પોત પોતાની કક્ષા પ્રમાણેની સમજ ધરાવતો હોય છે. ઘણાંએ વહેવારકુશળ જીવો પોતાનું કામ અનેક સૂક્ષ્મ રીતે કઢાવી લીધા વિના રહેતા નથી. બીજાંને તેની તેવી કશી ગતાગમ

પણ પડી શકતી નથી. એટલે આમ કર્મમાં જેવા પ્રકારનું તીવ્રતમ ભાન રહે છે, તે પ્રમાણે કર્મ તો થયા કરે છે. એટલે આપણે કેવાં હતાં, કેવાં છીએ અને કેવાં થવાનાં છીએ, એનું માપ આપણને ઊપજતી જતી વૃત્તિ ઉપરથી સમજાયા વિના રહેતું નથી. જે પોતે પોતાને સમજવાનું પૂરેપૂરું કરે છે, તે તો પોતાને સમજશે જ, અને જો સમજશે તો તે જાગશે જ.

કર્મના સ્વરૂપને મહત્ત્વ આપ્યા વિના જે પોતાના સ્વરૂપને મહત્ત્વ આપ્યા કરીને કર્મમાં પરોવવાનું રાખે છે, તેને જીવનમાં કર્મ માત્ર એક સાધન તરીકે લાગે છે. કર્મમાં તેનો જીવ રહેતો નથી. કર્મ કરતો હોવા છતાં તેનો જીવ તો, તેના પોતાના સ્વરૂપમાં રહ્યા કરતો હોય છે. કર્મમાં જે પોતાના સ્વરૂપ વિશેનું ચિંતવન રાખ્યા કરે છે, તેનું કર્મ યથાયોગ્યપણે નહિ થાય એમ માનવાને કેટલાક પ્રેરાય છે, પરંતુ એ વાતો બધી મિથ્યા છે. કરી જોયા વિના, પ્રયોગ કર્યા વિના, કેવળ માનસિકપણે એવા તુક્કા જે જીવ ઉઠાવે છે, તે જીવને કર્મમાં પોતાના સ્વરૂપના ચિંતવનની લગની લગાડવાનું મન થયું જ નથી એમ માનવું અને એમ જાણવું. ગમે તેવા વહેવારકુશળ અને દુનિયાદારીની રીતે સર્વ પ્રકારની યોગ્યતા અને દક્ષતાવાળા જીવનાં કામ સોએ સો ટકા સંપૂર્ણ નીવડ્યાં છે કે નીવડી શકે છે, એવો દાવો પણ મિથ્યા દાવો છે. જીવમાં જણાતા પ્રાકૃતિક ગુણો કોઈ ને કોઈ રીતે અધૂરા જ છે, એને જ વળગી રહીને જે જીવ એના ઉપર મુસ્તાક રહે છે અને એના વડે કરીને પોતાના અભિમાનને જાણેઅજાણે પોષે છે, તેવા જીવને પોતાનું ખરું મૂળ ભાન કદી પણ થઈ શકવાનું નથી.

સકળ જગતવહેવાર અને કર્મના સંબંધમાં જે જીવ જેને મહત્ત્વ આપ્યા કરે છે, તે પ્રમાણે જ તેમાં તેમાં તે દોરવાતો જતો રહે છે. જીવનમાં ભલે ખરાબ મળ્યું, પરંતુ તેમાં જે જીવ જેને મહત્ત્વ આપ્યા કરવાનું કરે છે, તેના તેવા મહત્ત્વના ચિંતવનના ભાવમાં તે તેમાં તે રીતે વર્તે છે. એવામાં ખરાબ પોતાનો ભાવ કદી પણ ભજવી શકતું નથી. દેખીતી રીતે તે તેવું ખરાબ ભલે જણાતું હોય, પરંતુ એનું પરિણામ તો તે થતી વેળાએ તેના અંતરમાં અંતરથી થતા રહેતા ચિંતવનના ભાવ ઉપર આધાર રાખે છે. ગમે તેવું કાર્ય કરતી પળે માનવીની ચિંતવનભાવની ભૂમિકા જેવા પ્રકારની રહે છે, તેવા ભાવ પ્રમાણે કર્મનું પરિણામ નીપજતું રહે છે.

જીવ માત્ર પોતે એકલો હોય એમ માનીને વર્તે છે. પ્રત્યેક જીવનો સંબંધ, જો તે વિચાર કરે તો, અનેક જીવ સાથે સંકળાયેલો છે. એટલું જ નહિ પરંતુ સકળ જડચેતન સાથે સ્થૂળ અને સૂક્ષ્મ રીતે એનો સંબંધ હોય છે, અને તેથી તે એક હોવા છતાં અનંત સાથે જકડાયેલો છે. જગતવહેવારમાં તે પોતે એવો રચ્યોપચ્યો છે કે સાચી રીતે તે એક હોઈને અનંત સાથે સંકળાયેલો હોવા છતાં એકલા જેવો પોતાને માનીને પોતાની સ્વાર્થદૃષ્ટિથી જ એકલો પોતાનો જ સ્થૂળ લાભ વિચારીને વર્ત્યા કરે છે. જીવદશામાં એને એકલાપણે વર્તવું રુચે છે. જ્ઞાનદશા ઉપજાવવા જીવને તેવું વર્તવું કઠે છે. વળી, જીવ પોતાને કર્મનો કર્તા માને છે, પરંતુ વાસ્તવિક રીતે તો કર્મ થવાને કાજે જીવ એ તો ગૌણ કારણ અને કરણ છે. જો વાસ્તવિક રીતે કર્મનો કર્તા જીવ પોતે એકલો જ હોય, તો તો તે ધારે તે કરી શક્યો

હોત. કર્મનાં બનવાનાં કે થવાનાં ઘણાં કારણો અને કરણ છે. તેથી, કર્મનો આધાર એકલો જીવ ઉપર રહેલો નથી, પરંતુ જીવની અહંતાભરેલી પ્રકૃતિ તેને સમજાવે છે કે કર્મનો આધાર એકલા એના ઉપર છે અને તેવી રીતે તેને મનાવે છે અને તેવી રીતે તેને વર્તાવે છે. જો બુદ્ધિથી અને દલીલથી આપણે સાચી રીતે સમજવા માગીએ તો સમજાય છે કે જે તે કંઈ થયા કરવાનાં મહત્ત્વનાં કારણમાં આપણી સાથે બીજાં કંઈક કારણો ભળેલાં હોય છે. અને તે રીતે વિચારતાં તો જીવનું પોતાનું મહત્ત્વ ઘણું જ ઘટી જાય છે, જેમ કે કોઈ પેઢીનો શેઠ ઘણું ઘણું કમાય છે અને તે કમાયેલું પણ પોતાનું જ ગણે છે, પરંતુ જો તે કમાવામાં કેટલાં બધાંની મદદ છે અને તે જો ન હોય તો તે પોતે એકલો એકલો એવું પરિણામ નિપજાવવામાં કદી પણ સમર્થ ન નીવડી શકે. કદાચ પોતે એમ વિચારે કે તે બધાંની મદદ હોવા છતાં પોતાની અક્કલ, હોશિયારી, આવડત, કળા, દૂરંદેશીપણું, યોગ્ય વ્યવસ્થા અને યોગ્ય સંચાલન હતાં, તે કારણે જ તે કમાવાનું નીપજેલું છે, તો તેવું માનવું, તે પણ એક પ્રકારની ભ્રમણા જ છે. આ જગતમાં ઉપર જણાવેલા ગુણોના સામર્થ્યવાળા અનેક જીવો છે, છતાં દરેકનાથી તેવી રીતે કમાઈ શકવાનું બનતું હોતું નથી. એટલે આમ વિચારતાં કર્મ બનવામાં કે ન બનવામાં જે જીવ માત્ર પોતાની અહંતા રાખ્યા કરતો હોય છે, તે તો સાવ મૂર્ખ, અજ્ઞાની છે. વહેવારમાં જેટલો પુરુષાર્થ નથી શોભતો તેટલો તે પરમાર્થમાં શોભે છે. તેથી, પોતે પોતાનું વિચારવાનું જે જીવ સતત કર્યા જ કરે છે, એને સ્વરૂપની પ્રાપ્તિના સમજણના ઘરમાં પ્રવેશવાનું મળવાનું છે. કર્યા વિના

કોઈ પામી શકતું નથી. ગયા વિના જઈ શકાતું નથી. માટે જે બાબતમાં જવું છે, જે બાબતને જાણવી છે, જેને પામવું છે, તેને સકળ કર્મવહેવાર, સંબંધવર્તનમાં જીવતો ખ્યાલ રાખ્યા કરી એનું જ ચિંતવન, મનન હૃદયથી જ્ઞાનભક્તિ-યોગપૂર્વક એકધારું રહ્યા કરે એવો જીવતો અભ્યાસ જે જીવ કેળવી શકશે તેવો જીવ જ સાચી રીતે સમજતો થવાનો છે.

---

## સંક્રાંતિકાળ

હરિઃૐ તા. ૧૪-૧-૧૯૪૭

જગતમાં શું કે જીવનમાં શું, સંક્રાંતિકાળ એ તો ભારે જ હોય. એમાં એક બાજુ દિગંતની પેલી પાર જવાની, ઊંડી પહોંચવાની, ત્યાં ઠરીઠામ ઠરવાની વૃત્તિ રહે. ત્યાં જ જીવનની કે હૃદયની ભાવનાની પાંખોનો ફડફડાટ સદાકાળ થયા કરે અને બીજી બાજુથી તેવી દશામાં જવાનું ઊગતાં જે જે કાંઈ વળગેલું રહ્યા કરેલું હોય, તે નવાં નવાં આગુંતક સ્વરૂપે આવીને આપણને ગળે વળગવા માંડે. માયા જીવને પોતાની પકડમાંથી છોડવા રાજી હોતી નથી. જીવ-માયાનું યુદ્ધ જ્યારે ખરેખરું જામતું જતું હોય છે, તે વેળા ત્યાં કટિબદ્ધ થઈને ટકવું તે વિરલા વીર જીવનું કામ છે. એવા યુદ્ધને આમંત્રીને એની સામે જીવ જ્યારે મોરચા માંડે છે, ત્યારે જે જીવનસંગ્રામ ખેલાતો હોય છે, એના રંગઢંગ કોઈ ન્યારા જ હોય છે. મન એક ઠેકાણેથી ઊઠે તો એનાં પણ લક્ષણો હોય છે અને બીજે ઠેકાણે લાગતું હોય એટલે કે ચોંટતું હોય તો એનાં પણ લક્ષણો હોય છે. આ શાસ્ત્ર (આધ્યાત્મિક માર્ગ અથવા જીવનશાસ્ત્ર) વિજ્ઞાનશાસ્ત્ર કરતાંયે વધુમાં વધુ સ્પષ્ટતાવાળું અને ચોક્કસ છે. એમાં ક્યાંયે અસ્પષ્ટતા નથી,

પરંતુ મનનું જ્યારે સર્વ સલામત સ્થિતિમાંથી ચસકવાનું બને છે, ત્યારે ત્યારે સંક્રાંતિકાળ જન્મે જ છે. સંક્રાંતિકાળમાં ઉત્કટ લાગણી, મનોવેદના, અસ્પષ્ટતા, અનિશ્ચિતતા, અકળામળ, મૂંઝારો અને ગભરામણ પણ થવાનાં જ.

સંક્રાંતિકાળ એ જૂના અને નવા કાળ વચ્ચેનો ભારેમાં ભારે મંથનકાળ છે. એમાં જેની આંખો, મન, હૃદય, ચિત્ત, મતિ, પ્રાણ અને અહમ્ સ્વકીય જીવનના નવસર્જનકાળમાં દઢપણે સ્થિર થઈને રહેલાં છે, એવા પ્રકારના જીવાત્મા જ સંક્રાંતિકાળનાં યુદ્ધોનો સામનો કરી શકવા સમર્થ બની શકે છે. જીવનના નવસર્જનકાળનું સડસડાટ કરતું સાક્ષાત્ જીવતું દશ્ય અને એના ધ્યેયને આકાર પમાડવાની હૃદયની ભારોભાર તાલાવેલીયુક્ત ભાવના જેના દિલમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થયેલાં છે, અને જેનું મન નવસર્જનકાળના અભિનવ-દર્શનને સતત એકધારું ઝંખતું રહેલું છે, નવ નિર્માણને પ્રાપ્ત કરવા જ જેઓ દઢપણે ઉત્તરોત્તર પગલાં ભરવાં માંડે છે, નવા ભરવામાં આવતાં પગલાંમાં નવસર્જનકાળની જન્મવેદના જેઓ અનુભવે છે અને જૂનો કાળ વિલીન થતો જેઓ પ્રત્યક્ષ અનુભવે છે, તેવા જ વિરલા વીર જીવો નિજ ધ્યેયને સિદ્ધ કરવામાં સફળ થવાના, તે નક્કી માનશો. આ રસ્તે જનારને કશાથી વિહ્વળ થવાનું કારણ હોતું નથી, ચલિત થવાનો ભય પણ હોતો નથી.

સંક્રાંતિકાળમાં સર્વ પ્રકારની ઊથલપાથલ થવી જરૂરની હોય છે. ઊથલપાથલ થયા વિના નવસર્જનને યોગ્ય વ્યવસ્થા ઊભી થઈ શકતી નથી. ઊથલપાથલ સ્થૂળ રીતે થતાં ઘણો પરિશ્રમ વેઠવો જ પડે છે, એટલા કાજે જે જીવ પોતાની ઊથલપાથલ જ્ઞાન અને ભક્તિપૂર્વક સ્વીકારીને,-સ્વીકારીને જ નહિ પણ એનું

મહત્ત્વ, રહસ્ય અને એની યોગ્યતા, એની જરૂરિયાત પૂરેપૂરી મનહૃદયથી સમજીને,- એટલું જ બસ નહિ પણ એવી થતી ઊથલપાથલના યોગ્ય હેતુના જ્ઞાનને સમજીને-એવી ઊથલપાથલ જે જીવ પોતાની મેળે જ પોતાનામાં કરતો રહે છે, તેવો જ જીવ ક્ષિતિજ મર્યાદાની પેલી પાર જઈ શકવાનો છે.

માતા નવા બાળકના જન્મ પહેલાં સંવેદન અનુભવે છે. એ સંવેદનમાં સહજતા, વાસ્તવિકતા અને નૈસર્ગિકતા રહેલાં છે અને તેથી જ માતા એવા સંવેદનમાં ટકી શકે છે. દુઃખમાં પણ સૂક્ષ્મપણે સુખ રહેલું છે. દુઃખમાં જો કોઈ અંતર્ગતપણે માનવીને આશા રહ્યા કરતી ન હોત તો માનવી કોઈ કાળે દુઃખમાં ટકી શકતો ન હોત.

જીવનને જે જે પાર કરી જતા જાણેલા છે, એવા સર્વમાં એવા પ્રકારની મસ્ત ધૂન જાગેલી હોય છે. એવી ધૂનનો નશો કોઈ ઑર જ છે. જગતમાં જે કાંઈ કોઈ કરી ગયેલા છે, તે તે સર્વ ધૂની જ હતા, કારણ કે એ ધૂનની પાછળ અંતરમાં જીવનધ્યેયને આકાર પમાડવાની વેગવાન વૃત્તિ કામ કરી રહી છે. એવી ધૂન ગમે તેવા ભારે સંક્રાંતિકાળમાં માનવીને ટકાવી રાખી, એમાંથી પસાર કરાવીને, એના જીવનધ્યેયના શિખરે પહોંચાડે છે. ધૂન તમને હૃદયમાં જ્વાળામુખીની પેઠે પ્રગટો એ જ તમને-તમારામાંના સર્વાંતરપણે રમી રહેલા ચેતનને પ્રાર્થના છે.

---

**સાવધાન** હરિઃૐ તા. ૧૫-૮-૧૯૪૯

એક દીક્ષિત સાધકના પ્રશ્નના જવાબમાં :-

જેને જેને સંત કહેવામાં કે ગણવામાં આવતા હોય ત્યાં ત્યાં બધે દોડવાનું હોય નહિ. જેમની સાથે કંઈક હૃદયનો સ્નિગ્ધ

પરિચય હોય ત્યાં એવું નિમિત્ત મળતાં જરૂર જવાય. તે તે બધા એક જ ચેતનના જુદા જુદા અંશ છે. એમાં વિવિધતા રહેવાની જ. માત્ર, કોઈક એકમાં જ અને તે એકલામાં જ ચેતન પૂરેપૂરું અને ઠસોઠસ ભરેલું છે અને તે જ એકમાત્ર ચેતનનું યોગ્ય વ્યક્તત્વ (manifested being) છે, એવું માનવામાં કે મનાવવાપણામાં પૂરતી યોગ્યતા નથી. ઉચ્ચાત્મા કે સંતમહાત્મા - એ તો બધા જ ચેતનની ચિનગારી કે અંગારા છે. તે તે બધામાં એક ચેતનની જ મનહૃદયથી દૃષ્ટિ, વૃત્તિ હોય એ જ ઈષ્ટ છે. મળવાનું સાંપડે તો જરૂર મળીએ. તેમાં સંકોચ હોવો ના ઘટે. તેવું મળવા જવાનું પણ ઉમળકાથી, પ્રેમભક્તિથી થવું ઘટે. તેવા મળવાપણામાં પણ એક ચેતનનું જ જીવતુંજાગતું દૃષ્ટિબિંદુ હોય. જવું જ જોઈએ તેવું પણ કશું ના હોય. કિંતુ જ્યાં હૃદયનો સ્નિગ્ધ પરિચય થઈ ગયેલો હોય અને જવાનું યોગ્ય નિમિત્ત જાગ્યું હોય તો જરૂર જવું અને તે ઉપરાંત પણ જ્યાં જ્યાં હૃદયનો સહજ એવો ઉમળકો જાગે, તો ત્યાં પણ જવાય, અને તેમાં પણ એક ચેતનનું જ જીવતુંજાગતું લક્ષબિંદુ હોય. હૃદયની સહજ ભક્તિ પ્રગટ્યા વિના સંત કે ઉચ્ચાત્માનું નિકટપણું જીવને આનંદભાવમાં પ્રવેશાવી શકતું નથી. ઊલટું એથી વધારે ગૂંચવાડો પણ કદાચ ઊભો થવા સંભવ રહે. સંસારવહેવારમાં પણ પૂરો પરિચય કે પ્રેમ થયા વિનાની નિકટતા થવી જેમ શક્ય જ હોતી નથી, તેવી રીતે આમાં પણ તેવું છે. જુદા જુદા સંતોનાં દર્શને દોડવાનો કશો જ અર્થ નથી. પહેલાં તો તેવા જીવે પોતાના જીવનનો હેતુ નિશ્ચયપૂર્વક પૂરેપૂરો નક્કી કરી લેવો ઘટે, અને તે માર્ગે મરણિયા નિર્ધારથી પગલાં માંડવાં ઘટે. જે જીવને ચેતન પરત્વેની કે જીવનવિકાસ કાજેની જ્વાળામુખી સમી ધગધગતી

તમન્ના લાગી છે, તેને શ્રીભગવાન પોતે જ અંતરથી દોરવતા રહેતા હોય છે. એવાને ક્યાંય ભટકવા જવાની જરૂર ન હોય. જીવનની લગની લાગ્યા વિનાનું જે તે કંઈ કરેલું નકામું ભલે જતું ન હોય, કિંતુ કકડતી ભૂખે ખાઈએ ત્યારે જે મજા અને સ્વાદ લાગે, તે ભરેલા પેટે ખાવાથી કંઈ જ મજા ન પડે.

ઉત્તમ પ્રકારના સાત્ત્વિક સાધુઓના જીવનની અમુક અમુક કક્ષામાં પણ Hierarchy-ઉત્તરોત્તર ચઢતી શ્રેણી-હોય છે. તેવાની કોઈક કક્ષાની અમુક ભૂમિકાઓમાં સ્પર્ધા પણ રહે છે અને તે પછીની ચઢિયાતી કક્ષામાંથી તો તેવી વૃત્તિ ઉત્ક્રાંતિને પામી જતી હોય છે.

---

**કુંભકોણમ્**

હરિઃૐ તા. ૧૩-૧૦-૧૯૪૯

મહત્તા અંગેનું તમારું લખાણ વાંચી ગયો છું. જનસમાજ મહત્તાની કદર કરતો જ રહેવાનો. મહત્તા પણ એ જ ચેતનનું કોઈ પણ એક પ્રકારનું વ્યક્તપણું છે, કિંતુ એક સામાન્ય માનવી અને બીજો સાધક જીવ-એ બે વચ્ચેનો ફરક આપણે ખ્યાલમાં રાખવાનો છે. જે સાધક છે તેણે તો મહત્તાથી 'અંજાઈ' જવાનું નથી. જે જીવ 'અંજાઈ' ગયેલો હોય તેનામાં જ્ઞાનનો ઉદય થઈ શકતો નથી. જ્ઞાનના ઉદય કાજે તો સર્વ પ્રકારની મુક્તતામાં જીવ જો પ્રગટી શકે તો જ જ્ઞાનદશાને પામી શકે. તેથી, સાધકને ગુરુ પણ પોતાની મહત્તાથી અંજાઈ જવાનું કરી કે કરાવી ન શકે. સાધકના દિલમાં પોતાના જીવનના રાહબર કાજેની યોગ્ય પ્રકારની જ્ઞાનયુક્ત ચેતનની દશા હોવા અંગેનું જીવતું ભાન થવું એ જરૂરનું તો છે જ. અને એને અંગેની મહત્તા એનાં

મનહૃદયમાં જાગવાનું બને તેમાં કશું ખોટું પણ નથી. કિંતુ જ્ઞાનપૂર્વકની જાગેલી મહત્તાનું સ્થાન ચિરંજીવી છે અને મહત્તાથી અંજાઈ જવું એ તો જડ દશા પણ હોય. મહત્તાથી અંજાઈ જવામાં જીવની વિકાસની ગતિ થવી શક્ય નથી.

સાધકના હૃદયમાં પોતાના જીવનના રાહબર પરત્વેનાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિ મનહૃદયથી પૂરેપૂરાં જીવતાં જાગતાં થતાં, એનામાં એના પરત્વે જે ભાવ આપમેળે ઊગશે અને વહેવા માંડશે, ત્યારે એવા સાધકને પોતાના જીવનના રાહબરની ચેતનની સાચી દશાનો જ્ઞાનયુક્ત ખ્યાલ જાગતાં, તેવાની મહત્તા તે વેળા તેનાં મનહૃદયમાં જે અંકિત, મુદ્રિત અને કેંદ્રિત થયેલી હોય તે અંજાઈ જવાની દશામાં નહિ હોય. મહત્તાનું મનહૃદયથી જ્ઞાનભક્તિયોગપૂર્વક જીવતું ભાન જાગી જવું, તે એક વાત છે અને મહત્તાથી અંજાઈ જવું તે બીજી વાત છે. ઉપરની બંને દશા વચ્ચેનું અંતર તો આસમાન જમીનનું છે.

---

**ત્રિચિ,**

હરિઃૐ તા. ૧૯-૧૨-૧૯૪૮

અંતે તો આપણી પોતાની ભાવના જ ફળે છે. પોતાની ભાવનાથી કરી, માનવી પથ્થરની મૂર્તિમાં પ્રાણ પ્રગટાવી શકે છે. કિંતુ ભાવનામાં એવી ચેતનાવંત ઉત્કટતા પ્રગટે ત્યારે એનાં માનસિક દૃષ્ટિ, સૃષ્ટિ અને તુષ્ટિ* એ ત્રણેના પ્રકાર કોઈ ઑર, અનોખા બની જાય છે. વાતાવરણનું દબાણ આપણા ઉપર કેટલાયે ટન હોય છે, પરંતુ તે આપણને લાગતું નથી. એનું કારણ તે આપણી દરેક બાજુએ ફરી વળેલું છે તે છે. તેવું જ્યારે ભાવનાનું થઈ જાય ત્યારે બધું હોવા છતાં અને ગમે તેમ હોવા

---

* સંતોષ

છતાં-અનેક પ્રકારની મુશ્કેલીઓ, ઉપાધિઓ, અડચણો, ગૂંચ, સંતાપ, ક્લેશ અને શારીરિક વ્યાધિ હોવા છતાં માનવીને તે લાગતું નથી. જીવતી જ્યોતની જેમ ભાવનાનું સાંગોપાંગ એકધારું જીવતું બનવાનું થતાં મન શાંતિમાં અને નિશ્ચિંતતામાં પ્રવેશી શકે છે. અને તે ભૂમિકા ઉપરથી પોતાનું કર્મ તે કર્યે જાય છે. સમાજ તરફથી પારાવાર હેરાનગતિ અનેક સંત-ભક્તોને પડેલી છે. અને સમાજે પોતાની રીતે તેમનું મૂલ્યાંકન કરવાનું રાખેલું છે, અને કેટલાકને તો ઘણું કષ્ટ પડેલું છે અને ઘણી હાલાકી ભોગવવી પડી છે, છતાં એનાથી તેઓ અસ્પૃષ્ટ રહી શકેલા છે. એવા जीवात्माઓ પોતાનાં કર્મ પરત્વે આપણા કરતાં પણ વધારે પ્રમાણિક અને વફાદાર રહેતા હોય છે. તેઓ પોતાની જવાબદારીને ફગાવી દઈ શકતા નથી. માત્ર, તેઓ કશાનો ભાર પોતાના માથે લઈને ફરતા હોતા નથી. તેઓ તો જે તે एને જ માથે રાખીને ष्ना જ જીવતા સ્મરણમાં રહીને, एનું જ સ્મરણ કર્યાં કરીને, અને જે તે આત્મભાવે एને જ નિવેદન કર્યાં કરીને, કર્યા કરતા હોય છે. કશું પણ ‘હુંપણા’ની ભૂમિકાથી તેઓ કરતા હોતા નથી. તેવા આત્માનું બધું જ एને ચરણકમળે વસતું હોય છે અથવા ઠલવાતું હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ બધાંનો સ્વધર્મ તેમના તેમના जीव સ્વભાવના વિષયનો તે તે વેળા નથી રહી શકતો. તે બધાં કરણો તો एનામાં જ રમમાણ છે. અને ए જ એકમાત્ર તેમનો વિષય બનેલો હોય છે. તેવી કક્ષાએ શ્રીભગવાન તેવા जीवात्माનું યોગક્ષેમ વહન કર્યા કરે છે, એવો જીવતોજાગતો પરમ દિવ્ય કૉલ શ્રીભગવાને આપેલો છે. એટલે જોડાણ અને ક્ષેમ એટલે ‘શાંતિ’ અને ઉચ્ચતર અર્થમાં ‘કલ્યાણ’. એટલે જ્યાં જ્યાં

જોડાણ હોય અને તે જોડાણની ભૂમિકા તો પોતાનાં મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહમ્‌ને હૃદયમાં તો પોતાના પ્રાણથીયે વહાલા એવા પ્રભુમાં જ રહ્યા કરતી હોય છે, ત્યાં પણ અને તેમ છતાં બાહ્ય રીતે એનું જ્યાં જ્યાં જોડાણ હોય છે, તેવી સ્થિતિમાં ત્યાં ત્યાંનું પણ શ્રીભગવાન કલ્યાણને યોગ્ય તેનું વહન કર્યાં કરે છે. એટલે આપણે આપણી દૃષ્ટિ, સૃષ્ટિ અને તુષ્ટિ ઉપર જણાવેલી છે, તેવા પ્રકારની કરી દેવી ઘટે. એવું થતાં રહેતાં તે વેળાએ આપણું જે શ્રેય હોય કે થાય તેવી રીતે શ્રીભગવાન આપણું બધું વહાવ્યાં કરશે.

કોઈ પણ માનવી ભગવાન નથી. આપણે માનવી જીવાત્મા દ્વારા ભાવનાનું ઉદ્દીપન કરી શકીએ છીએ, એ પણ સાધનરૂપે છે. મેડા ઉપર ચઢવા કાજે જેમ સીડી કે દાદર હોય અને માળ ઉપર ચઢ્યા પછી જેમ સીડી કે દાદરના અસ્તિત્વની જરૂર ચઢનારને (પોતે જ્યારે માળ ઉપર ચઢી ગયેલો હોય છે ત્યારે) રહેતી નથી, તેમ છતાં એનું મહત્ત્વ તે ભૂલી શકતો નથી, તે વળી જુદી વાત છે. એટલા માટે જીવનની ભાવનાને પળેપળ જીવતીજાગતી રાખી, એનું પ્રચંડ મહત્ત્વ મનહૃદયમાં જગાડ્યા કરો. જે જે થયા કરે, જે જે કર્યાં કરીએ, માનસિકપણે જે જે થયા કરતું હોય, તે તે બધું જ્ઞાનભક્તિપૂર્વક સતત એકધારું સમર્પણ કર્યાં કરીએ અને આપણું જે જે કંઈ હોય, થયા કરે બન્યા કરે તે તે બધું એને આત્મનિવેદન કર્યાં કરીએ અને આવાં જીવનસાધનાનાં સાધન અને તેનો ભાવ આપણાં કરણોમાં જાગૃત થતાં આપણામાંનો ભગવાન આપણામાં છતો થવાનો છે, તે જાણશોજી.

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુ:ખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિ:સ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

હરિઃ ૐ

'નમ્યો તે પ્રભુને ગમ્યો' એવી એક કહેવત છે. મારા જેવા છેક અજાણ્યાને, કોઈ એક અજાણે ઠેકાણે પડેલાને તથા જેને કોઈ જાણતું નથી એવા ગરીબને, તમે બધાં સ્વજનો પ્રેમભાવે ન્યોછાવર કરી દો છો, એ મારે મન તો પ્રત્યક્ષ પ્રભુકૃપા જ છે. બાકી જો હું વિચારું તો મારી કને છે શું ?

જગતમાં આજે લોક જેની કને કંઈક હોય છે :- કંઈક પ્રતિષ્ઠા હોય, કંઈક નામના, કંઈક પ્રતિભા, કંઈક લક્ષ્મી, કંઈક સત્તા, કંઈક વૈભવ, કંઈક આંજી દે એવી તેજસ્વિતા અને એવી કંઈક સ્નિગ્ધ વાક્કુશળતા, સાક્ષરપણું- એવાને જગત જાણે અને ઓળખે પણ ખરું. આમાંનું મારી કને કશુંય નથી.

મારો વેપાર તો સ્વજનોની પ્રેમભાવના અને જીવનની કદરભાવના ઉપર જ નભી શકે. એના વિના હું તો સાવ દેવાળિયો છું. સાવ નરાતાર ભિખારી. પ્રભુનાં આપેલાં મારાં સ્વજનોએ પ્રેમની ખોટ પડવા દીધી નથી.

- શ્રીમોટા

*'જીવનપ્રેરણા', ત્રીજી આ., પૃ. ૧૪૨*

જીવનપ્રેરણા